આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૦મું
સપ્ટેમ્બર : ૨૦૧૬ ● અંક : ૩
પાના નં. ૧ ● (કુલ પેજ : ૧૦૮)

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૬ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૯-૨૦૧૬ કિંમત : રૂા. ૧૮/-

## ગુજરાતની અસ્મિતા : રાસ ગરબા વિશેષાંક





આસોના નવરાત્ર આવ્યા અલ્યા ગરબા,
આસોના નવરાત્ર આવ્યા રે લોલ.....!

તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब 'मस्त है!
MICHI'S
Candies & Toffees
Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314 / 315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦
- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂ. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૯૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.
વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

**Customer Care:** 09376327182, 09375021100
**Email:** info@silicon-group.com; coordinator@silicon-group.com
**Web.:** www.silicon-group.com

Sanjay Thakker
(M) 9879109726
Bharat Thakker
(M) 98252 31572
Shree Hari Carriers
Lignite Clearing Agent Other Concerns
Shree Narayan Enterprise
Lignite Clearing Agent
Shree Ghanshyam Fuels
Fleet Owner, Transport Contractor, Lignite Clearing Agent, Coal, Coke and Fire Wood Supplier
301, Saswat App., HDFC House, B/h. Landmark Complex, Nr. Mithakhali Six Road, Ahmedabad-6.
Ph. : 91-79-3007 3355, 2644 0734 • Fax : +91-79-3007 3366
Email : sanjaythakker@yamail.com

Aashish Dinesh Mehta
Vikas Infrastructure
Land Developers & Investors
804, Aakridi Heights, Opp. Aangan Party Plot, Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.
(M) : 93741 31715, 94288 26997
Email : vikas_infra@rediffmail.com

Bra | Panty
Nighty & Nightsuit for
LADIES, GENTS & KIDS
In Vogue
C G ROAD : Chandan Complex, Nr. Mirch Masala. Ph : 26431209
MANINAGAR : 2, Sumati Avenue, Jawahar Chowk. Ph : 25460943
SATELLITE : 8, Aarsh Complex, Prernathirth Derasar Road. Ph : 26927754

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...
મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી દાબેલી સેન્ટર
આપકા સ્વાદ... હર પલ યાદ...
Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower, Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City, B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.
RAMDEV GROUP
Mfg. of
Cement Concrete Blocks & Pavers
Builders and Developers
Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ



## ભાવભર્યું નિમંત્રણ

## નવરાત્રિ રાસ ગરબા ઉત્સવ - ૨૦૧૬

*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી નવરાત્રિ પ્રસંગે એક દિવસનો રાસ-ગરબાનો કાર્યક્રમ નીચે મુજબના સ્થળે અને સમયે યોજવામાં આવેલ છે. આપ સહુને ઉત્સાહભેર આ કાર્યક્રમમાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.*

- ★ દિવસ : રવિવાર, તા. ૨-૧૦-૨૦૧૬
- ★ સમય : આગમન : સાંજના ૭.૧૫થી ૮.૦૦
- ★ આરતી : રાત્રે ૮.૦૦ કલાકે
- ★ પ્રસાદ : રાત્રે ૮.૧૫ કલાકે
- ★ ગરબાની શરૂઆત : રાત્રે ૮.૩૦ કલાકેથી
- ★ સ્થળ : સાનિધ્ય પાર્ટી પ્લોટ, ફાલ્ગુન સોસાયટી પાસે, રિધ્ધિ ટાવરની પાછળ, જોધપુર ગામ રોડ, સેટેલાઇટ, અમદાવાદ.

### *રાસ ગરબાના કાર્યક્રમમાં ઇનામ વિતરણ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે*

**(એ) બેસ્ટ ડ્રેસ માટે :**

૧. ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૨. ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૩. ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૪. ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર

**(બી) બેસ્ટ પરફોર્મન્સ માટે :**

૧. ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૨. ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૩. ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર
૪. ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર

**(સી) ઓવરઓલ પરફોર્મન્સ :**

૧. પુરુષ વ્યક્તિ : પ્રથમ ક્રમાંકે
૨. મહિલા વ્યક્તિ : પ્રથમ ક્રમાંકે
૩. બેસ્ટ કપલ : પ્રથમ ક્રમાંકે

*વિવિધ વિજેતાઓને યોગ્ય ઇનામો દ્વારા સન્માનિત કરવામાં આવશે.*

*એન્ટ્રી પાસની કિંમત રૂા. ૫૦/- વ્યક્તિ દીઠ રાખવામાં આવેલ છે.*

*પાના નં.-૪૬ ઉપર આપવામાં આવેલ લિસ્ટ મુજબના સરનામાએથી એન્ટ્રી પાસ મળી શકશે. સહુએ પોતાના પાસ પોતાની નજદીકના સ્થળેથી મેળવી લેવા વિનંતી કરવામાં આવે છે.*


INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.comfortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014
OTHER PRODUCTS
Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)


Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in


M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13


Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com


Girlie™
Ladies Bag | Ladies Foot Wear
Unit-1, Ground Floor, Urja House,Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com


Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com


પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫
|| જય જલારામ ||
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.


પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મધીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.



# ગુજરાતની અભિન્ન અસ્મિતા



## નવરાત્રિ રાસ-ગરબા

ગુજરાતના જનજીવનમાં ગરબા-રાસથી કોણ અજાણ હશે? ગરબા-રાસ તો ગુજરાતીના સામાજિક જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલા છે, ઓતપ્રોત થયેલા છે.

ગરબા-રાસના માધ્યમથી ગુજરાત - ગુજરાતીઓની એક આગવી ઓળખ સર્વત્ર પ્રસ્થાપિત થઈ છે અને વિદેશમાં પણ તે પ્રથાને અપનાવવામાં આવેલ છે. સિનેમા, ટી.વી. સીરિયલ અથવા ગુજરાતી - હિંદી નાટકોમાં પણ તેની અસર જોવા મળે છે.

ગુજરાતનો ગરબો આજે સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. સ્થૂળ સ્વરૂપે ગરબો એટલે નાના-મોટાં છિદ્રોવાળો માટીનો ઘડો. જેમાં કોડિયામાં દીવો રાખવામાં આવે છે. કન્યાઓ - બહેનો એની આસપાસ ગોળ ફરતા-ફરતા તાળીઓના તાલે ગરબા ગાય અને સમૂહમાં ગરબા - નૃત્ય કરતા હોય. પુરુષવર્ગ પણ તેમાં સામેલ થાય છે. બીજી તરફ, યુવાવર્ગ તેનાં પોતાના સર્કલમાં રમતા જોવા મળે છે. મુખ્યત્વે નવરાત્રિમાં તેમજ હવે માંગલિક અન્ય પ્રસંગોમાં પણ ગરબા - નૃત્યનું અનોખું સ્થાન જોવા મળે છે.

રાસ એ ગરબાનો એક વિશિષ્ટ પ્રકાર છે. ગરબો લાંબો અને વર્ણનાત્મક જ્યારે ગરબી ટૂંકી અને ભાવાત્મક હોય છે. પરંતુ અત્યારના સમયમાં 'ગરબો - ગરબી' ભેદરેખા વિના સામાન્ય રીતે 'ગરબો' જ કહેવાય છે. તે ઉપરાંત, પ્રાચીન ગરબા કોને કહેવા અને અર્વાચીન ગરબા કોને કહેવા તે પ્રશ્ન વિવાદાસ્પદ રહ્યો છે. રાસમાં, બનેલા બનાવને વર્ણવવામાં આવે છે. શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રાસ-લીલા કરી હતી. પરિણામે ગરબા-રાસનું ધાર્મિક મહત્ત્વ પણ જરાય ઓછું નથી. આ રીતે ચોક્કસ કહી શકાય કે, ગરબા-રાસ ગુજરાતની અભિન્ન અસ્મિતા છે.

નવરાત્રિનો ઉત્સવ આખા રાષ્ટ્રમાં ધામધૂમથી ઉજવાય છે. તેમાંયે ગુજરાતમાં આ ઉત્સવ વિશેષ ભાત પાડે છે. અગાઉ નવરાત્રિમાં માથે 'ગરબો' રાખીને ઘેર-ઘેર ગરબા ગવાતા હતા. હવે ગલીએ-ગલીએ સ્ત્રીઓ ગરબા ગાય છે જ્યારે પુરુષવર્ગ ગરબીઓ ગાય છે. નાના-મોટાં, સ્ત્રી-પુરુષ અને યુવાવર્ગ સૌ ભેદભાવ, દુઃખ-ચિંતા ભૂલી જઈને માતાજીના ગરબા ગાવામાં લીન બની જાય છે. ગુજરાત અને ગુજરાતીઓની આ એક આગવી સંસ્કૃતિ છે. કવિશ્રી ખબરદારનાં શબ્દોમાં કહીએ તો 'જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત.'

ગુજરાત સરકાર પણ ગરબાને મહત્ત્વ આપતો કાર્યક્રમ 'વાઈબ્રન્ટ નવરાત્રિ મહોત્સવ' છેલ્લા કેટલાક વર્ષોથી ઉજવે છે અને ખૂબ જ મોટી સંખ્યામાં લોકો તેમાં સામેલ થાય છે. ગુજરાતની આ એક આગવી ઓળખ છે.

રાસ-ગરબાના સ્વરૂપથી આકર્ષાઈને અનેક કવિઓએ ભૂતકાળમાં ગરબા-રાસ લખ્યા છે અને અત્યારે પણ અનોખા સ્વરૂપે લખતા હોય છે. **આ પ્રકારના રાસ-ગરબા - ગરબીઓથી 'કચ્છશ્રુતિ'નો વાચકવર્ગ વંચિત ન રહે અને તેનાંથી પવિત્ર આનંદ મેળવે એવા હેતુસર એક નાનકડો સંગ્રહ અમે 'કચ્છશ્રુતિ'ના વાચકવર્ગ સમક્ષ રજૂ કરીએ છીએ.**

આશા છે કે અમારો આ પ્રયાસ જનસમુદાય તેમજ વાચકવર્ગને ઘણો ઉપયોગી થશે અને તેને આનંદપૂર્વક માણશે.

*– તંત્રી મંડળ*

# રાસ - ગરબા : અનુક્રમણિકા


| રાસ - ગરબા | પાના નં. |
|---|---|
| પંચમદેવ પ્રણામ | ૭ |
| માતાજીની સ્તુતિ | ૭ |
| અંબાજી માતાની આરતી | ૮ |
| મા પાવા તે ગઢથી ઊતર્યા | ૯ |
| કાનુડા તારા મનમાં નથી | ૯ |
| મા અંબા તે રમવા નીસર્યા | ૯ |
| દેવી અન્નપૂર્ણા | ૧૦ |
| સોનલ ગરબો શિર | ૧૦ |
| કેસરિયો રંગ તને લાગ્યો | ૧૦ |
| ગરબાનો રંગ મને લાગ્યો | ૧૧ |
| ભાદરવી પૂનમનો મેળો | ૧૧ |
| રમતો રમતો જાય... | ૧૨ |
| માનો ગરબો ઘૂમતો જાય | ૧૨ |
| રંગે રમે રે... | ૧૨ |
| નવદુર્ગા રંગે રમે | ૧૩ |
| મીઠા મધુ ને મીઠા મેહુલા | ૧૩ |
| મીઠી સાકર ને મીઠું મધ | ૧૪ |
| મારું વનરાવન છે રૂડું | ૧૪ |
| ગરબે ઘૂમે | ૧૪ |
| આસમાની રંગની ચૂંદડી રે | ૧૪ |
| થોડાં થોડાં થાઓ વરણાગી | ૧૫ |
| હે... મારે સાસરિયે જઈ | ૧૫ |
| સગી નણંદના વીરા | ૧૫ |
| પારેવડા! જાજે વીરાના દેશમાં | ૧૬ |
| મારી મેં’દીનો રંગ ઊડી જાય રે... | ૧૬ |
| તાલીઓના તાલે ગોરી | ૧૬ |
| દાદાને સંદેશો | ૧૭ |
| પંખીડા તું ઊડી જાજે | ૧૭ |
| કાનો રમે છે મારી કેડમાં | ૧૭ |
| હો મારવાડા | ૧૮ |
| રૂડી ને રંગીલી રે | ૧૮ |
| સાથિયા પુરાવો દ્વારે | ૧૮ |
| કેર કાંટો વાગ્યો | ૧૯ |
| છાનું રે છપનું કંઈ થાય નહીં | ૧૯ |
| વાદલડી વરસી રે | ૧૯ |
| મોરલી ક્યાં રે વગાડી | ૨૦ |
| અમે મહિયારાં રે | ૨૦ |
| ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર | ૨૦ |
| નાગર નંદજીના લાલ | ૨૧ |
| કાન ક્યાં રમી આવ્યા? | ૨૧ |
| હે તને જાતા જોઈ પનઘટની ઘાટે | ૨૧ |
| ચાચરના ચોકમાં બાંધ્યો ચંદરવો | ૨૨ |
| જી રે જી રે ચૂંદડીએ | ૨૨ |
| ગરબો ગોખ ગબ્બરથી | ૨૩ |
| માનો ગરબો રે રમે રાજને દરબાર | ૨૩ |
| ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના | ૨૪ |
| ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય | ૨૪ |
| સોના વાટકડી રે કેસર ઘોળ્યાં | ૨૪ |
| એક વણઝારી ઝુલણ ઝુલતી’તી | ૨૫ |
| અચકો મચકો કારેલી | ૨૫ |
| દૂધે ભરી તલાવડી | ૨૫ |
| સોના ઈંઢોણી રૂપા બેડલું | ૨૬ |
| માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો | ૨૬ |
| સવા વાલ સોનું | ૨૬ |
| તું કાળી ને કલ્યાણી રે... | ૨૭ |
| રાંદલમાની ચૂંદડી રે | ૨૭ |
| ખેલ ખેલ રે ભવાની મા | ૨૭ |
| અંબેમા અલબેલી | ૨૮ |
| સુંદરિવર શામળિયા | ૨૮ |
| વૃંદાવન મોરલી વાગે છે | ૨૮ |
| રંગતાળી રંગતાળી | ૨૯ |
| કચ્છમાં અંજાર રૂડાં શહેર | ૨૯ |
| વીંછુડો | ૩૦ |
| કાનુડે ન જાણી મારી પીડ | ૩૦ |
| ઘંમ રે ઘંટી ઘમઘમ થાય... | ૩૦ |
| આશા ભર્યાને અમે આવિયા | ૩૧ |
| માડી તારા મંદિરિયામાં ઘંટારવ ગાજે | ૩૧ |
| પેથલપુરમાં પાવો વાગ્યો | ૩૧ |
| રંગલો જામ્યો | ૩૧ |
| હો રંગરસિયા | ૩૨ |
| મારે વહાલે રમાડ્યા રાસ રે | ૩૨ |
| કંઠે રૂપનું હાલરડું (માનેતીની આંખ) | ૩૨ |
| છેલાજી રે | ૩૩ |
| એ ક લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ | ૩૩ |
| તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે | ૩૩ |
| મારે ટોડલે બેઠો મોર | ૩૪ |
| વાત બહાર જાય નહીં | ૩૪ |
| ઝુલણ મોરલી વાગી રે | ૩૪ |
| ટહુકા કરતો જાય | ૩૫ |
| ઊંચી તલાવડીની કોર | ૩૫ |
| પંખીડાં રે ઊડી જાજો | ૩૫ |
| રજવાડી પાઘડી | ૩૬ |
| મણિયારો તે હલુ હલુ | ૩૬ |
| કસુંબીનો રંગ | ૩૭ |
| જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે | ૩૭ |
| ભોળી ભવાની મા | ૩૮ |
| આજ વગડાવો વગડાવો | ૩૮ |
| ચોખલીયાળી ચુંદડી મા | ૩૮ |
| રંગ લાગ્યો ચૂંદડીએ | ૩૮ |
| શ્રી અંબામાનો હેલો | ૩૯ |
| દૂધે ભરી તલાવડી | ૩૯ |
| ઢોલીડા ઢોલ ધીમો વગાડો કે | ૪૦ |
| છોડી કે‘દાડાનું પયણું પયણું કરતી’તી | ૪૦ |
| શ્રી જય જગદીશ્વરની આરતી | ૪૦ |

## પંચમદેવ પ્રણામ

પહેલાં સમરૂં ગણપતિ દેવા, વિઘન દેજો કાપી...
બીજે સમરૂં શારદ માતા, વાણી નિર્મળ આપી...
ત્રીજે સમરૂં ગુરૂ ચરણને, પાવન કીધાં પાપી...
ચોથે સમરૂં માત-પિતાને, સદ્‌બુદ્ધિ બહુ આપી...
પુનિત પંચમ પરમેશ્વરને, માનવ પદવી આપી...
છઠ્ઠે શક્તિ મંડળમાં ભળતાં, અંબા અભયપદને આપી...

## માતાજીની સ્તુતિ

વિશ્વંભરી અખિલ વિશ્વતણી જનેતા,
વિદ્યા ધરી વદનમાં વસજો વિધાતા;
દુર્બુદ્ધિને દૂર કરી સદ્‌બુદ્ધિ આપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
ભૂલો પડી ભવરણે ભટકું ભવાની,
સૂઝે નહિ લગીર કોઈ દિશા જવાની;
ભાસે ભયંકર વળી મનના ઉતાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
આ રંકને ઊગરવા નથી કોઈ આરો,
જન્માંધ છું જનની હું ગ્રહી બાળ તારો;
ના શું સુણો ભગવતી શિશુના વિલાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
મા કર્મ જન્મ કથની કરતાં વિચારું,
આ સૃષ્ટિમાં તુજ વિના નથી કોઈ મારું;
કોને કહું કઠણ યોગ તણો બળાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
હું કામ ક્રોધ મદ મોહ થકી છકેલો,
આડંબરે અતિ ઘણો મદથી બકેલો;
દોષો થકી દૂષિત ના કરી માફ પાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
ના શાસ્ત્રના શ્રવણનું પયપાન કીધું,
હા! મંત્ર કે સ્તુતિ કથા નથી કાંઈ કીધું;
શ્રદ્ધા ધરી નથી કર્યા તવ નામ જાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
રે રે ભવાની બહુ ભૂલ થઈ જ મારી,
આ જિંદગી થઈ મને અતિશે અકારી;
દોષો પ્રજાળી સઘળા તવ છાપ છાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
ખાલી ના કાંઈ સ્થળ છે વીણ આપ ધારો,
બ્રહ્માંડમાં અણુ અણુ મહીં વાસ તારો;
શક્તિ ન માપ ગણવા અગણિત માપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
પાપે પ્રપંચ કરવા બધી વાતે પૂરો,
ખોટો ખરો ભગવતી પણ હું તમારો;
જાડ્યાંધકાર દૂર કરી સદ્‌બુદ્ધિ આપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
શીખે સુણે રસિક છંદ જ એક ચિત્તે,
તેના થકી ત્રિવિધ તાપ ટળે ખચિત્તે;
વાધે વિશેષ વળી અંબા તણા પ્રતાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
શ્રી સદ્‌ગુરુના શરણમાં રહીને ભજું છું,
રાત્રિ દિને ભગવતી તુજને ભજું છું,
સદ્‌ભક્ત સેવક તણા પરિતાપ ચાંપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.
અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની,
ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃગાની;
સંસારના સકળ રોગ સમૂળ કાપો,
મામ્પાહી ઓમ્ ભગવતી ભવદુ:ખ કાપો.

## આરતી

જય આદ્યા શક્તિ મા જય આદ્યા શક્તિ
અખંડ બ્રહ્માંડ ઉપજાવ્યાં (૨) પડવે પંડે મા,
ૐ જયો જયો મા જગદંબે...

દ્વિતિયા બે સ્વરૂપ, શિવશક્તિ જાણું, મા શિવ (૨)
બ્રહ્મા ગણપતિ ગાઉં (૨) હર ગાવે હરિ મા.
ૐ જયો જયો મા જગદંબે...

તૃતીયા ત્રણ સ્વરૂપ ત્રિભુવનમાં બેઠાં, મા ત્રિભુવનમાં (૨)
ત્રયા થકી તરવેણી (૨) તું તરવેણી મા...
ૐ જયો જયો મા જગદંબે...

ચોથે ચતુરા મહાલક્ષ્મી મા સચરાચર વ્યાપ્યાં, મા (૨)
ચાર ભુજા ચૌદિશા (૨) પ્રગટ્યા દક્ષિણમાં...
ૐ જયો જયો મા જગદંબે...

પંચમી પંચ ઋષિ, પંચમે ગુણ પદ્મા, મા પંચમે (૨)
પંચસહસ્ત્ર ત્યાં સોહીએ (૨) પંચે તત્ત્વો મા
ૐ જયો જયો મા જગદંબે...

ષષ્ઠી તું નારાયણી મહિષાસુર માર્યો, મા મહિષાસુર (૨)
નરનારીના રૂપે (૨) વ્યાપ્યાં સઘળે મા
ૐ જયો જયો મા જગદંબે...

સપ્તમી સપ્ત પાતાળ સાવિત્રી સંધ્યા, મા સાવિત્રી (૨)
ગૌ ગંગા ગાયત્રી (૨) ગૌરી-ગિરિજા મા.
ૐ જયો જયો મા જગદંબે...

અષ્ટમી અષ્ટ ભૂજા આઈ આનંદા, મા આઈ આનંદા (૨)
સુરનર મુનિવર જન્મ્યા (૨) દેવ દૈત્યો મા
ૐ જયો જયો મા જગદંબે...

નવમી નવકુળ નાગ, સેવે નવ દુર્ગા, મા સેવે (૨)
નવરાત્રીના પૂજન (૨), શિવરાત્રીનાં અર્ચન, કીધાં હરબ્રહ્મા
ૐ જયો જયો મા જગદંબે...

દશમી દશ અવતાર, જય વિજ્યાદશમી, મા જય (૨)
રામે રામ રમાડ્યા (૨) રાવણ રોળ્યો મા.
ૐ જયો જયો મા જગદંબે...

એકાદશી અગિયારસ, કાત્યાયની કામા, મા કાત્યાયની (૨)
કામદુર્ગા કાળિકા (૨) શ્યામા ને રામા
ૐ જયો જયો મા જગદંબે...

બારસે બાળારૂપ, બહુચરી અંબા મા, મા બહુચરી (૨)
બટુક (બાળ) ભૈરવ સોહે, બાળભૈરવ સોહે, તારા છે તુજ મા.
ૐ જયો જયો મા જગદંબે...

તેરસે તુળજારૂપ, તું તારૂણી માતા, મા તું (૨)
બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા.
ૐ જયો જયો મા જગદંબે...

ચૌદશ ચૌદ સ્વરૂપ ચંડી ચામુંડા, મા ચંડી (૨)
ભક્તિભાવ કંઈ આપો, ચતુરાઇ કાંઈ આપો, સિંહવાહિની માતા
ૐ જયો જયો મા જગદંબે...

પૂનમે પૂર્ણ કરી સાંભળજો કરુણા, માં સાંભળજો (૨)
વશિષ્ઠદેવે વખાણ્યા, માર્કંડદેવે વખાણ્યા, ગાઈ શુભ કવિતા (૨)
ૐ જયો જયો મા જગદંબે...

સંવત સોળ સત્તાવન, સોળસે બાવીસમા, મા (૨)
સંવત સોળે પ્રગટ્યાં (૨) રેવાને તીરે, ગંગાને તીરે.
ૐ જયો જયો મા જગદંબે...

ત્રંબાવટી નગરી, આઈ રૂપાવતી નગરી, મા રૂપાવતી નગરી (૨)
સોળ સહસ્ર ત્યાં સોહીએ (૨) ક્ષમા કરો ગૌરી
ૐ જયો જયો મા જગદંબે...

શિવ શક્તિની આરતી, જે કોઈ ગાશે, મા જે કોઈ (૨)
ભણે શિવાનંદ સ્વામી (૨) સુખ સંપત્તિ થાશે,
હર કૈલાસે જાશે, મા અંબા દુઃખ હરશે,
ૐ જયો જયો મા જગદંબે...

## મા પાવા તે ગઢથી ઊતર્યા

(રાગ : ભીમ પલાસ, તાલ : ખેમટો)

મા પાવા તે ગઢથી ઊતર્યાં, મા કાળી રે,
માએ વસાવ્યું ચાંપાનેર, પાવાગઢવાળી રે.
મા ચાંપા તે નેરના ચાર ચૌટા મા કાળી રે,
સોનીએ માંડ્યાં હાટ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

મા સોનીડો લાવે રૂડાં ઝૂમણાં, મા કાળી રે
મારી અંબા માને કાજ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

મા માળી તે આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે ગજરાની જોડ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

મા કુંભારી આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે ગરબાની જોડ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

મા સુથારી આવે મલપતો, મા કાળી રે,
એ તો લાવે છે બાજઠની જોડ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

મા ગાય શીખે ને સાંભળે, મા કાળી રે,
તેની અંબા મા પૂરજો આશ, પાવાગઢવાળી રે. મા પાવા તે ગઢથી...

## કાનુડા તારા મનમાં નથી

હું તો કાગળિયાં લખી લખી થાકી, કાનુડા તારા મનમાં નથી.
આવા ચોમાસાના ચાર ચાર મહિના આવ્યા,
મારી ચૂંદડી ભીંજાઈ જાય રે, કાનુડા તારા મનમાં નથી.

આવા શિયાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારાં કાળજડાં ઠરી ઠરી જાય રે, કાનુડા તારા મનમાં નથી.

આવા ઉનાળાના ચાર ચાર મહિના આવ્યા,
મારી પાનીયું બળી બળી જાય રે, કાનુડા તારા મનમાં નથી.
હું તો કાગળિયાં લખી લખી થાકી, કાનુડા તારા મનમાં નથી

## મા અંબા તે રમવા નીસર્યા

(ગરબાનો બીજો પ્રકાર નીચે રજૂ કર્યો છે.)

મા અંબા તે રમવા નીસર્યાં હો દેવી અન્નપૂર્ણા
માએ શો લીધો શણગાર હો દેવી અન્નપૂર્ણા... મા

મા પાવાની પટરાણી હો દેવી અન્નપૂર્ણા
માને દાતે લેવરાવ્યું દાન હો દેવી અન્નપૂર્ણા... મા

માને લલાટે ટીલડી શોભતી હો દેવી અન્નપૂર્ણા
માને દામણી રત્ન જડાવ હો દેવી અન્નપૂર્ણા... મા

માને કાને કરણફૂલ શોભતી હો દેવી અન્નપૂર્ણા
માને કુંડળનો ઝણકાર હો દેવી અન્નપૂર્ણા... મા

માને હાથે બાજુબંધ બેરખા હો દેવી અન્નપૂર્ણા
માને દશે આંગળીએ વેઢ હો દેવી અન્નપૂર્ણા... મા

માને નાકે તે નથણી શોભતી હો દેવી અન્નપૂર્ણા
માને હીરાનો ઝળકાટ હો દેવી અન્નપૂર્ણા... મા

માને કોટે તે પાટિયાં હેમનાં હો દેવી અન્નપૂર્ણા
માને કંઠે એકાવન હાર હો દેવી અન્નપૂર્ણા... મા

માને કાંબીએ કડલાં શોભતાં હો દેવી અન્નપૂર્ણા
માને ઝાંઝરનો ઝમકાર હો દેવી અન્નપૂર્ણા... મા

માને લીલા તે ગજનું કાપડું હો દેવી અન્નપૂર્ણા
માને સાળુડે કસબી કોર હો દેવી અન્નપૂર્ણા... મા

માને ફૂલફગરનો ચણિયો હો દેવી અન્નપૂર્ણા
માને ઓઢલ કસુંબલ ઘાટ હો દેવી અન્નપૂર્ણા... મા

માએ સોનાનો ગરબો લીધો હો દેવી અન્નપૂર્ણા
માએ ઓઢણાં વાળ્યાં શેષનાગ હો દેવી અન્નપૂર્ણા... મા

માએ રત્નનો દીવડો લીધો હો દેવી અન્નપૂર્ણા
મા સિંહ થયાં અસવાર હો દેવી અન્નપૂર્ણા... મા

મા રૂમઝુમ કરતા નીસર્યાં હો દેવી અન્નપૂર્ણા
મા ગાય શીખે ને સાંભળે હો દેવી અન્નપૂર્ણા... મા

તેની અંબામા પૂરે આશ હો દેવી અન્નપૂર્ણા
મા અંબા તે રમવા નીસર્યાં હો દેવી અન્નપૂર્ણા... મા

## દેવી અન્નપૂર્ણા

*– વલ્લભ ભટ્ટ*

મા અંબા તે રમવા નીસર્યાં, હો દેવી અન્નપૂર્ણા,
માએ શો લીધો શણગાર રે... દેવી... ૧

માને શિરે તે દામણી શોભતી, દેવી અન્નપૂર્ણા,
માને ટીલડી રતન જડાવ રે... દેવી... ૨

માને કાને કનકફૂલ શોભતાં, દેવી અન્નપૂર્ણા,
માને નથડી રતન જડાવ રે... દેવી... ૩

માને બાંયે બાજુબંધ બેરખાં, દેવી અન્નપૂર્ણા,
માને દશે આંગળીએ વેઢ... દેવી... ૪

માને ફૂલ ફગરનો ઘાઘરો, દેવી અન્નપૂર્ણા,
માની ઓઢણી કસુંબલ ઘાટ રે... દેવી... ૫

માને પાયે તે કડલાં શોભતાં દેવી અન્નપૂર્ણા,
માને કાંબીઓનો રણકાર રે... દેવી... ૬

ભટ્ટ વલ્લભ ગાયે ગુણ રે, દેવી અન્નપૂર્ણા,
મા જનમોજનમનો દાસ રે દેવી અન્નપૂર્ણા. ૭

## સોનલ ગરબો શિરે

સોનલ ગરબો શિરે અંબેમા ચાલો ધીરે ધીરે... (૨)
હે... ચાલો ધીરે ધીરે, ચાલો ધીરે ધીરે... (૨)

સખીઓ સંગાથે માડી કેવા રે શોભતા... હે.. મા.. હે.. મા...
ફરરર ફુદડી ફરે અંબેમા... ચાલો ધીરે ધીરે...

લટકે ને મટકે માડી કેવા રમે છે... હે.. મા.. હે.. મા...
ચાચરના ચોકમાં રે... અંબેમા... ચાલો ધીરે ધીરે...

ભાલે તે તિલક કેવા શોભે છે, હે.. મા.. હે.. મા...
ચાંદલિયાના તેજે રે અંબેમા... ચાલ્યો ધીરે... ધીરે...

પાયે તે નુપૂર કેવાં શોભે છે, હે.. મા.. હે.. મા...
ઝાંઝરના ઝણકારે અંબેમા... ચાલો ધીરે ધીરે... સોનલ...

## કેસરિયો રંગ તને લાગ્યો

લોકગીત

કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ... ટેક.
આસોનાં નવરાત્ર આવ્યા અલ્યા ગરબા,
આસોનાં નવરાત્ર આવ્યા રે લોલ.
ઝીણાં ઝીણાં જાળિયાં મુકાવ્યા રે ગરબા,
ઝીણાં ઝીણાં જાળિયા મુકાવ્યાં રે લોલ.
કંકુના સાથિયા પુરાવ્યા રે ગરબા,
કંકુના સાથિયા પુરાવ્યા રે લોલ.
કોના કોના માથે ફર્યો રે ગરબો,
કોના કોના માથે ફર્યો રે લોલ.
નાની નાની બેનડીના માથે રે ગરબો,
નાની નાની બેનડીના માથે રે લોલ. કેસરિયો...
કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.
ઘૂમતો ઘૂમતો આવ્યો રે ગરબો,
ઘૂમતો ઘૂમતો આવ્યો રે લોલ.
હરતો ને ફરતો આવ્યો રે આરાસુર,
હરતો ને ફરતો આવ્યો રે લોલ.
મા અંબાએ તને વધાવ્યો રે ગરબા,
અંબાએ તને વધાવ્યો રે લોલ... કેસરિયો...
હરતો ને ફરતો આવ્યો પાવાગઢ (૨)
મા કાલીએ તને વધાવ્યો રે ગરબા (૨)... કેસરિયો...
હરતો ને ફરતો આવ્યો માટેલ ગામ (૨)
મા ખોડિયારે તને વધાવ્યો રે ગરબા (૨)... કેસરિયો...
હરતો ફરતો આવ્યો શંખલપુર (૨)
મા બહુચરે તને વધાવ્યો રે ગરબા (૨)... કેસરિયો...
હરતો ને ફરતો આવ્યો અમદાવાદ★ (૨)
યુથ ફોરમે★ તને વધાવ્યો રે ગરબા (૨)... કેસરિયો...
કેસરિયો રંગ તને લાગ્યો રે ગરબા,
કેસરિયો રંગ તને લાગ્યો રે લોલ.

(★ બીજા ગામનું નામ ને મંડળનું નામ પણ મૂકી શકાય.)

## ગરબાનો રંગ મને લાગ્યો

ગરબાનો રંગ મને લાગ્યો હો બહુચરી
ગરબાનો રંગ મને લાગ્યો રે લોલ
પ્રીતીનો પાવો વાગ્યો હો બહુચરી
પ્રીતીનો પાવો વાગ્યો રે લોલ
સુર સાગરમાં લહેરાતો રે બહુચરી
સુર સાગરમાં લહેરાતો રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
ધીમો ધીમો વાયરો વાતો રે બહુચરી
ધીમો ધીમો વાયરો વાતો રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
હૈયે હરખ ના માતો રે બહુચરી
હૈયે હરખ ના માતો રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
ચાંદલીયો આભના ગોખે રે બહુચરી
ચાંદલીયો આભના ગોખે રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
કંકુ વેરાણા ચોકમાં હો બહુચરી
કંકુ વેરાણા ચોકમાં રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
ધમકારે ડુંગરા ડોલ્યા હો બહુચરી
ધમકારે ડુંગરા ડોલ્યા રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
બાલુડા રંગમાં રોળાયા હો બહુચરી
બાલુડા રંગમાં રોળાયા રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
ઘુમે ત્રિભુવનની રાણી હો બહુચરી
ઘુમે ત્રિભુવનની રાણી રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦
કાલી ઘેલી બિંદુની વાણી હો બહુચરી
કાલી ઘેલી બિંદુની વાણી રે લોલ
ગરબાનો રંગ મને લાગ્યો૦

## ભાદરવી પૂનમનો મેળો

(રાગ : કેસરિયો રંગ તને લાગ્યો)

ભાદરવી પૂનમનો મેળો અંબાજીમાં
ભાદરવી પૂનમનો મેળો રે લોલ.

હે... મનખાં થાતાં ભેળાં અંબાજીમાં,
મનખાં થાતાં ભેળાં રે લોલ.

હે... હાલી હાલીને લોક આવે મેળામાં,
હાલી હાલીને લોક આવે રે લોલ.

હે... રાતી ધજાયું લાવે ભક્તો,
રાતી ધજાયું લાવે રે લોલ.

હે... મંદિર પર ધજાયું લહેરાયે અંબેમાના,
મંદિર પર ધજાયું લહેરાવે રે લોલ.

હે... ચૂંદડી ને નાળિયેર ચડાવે માતાજીને,
ચૂંદડી ને નાળિયેર ચડાવે રે લોલ.

હે... ગરબાની રમઝટ જામે અંબાજીમાં,
ગરબાની રમઝટ જામે રે લોલ.

હે... ભક્તો આનંદ પામે અંબાજીમાં,
ભક્તો આનંદ પામે રે લોલ.

હે... અંબેમા દર્શન આપે ભક્તોને,
અંબેમા દર્શન આપે રે લોલ.



## રમતો રમતો જાય...

રમતો રમતો જાય
આજ માનો ગરબો રમતો જાય,
ફરરરર ફૂદડી ફરતો જાય,
આજ માનો ગરબો રમતો જાય.
રમતો રમતો જાય.

એ રે ગરબામાં ટાંક્યા નવલખ તારલા,
રૂપેરી સોહે રૂડી ભાત,
આજ માનો ગરબો રમતો જાય.

એ રે ગરબામાં બેઉ બેનડીઓ ઘૂમતી,
કાળિકા તુળજાની સાથ,
આજ માનો ગરબો રમતો જાય.

સોનાનો ગરબો ને રૂપલા ઈંઢોણી,
શિર પર માના સોહાય,
આજ માનો ગરબો રમતો જાય.

એ રે ગરબામાં ઘૂમે દેવી ને દેવતા,
ટોળે મળ્યાં નર ને નાર,
આજ માનો ગરબો રમતો જાય.

## માનો ગરબો ઘૂમતો જાય

ઘૂમતો ઘૂમતો જાય, આજ માનો ગરબો ઘૂમતો જાય
પવન ઝપાટા ખાય તો ય માનો ગરબો ઘૂમતો જાય... ટેક

પહેલે તે ગરબે અંબે મા નીસર્યાં,
લળી લળી ગરબા ગાય... આજ માનો૦

બીજે તે ગરબે અંબે મા નીસર્યાં,
સાથે સખીઓનો સંગાથ... આજ માનો૦

ત્રીજે તે ગરબે સામુદ્રિમાં નીસર્યાં,
ત્રીજે તે ગરબે આશાપુરી નીસર્યાં,
દેવા શક્તિ★ મંડળને સાથ... આજ માનો૦

સ્વર્ગ તણા દેવો સહુ ગરબાને જોતા,
પુષ્પોની વૃષ્ટિ થાય... આજ માનો૦

ગરબાને જોતા બાલુડાં આજે,
ગાંડાં ઘેલાં થઈ જાય... આજ માનો૦

ગરબાને જોતાં શક્તિ★ મંડળ આજે,
ગાંડું ઘેલું થઈ જાય... આજ માનો૦

ગરબાને દીવડે સૂરજ ને ચંદા,
અંબા મા ફરી ફરી ગાય... આજ માનો૦

સામુદ્રિ માતા દ્વારે પધાર્યાં,
આશાપુરી માતા દ્વારે પધાર્યાં - અભાગી ગુણલા ગાય.
શક્તિ★ મંડળ ગરબા ગાય... આજ માનો૦

*(★ કોઈપણ મંડળનું નામ લઈ શકાય)*

## રંગે રમે રે...

રંગે રમે રે, આનંદે રમે
આજ નવદુર્ગા રંગે રમે – ટેક

આદિતે આવ્યા અલબેલી;
મંડપમાં મતવાલી ભમે... આ

સોમે તે શણગાર શોભે શક્તિને
રાગ મલાર માયે ગાયો સમે... આ

મંગળવારે માજી ઉમંગમાં;
ગરબે રમે તે માત સૌને ગમે... આ

બુધવારે મા! બેઠાં બિરાજે;
શ્રીફળ ચુંદડી માતને ગમે... આ

ગુરૂવારે મા! ગોખમાં બિરાજે;
ભક્તજન આવી ચરણે નમે... આ

શુક્કરે સલખનપુરીજ આવ્યાં,
થાળ કરૂં તે મારી અંબા જમે... આ

શનિવારે મા! સહાય કરો દેવી,
મુખવાસ કરવા બેસો તમે... આ

ભટ વલ્લભ મા! દાસ તમારો,
શરણે રાખીને ભવ તારો તમે... આ

## નવદુર્ગા રંગે રમે

– *વલ્લભ ભટ્ટ*

રંગે રમે આનંદે રમે,
આજ નવદુર્ગા રંગે રમે. ટેક
આદિ તે આવ્યાં અલબેલી અંબા,
મંડપમાં મતવાલી ભમે... આજ...

સોમે શણગાર માને અંગે સુહાયે,
હીરલા રતન માને અરુણ સમે... આજ...

મંગળવારે માજી છે રે ઉમંગમાં,
ચાચર આવીને ગરબે રમે... આજ...

બુધવારે માજી બેઠાં બિરાજે,
રાસ વિલાસ માનો ગાવો ગમે... આજ...

ગુરુવારે આઈ ગરબે રમે છે
ચંદનપુષ્પ તે માને ગમે... આજ...

શુક્રવારે માજી ભાવ ધરીને,
બ્રાહ્મણ રમે તે માને ગમે... આજ...

શનિવારે મહાકાળી થયાં છે
ભિક્ષા ભોજન મનગમતાં જમે... આજ...

વલ્લભ કહે માને ભાવ ભજો જે,
રાસ વિલાસ માનો ગાવો ગમે,
આજ નવદુર્ગા રંગે રમે...



## મીઠા મધુ ને મીઠા મેહુલા...

*(દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર)*

મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તો મોરી માત રે;
જનનીની જોડ સખી! નહીં જડે રે લોલ.

પ્રભુના એ પ્રેમ તણી પૂતળી રે લોલ,
જગથી જુદેરી એની જાત રે. જનનીની

અમીની ભરેલ એની આંખડી રે લોલ,
વ્હાલના ભરેલાં એનાં વેણ રે. જનનીની

હાથે ગૂંથેલ એને હીરલા રે લોલ,
હૈયે હેમંત કેરી હેલ રે. જનનીની

દેવોને દૂધ એનાં દોહ્યલાં રે લોલ,
શશીએ સિંચેલ એની સોડ્ય રે. જનનીની

જગનો આધાર એની આંગળી રે લોલ,
કાળજામાં કૈંક ભર્યા કોડ રે. જનનીની

ચિત્તડું ચડેલ એનું ચાકડે રે લોલ,
પળના બાંધેલ એના પ્રાણ રે. જનનીની

મૂંગી આશિષ ઉર મલકતી રે લોલ,
લેતાં ખૂટે ન એની લ્હાણ રે. જનનીની

ધરણી માતાએ હશે ધ્રૂજતી રે લોલ,
અચળા અચૂક એક માય રે. જનનીની

ગંગાનાં નીર તો વધે-ઘટે રે લોલ,
સરખો એ પ્રેમનો પ્રવાહ રે. જનનીની

વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ,
માડીનો મેઘ બારેમાસ રે. જનનીની

ચળતી ચંદાની દીસે ચાંદની રે લોલ,
એનો નહિ આથમે ઉજાસ રે. જનનીની

## મીઠી સાકર ને મીઠું મધ...

(ઢાળ : જનનીની જોડ સખી નહીં જડે રે લોલ)

મીઠી સાકરને મીઠું મધ છે રે લોલ,
તેથી મીઠી છે મારી માત રે...
જનેતાની જોડ જગમાં નહિ જડે રે લોલ...

ચોમાસે વરસે ઘડીક વાદળી રે લોલ,
માડીનાં હેત વરસે નિત્ય રે,
જનેતાની જોડ જગમાં નહિ જડે રે લોલ...

સૃષ્ટિમાં સગાં છે સૌ સ્વાર્થનાં રે લોલ
એક માત્ર માડી છે નિઃસ્વાર્થ રે...
જનેતાની જોડ જગમાં નહિ જડે રે લોલ...

દીકરા કુપાત્ર કદીક થાય છે રે લોલ,
માવડી ન કુપાત્ર કદી થાય રે...
જનેતાની જોડ જગમાં નહિ જડે રે લોલ...

## મારું વનરાવન છે રૂડું

મારું વનરાવન છે રૂડું રે વૈકુંઠ ન'ઈરે આવું,
હે નહીં આવું હો નંદજીના લાલ રે વૈકુંઠ ન'ઈ રે આવું.

બેસી રે'વું ને મારે ટગમગ જોવું (૨)
હે... નહીં ખાવું ને નહીં મારે પીવું, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...

સરગના લોક તો છે અતિ કુડા (૨)
હો વ્રજના લોક અતિ રૂડા, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...

વૈકુંઠમાં એકવાર આવજોને ગોરી, (૨)
તમે રમજો વેણું હું વગાડું, દઈ દાંડિયાના તાલ રે, વૈકુંઠ...

વિમાન મોકલો તો મોકલજો વૈ'લા,
હે હું તો આવીશ સૌની પહેલા, હો નંદજીના લાલ રે, વૈકુંઠ...

નરસૈ મે'તાના સ્વામી શામળિયા, (૨)
તમે સાંભળોને સારંગ પાણી, હો નંદજીના લાલ રે વૈકુંઠ...

## ગરબે ઘૂમે

(રાગ : ગરબે રમે આનંદે રમે આજ નવદુર્ગા)

ગરબે ઘૂમે, રે ગરબે ઘૂમે રે
આજ મારી અંબા ગરબે ઘૂમે
હરખે રમે, મા હરખે રમે રે... આજ

ચાચરના ચોકમાં, તું ગરબે રે ઘૂમતી
ફુદડી ફરીને મા, તું રાસ રચાવતી
જોઇ જોઈ રાસને હૈયું ઘેલું બને રે... આજ

રાસ નિહાળી દેવો, ભાનને હો ભુલતા
માને ચરણ પડી, માનવ આનંદના
આનંદ આનંદ આજ છાઈ રહે હે... આજ

સોળે કળાએ માતા ત્યાં તો પ્રકાશતા,
સૂર્ય ચંદ્ર ત્યારે આવી બિરાજતા
"રૂપા" હૃદય જોઈ ઘેલું બને રે... આજ

રાસ રમે અંબા, કાળકાને બહુચરી
જ્ઞાની અજ્ઞાની સૌની દૃષ્ટિ ત્યાં ઠરતી
માતા મારી તો કંકુ વેરે... આજ

## આસમાની રંગની ચૂંદડી રે

આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે,
માની ચૂંદડી લહેરાય. ટેક.

ચૂંદડીમાં ચમકે તારલા રે, રૂડા તારલા રે, માની ચૂંદડી લહેરાય.
નવરંગે રંગી ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
ચૂંદડીમાં ચમકે હીરલા રે, રૂડા હીરલા રે, માની ચૂંદડી લહેરાય.
શોભે મજાની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
ચૂંદડીમાં ચમકે મુખડું રે, રૂડું મુખડું રે, માની ચૂંદડી લહેરાય.
અંગે દીપે છે ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
પહેરી ફરે ફેર ફૂદડી રે, ફેર ફૂદડી રે, માની ચૂંદડી લહેરાય.
લહેરે પવન ઊડે ચૂંદડી રે, ઊડે ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.
આસમાની રંગની ચૂંદડી રે, રૂડી ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય.

## થોડાં થોડાં થાઓ વરણાગી

તમે થોડાં થોડાં (૨) થાણો વરણાગી,
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

નવી ફેશનની ધૂન બધે જાગી,
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

વરણાગી વીરાની વરણાગી વહુ બને,
થોડું બંગાળી ને અંગ્રેજી બહુ ભણે,

મારા ભાઈ કેરો ભ્રમ જાય ભાગી...
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

થોડો લટકો ને આંખડીનો મટકો,
જુવાનીમાં જોમ જાણે રંગનો ચટકો

જુઓ લટકાળી લલનાઓ જાગી,
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

કુમકુમનો ચાંદલો આવડો તે હોય મોટો,
ઊંચો ઊંચો સાડલો પહેર્યો છે સાવ ખોટો,

હવે જૂના બધા વેશ દ્યો ત્યાગી...
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

બંગાળી સાડીનાં લહેરણિયાં લહેરાવો,
ઊંચી ઊંચી એડીના બુટ જોડી મંગાવો,

હવે નવયુગની વાંસલડી વાગી...
ઓ ભાભી તમે થોડાં થોડાં થાઓ વરણાગી.

## હે... મારે સાસરિયે જઈ

હે મારે સાસરિયે જઈ કોઈ કહેજો એટલડું કે
પ્રીતમજી આણાં મોકલે...

હે... રાત જાગી જાગીને જાય છે,
આંખ મીંચું તો સપનાં દેખાય છે,

હે... મારું હૈયું ભાન સાન ભૂલી થઈ ગયું ભૂલકણું,
પ્રીતમજી આણાં મોકલે... હે મારે સાસરિયે...

મને મહેણાં મારે છે સાહેલડી,
ફાલી ફૂલી છે જીવનની વેલડી,

હે... હું ઘેલી થઈ છું, મારું વિરહે બળે છે કાળજડું,
પ્રીતમજી આણાં મોકલે... હે મારે સાસરિયે...

હે... આજ કોની આ વેલડિયું જાય છે,
કોણ ઘૂંઘટમાં આછું મલકાય છે

હે... મારું કૂણું આજ કોઈ કોરે છે દલડું,
પ્રીતમજી આણાં મોકલે... હે મારે સાસરિયે...

## સગી નણંદના વીરા

મારી સગી નણંદના (નણદલના) વીરા રૂમાલ મારો લેતા જાજો
લેતાં જાજો દલ દેતા જાજો મારી
ઓલ્યા, વાણીડાના હાટનો લીલો રૂમાલ મારો લેતા જાજો.

(૧) ઉતારો ઓરડાને મેડ્યુના મો'લ છે
આજના ઉતારા આંહી કરતા જાજો. મારી...

(૨) નાવણ કુંડિયુંને જમુનાનાં નીર છે
આજના ના'વણિયા આંહી કરતા જાજો. મારી...

(૩) દાતણી દાડમને કણેરીને કાંબ છે,
આજની દાતણિયા આંહી કરતા જાજો. મારી...

(૪) ભોજન લાપસીને કઢીઅલ દૂધ છે,
આજના ભોજનિયાં આંહી કરતા જાજો. મારી...

(૫) લવિંગ સોપારીને બનારસી પાન છે
આજના મુખવાસ આંહી કરતા જાજો. મારી...

(૬) પોઢણ ઢોળીઓને હિંડોળા ખાટ છે
આજના પોઢણિયા આંહી કરત જાજો. મારી...
મારી સગી નણદલના વીરા રૂમાલ મારો લેતા જાજો.

## પારેવડા! જાજે વીરાના દેશમાં...

*(સ્વ. પ્રભુલાલ દ્વિવેદી)*

પારેવડા! જાજે વીરાના દેશમાં (૨)
આટલું કહેજે સંદેશમાં (૨)
પારેવડા! જાજે વીરાના દેશમાં... (૨)

વીરો સિધાવ્યો માતૃભૂમિને બારણે,
કોઈ પ્રેમહીણા પ્રદેશમાં,
પારેવડા! જાજે વીરાના દેશમાં... (૨)

કહેજે કે બેનડીએ લીધી છે બાધા,
રહેવું છે બાળા વેશમાં (૨)
પારેવડા! જાજે વીરાના દેશમાં... (૨)

ભાભી તારાં પુસ્તકોની આરતી ઉતારે,
વેણી નથી બાંધતી કેશમાં (૨)
પારેવડા! જાજે વીરાના દેશમાં... (૨)

ભારતમાતાનું માન વીર! તેં દીપાવ્યું (૨)
કહેવું શું ઝાઝું ઉપદેશમાં? (૨)
પારેવડા! જાજે વીરાના દેશમાં... (૨)

## મારી મેં'દીનો રંગ ઊડી જાય રે...

*– ઝવેરચંદ મેઘાણી*

મારી મેં'દીનો રંગ ઊડી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારો કંકુનો ચાંદલો ચોળાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારી વેણી લાખેણી કરમાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારાં કાજળ નેણેથી ઝરી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારી ચૂડી અણમોલી તરડાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારે સેંથેથી હીંગળો રોળાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારી પાની સુંવાળી બળી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

મારા કેમે ના પંથ પૂરા થાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

જેને શોધું તે દૂર સરી જાય રે,
સૂરજ! ધીમા તપો, ધીમા તપો.

## તાલીઓના તાલે ગોરી

*– અવિનાશ વ્યાસ*

તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
આસમાની ચૂંદડીમાં, લહેરણિયાં લ્હેરાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
ગોરો ગોરો ચાંદલિયો ને દિલ ડોલાવે નાવલિયો,
કહેતી મનની વાત રે....

પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
ઓરી ઓરી આવ ગોરી, ઓરી ઓરી,
ચાંદલિયો હિંચોળે તારા હૈયા કેરી દોરી,
રાતલડી રળિયાત રે...

પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
તાલીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે.
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
ગરબે ઘૂમો, ગોરી ગરબે ઘૂમો,
રૂમો ઝૂમો, ગોરી રૂમો ઝૂમો,
રાસ રમે જાણે શામળિયો?
જમુનાજીને ઘાટ રે...

પૂનમની રાત... ઊગી પૂનમની રાત.
તાળીઓના તાલે ગોરી ગરબે ઘૂમી ગાય રે,
પૂનમની રાત... ઊગી પૂનમની રાત.

## દાદાને સંદેશો

– લોકગીત

દાદા હો દીકરી (૨) વઢિયારે ન દેજો રે સઇ,
વઢિયારી સાસુ રે દાદા દોહ્યલી રે,
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

દિવસે દળાવે મને રાતડિયે કંતાવે જો;
પાછલે રે પરોઢિયે પાણીડાં મોકલે રે,
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

ઓશીકે ઈંઢોણી વહુ! પાંગતે સીંચણિયું જો,
સામી રે ઓરડીએ, વહુ, તમારું બેડલું રે,
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

ઘડો બૂડે નહિ, મારું સીંચણિયું નવ પૂગે જો,
ઊગ્યો દિ' આથમિયો કૂવા કાંઠડે રે
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

ઊડતા પંખીડા વીરા! સંદેશો લઈ જાજો જો
દાદાને કહેજો રે દીકરી કૂવે પડે રે,
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

કહેજો દાદાને, મારી માતાને નવ કહેજો જો,
માયાળુ માતા રે આંસુડાં સારશે રે
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

કૂવે ના પડજો દીકરી, તળાવે ના પડજો જો,
અંજવાળી આઠમનાં આણાં આવશે રે,
સહિયર કહે સમજી, સહિયર કહે સમજી… દાદા૦

## પંખીડા તું ઊડી જાજે

પંખીડા તું ઊડી જાજે પાવાગઢ રે,
ગરબે રમવાને મારી માને કહે જે રે… ટેક

મારા ગામના (૨) કુંભારી વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડા ગરબા લાવજો રે
સારા લાવજો, સુંદર લાવજો, વહેલા લાવજો રે… ગરબે

મારા ગામના (૨) સુથારી વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડા બાજોઠ લાવજો રે
સારા લાવજો, સુંદર લાવજો, વહેલા લાવજો રે… ગરબે

મારા ગામના (૨) ગાંધીડા વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડા શ્રીફળ લાવજો રે
નાનાં લાવજો, મોટાં લાવજો, વે'લા લાવજો રે… ગરબે

મારા ગામના (૨) કાપડિયા વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડી ચૂંદડી લાવજો રે
લીલી લાવજો, પીળી લાવજો, સુંદર લાવજો રે… ગરબે

મારા ગામના (૨) માળીડા વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડા ગજરા લાવજો રે
ગજરા લાવજો, વેણી લાવજો, ફૂલડાં લાવજો રે… ગરબે

મારા ગામના (૨) સોનીડા વીરા વે'લા આવજો રે
મારી અંબાને માટે રૂડાં કડલાં લાવજો રે
હાર લાવજો, કડલાં લાવજો, પોંચી લાવજો રે… ગરબે

મારા ગામના (૨) ભક્તો વીરા વે'લા આવજો રે
મારી માતાના ગરબા પ્રેમે ગાજો રે
પ્રેમથી ગાજો, હોંશથી ગાજો, ભાવથી ગાજો રે… ગરબે

## કાનો રમે છે મારી કેડમાં

– લોકગીત

નટવર નાનો રે, કાનો રમે છે મારી કેડમાં.
નંદકુંવર, ફૂલકુંવર નાનો રે,
ગેડી-દડો કાનાના હાથમાં… નટવર…

ક્યો તો ગોરી હાલારના હાથીડા મંગાવી દઉં
હાથીડાનો વો'રનાર રે,
કાનો રમે છે મારી કેડમાં… નટવર…

ક્યો તો ગોરી ઘોઘાનાં ઘોડલાં મંગાવી દઉં
ઘોડલાંનો વો'રનાર રે,
કાનો રમે છે મારી કેડમાં… નટવર…

ક્યો તો ગોરી ચિતળની ચૂંદડી મંગાવી દઉં.
ચૂંદડીનો વો'રનાર રે,
કાનો રમે છે મારી કેડમાં… નટવર…

## હો મારવાડા

– લોકગીત

તમે એકવાર મારવાડ જાજો રે હો મારવાડા!
તમે મારવાડની મેંદી લાવજો રે હો મારવાડા!
તમે ઓલું લાવજો, પેલું લાવજો,
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા,
હોં કે પેલું લાવજો રે હો મારવાડા!

તમે એક વાર ઘોઘા જાજો રે હો મારવાડા!
તમે ઘોઘાના ઘૂઘરા લાવજો રે હો મારવાડા!
તમે ઓલું લાવજો, પેલું લાવજો,
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા,
હોં કે પેલું લાવજો રે હો મારવાડા!

તમે એક વાર ચિત્તળ જાજો રે હો મારવાડા!
તમે ચિત્તળની ચૂંદડી લાવજો રે હો મારવાડા!
તમે ઓલું લાવજો, પેલું લાવજો,
પાન સોપારી, પાનનાં બીડાં, એલચી દાણા,
હોં કે પેલું, લાવજો રે હો મારવાડા!

## રૂડી ને રંગીલી રે

– નરસિંહ મહેતા

(રાગ : માઢ ભજન, તાલ : લાવણી)

રૂડી ને રંગીલી રે, વહાલા તારી વાંસળી રે લોલ.
મીઠી ને મધુરી રે, કાના તારી વાંસળી રે લોલ.

વાંસલડી મારે મંદિરિયે સંભળાય જો,
પાણીડાંને મશે રે, જીવણ જોવા નીસરી રે લોલ.

બેડાં મેલ્યાં માનસરોવર પાળ જો,
ઈંઢોણી વળગાડી રે આંબલિયાની ડાળીએ રે લોલ.

ગોપી તે હાલ્યાં વનરા તે વનની મોઝાર જો,
કાનવર કોડીલા રે, કેડો મારો રોકી ઊભા રે લોલ.

કેડો મેલો પાતળિયા ભગવાન જો,
સાસુડી હઠીલી, મારી નણદલ મહેણાં મારશે રે લોલ.

વાગે તારા ઝાંઝરનો ઝણકાર જો,
હળવાં હળવાં હાલો રે, તમે રાણી રાધિકા રે લોલ.

જીવડો મારો આકુળવ્યાકુળ થાય જો,
અહિંયાં કોઈએ દીઠાં રે, કામણગારા કાનને રે લોલ.

નીરખી નીરખી થઈ છું હું તો ન્યાલ જો,
નરસૈંયાના સ્વામી રે, બાઈયું અમને ભલે મળ્યા રે લોલ.

## સાથિયા પુરાવો દ્વારે...

હે રણચંડી દુર્ગા ચામુંડા, કરતાં સૌની રખવાળી;
માજી કરતાં સૌની રખવાળી.
મહિષાસુર મર્દિની અંબિકા, જય જય મા ગબ્બરવાળી;
જય જય મા ગબ્બરવાળી.

ખેડબ્રહ્મા ખોળે રમતાં, બાળારૂપે બહુચરવાળી;
ગરબે રમવા આવો (૨) બાળકો વીનવે મા પાવાવાળી.
જય જય જય જય મહાકાળી મા... (૨)

સાથિયા પુરાવો દ્વારે, દીવડા પ્રગટાવો રાજ,
આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી.
જય અંબે, જય અંબે, અંબે જય જય અંબે (૨) ટેક.

વાંઝિયાનું મ્હેણું ટાળી, રમવા રાજકુમાર દે
મા ખોળાનો ખૂંદનાર દે,
કુંવારી કન્યાને માડી, મનગમતો ભરથાર દે,
મા પ્રીતમજીનો પ્યાર દે,

નિર્ધનને ધન-ધાન્ય આપે, રાખે માડી સૌની લાજ, આજ મારે...
જય અંબે, જય અંબે, અંબે જય જય અંબે (૨)

કુમકુમ પગલાં ભરશે માડી, સાતે પેઢી તરશે મ્હારી (૨)
આદ્યશક્તિ મા પાવાવાળી, જનમ જનમની હરશે પીડા (૨)
દઈ દઈ તાળી ગાવો આજ, વાજિંત્રો વગડાવો રાજ, આજ મારે...

આજ મારે આંગણે પધારશે મા પાવાવાળી
જય અંબે, જય અંબે અંબે, જય જય અંબે (૨)

## કેર કાંટો વાગ્યો

હાં રે રાજ રે! વાવડીનાં પાણી ભરવા ગ્યાં' તા...
મને કેર કાંટો વાગ્યો.

પેલા વડોદરાના વૈદડા તેડાવો, આડા પડદલા બંધાવો,
બા'રે ઢોલિયા ઢળાવો, મારા કાંટડિયા કઢાવો,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

ઘરમાંથી રાંધણિયાને કાઢો, ધુમાડે આંખ્યું દુઃખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

ઘરમાંથી સાંબેલાને કાઢો, ધબકારે ખંભા દુઃખે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

ઘરમાંથી દુઝણિયાને કાઢો, વલોવતાં કેડો ફાટે,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

મારી સાસુજી બહુ લડતી, વાતોમાં કજિયા કરતી,
તેથી જુદું રહેવા ચાહતી...
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

વળી મિજાજી મુજ જેઠાણી, થઈ ફરતાં એ શેઠાણી,
ન ભરતાં લોટો પાણી...
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

વળી નણંદલી બહુ બોલે, મને ગણતી તણખલા તોલે,
એનાં બચકલાં બંધાવો, એને સાસરિયે વળાવો,
પિયુ અરરર હાય, કેર કાંટો વાગ્યો.

## છાનું રે છપનું કંઈ થાય

– *અવિનાશ વ્યાસ*

છાનું રે છપનું કંઈ થાય નહીં, થાય નહીં;
ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં.

એક ઘાયલ ને પાયલ બે છૂપ્યાં છુપાય નહીં,
ઝાંઝરને સંતાડી રાખ્યું રખાય નહીં. છાનું રે...

આખ્યું બચાવીને આંખના રતનને;
પડદામાં રાખીને સાસુ નણંદને;
ચંપાતા ચરણોએ મળવું મળાય નહીં,
ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં. છાનું રે...

નણદી ને નેપૂર બે એવા અનાડી,
વ્હાલા પણ વેરી થઈ ખાય મારી ચાડી;
આવેલા સપનાનો લ્હાવો લૂંટાય નહીં,
ઝમકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહીં. છાનું રે...

## વાદલડી વરસી રે

વાદલડી વરસી રે, સરોવર છલી વળ્યાં,
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં. ટેક
મારા પગ કેરાં કડલાં રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...

મારા હાથ કેરો ચૂડલો રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં... વાદલડી...

મારી ડોક કેરો હારલો રે, વીરો મારો લેવા હાલ્યો,
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારા ઘેરે બેઠાં... વાદલડી...

મારા નાક કેરી નથણી રે, વીરો મારો લેવા હાલ્યો.
વીરા લઈને વહેલો (૨) આવજે રે,
સાસરિયાં મારાં ઘેરે બેઠાં.

વાદલડી વરસી રે સરોવર છલી વળ્યાં.
સાસરિયે જાવું રે, મહિયરિયે મહાલી રહ્યાં.

## મોરલી ક્યાં રે વગાડી

– નરસિંહ મહેતા

ખમ્મા મારા નંદજીના લાલ, મોરલી ક્યાં રે વગાડી.
ગોપીઓ દોડી દોડી જાય, મોરલી ક્યાં રે વગાડી.

હું તો સૂતી'તી મારા શયનભુવનમાં,
સાંભળ્યો મોરલીનો સાદ, મોરલી ક્યાં રે વગાડી.

એ રે મોરલીએ મન મારું મોહ્યું
મેલ્યાં છે ઘર ને બા'ર, મોરલી ક્યાં રે વગાડી.

બેડું મેલ્યું છે મેં તો સરોવર ઝૂલતું,
ઈંઢોણી આંબાની ડાળ, મોરલી ક્યાં રે વગાડી.

છાશ મેલી છે મેં તો ગોળીએ ઝૂલતી
લોટ બધે કૂતરાં ખાય, મોરલી ક્યાં રે વગાડી.

બાળક મેલ્યાં છે મેં તો, પારણિયે ઝૂલતાં,
રોતાં મૂક્યા નાનેરાં બાળ, મોરલી ક્યાં રે વગાડી.

આંધણ મૂક્યાં છે મેં તો ચૂલા ઉપર ઝૂલતાં
આંધણિયાં ઊભરાઈ જાય, મોરલી ક્યાં રે વગાડી.

રસોઈ કરતી ને ઘેલી ઘેલી ફરતી,
આકુળ વ્યાકુળ મન થાય, મોરલી ક્યાં રે વગાડી.

ભાણું પિરસાવી હું તો જમવાને બેઠી,
ભોજન ઠરી ઠરી જાય, મોરલી ક્યાં રે વગાડી.

મહેતા નરસૈંયાના સ્વામી કહે છે,
વ્હાલે રમાડ્યા રાસ, મોરલી ક્યાં રે વગાડી.

## અમે મહિયારાં રે

- નરસિંહ મહેતા

અમે મહિયારાં રે ગોકુળ ગામનાં
મારે મહી વેચવાને જાવાં, મહિયારાં રે... ગોકુળ ગામનાં.

મથુરાને વાટે મહી વેચવાને નીસરી,
નટખટ નંદનો કિશોર માગે છે દાણજી
મારે દાણ લેવાને દેવા, મહિયારાં રે... ગોકુળ ગામનાં.

માવડી યશોદાજી કાનાને વાર જો
દુઃખડાં દીયે હજાર બહુ એ સતાવતો,
મારે દુઃખ સહેવા ને કહેવાં, મહિયારાં રે... ગોકુળ ગામનાં.

યમુનાને કાંઠે કાન વાંસળી વગાડતો
ભુલાવે ભાન સાન ઊંઘથી જગાડતો
મારે જોવું ને જાવું, મહિયારાં રે... ગોકુળ ગામનાં.

મહેતા નરસિંહનો સ્વામી લાડકડો કાનજી,
ઉતારો આતમથી ભવભવના પારથી,
નિર્મળ હૈયાની વાત કહેવા, મહિયારાં રે... ગોકુળ ગામનાં.

## ઇંધણાં વીણવા ગૈતી મોરી સૈયર

- રાજેન્દ્ર શાહ

ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર,
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ;
વેળા બપ્પોરની થૈતી મોરી સૈયર,
વેળા બપ્પોરની થઈ'તી રે લોલ.

ચઈતરનું આભ સાવ સૂનું સૂનું ને તો ય
કંઈથી કોકિલકંઠ બોલે રે લોલ,
વનની વનરાઈ બધી નવલી તે કૂંપળે
દખ્ખણને વાયરે ડોલે રે લોલ.

જેની તે વાટ જોઈ રૈતી મોરી સૈયર,
જેની તે વાટ જોઈ રહી'તી રે લોલ.
તેની સંગાથ વેળ વ્હૈતી મોરી સૈયર,
તેની સંગાથ વેળ વહી'તી રે લોલ.

સૂકી મેં વીણી કાંઈ ડાળી ને ડાંખળી
સૂકાં અડૈયાંને વીણ્યાં રે લોલ,
લીલી તે પાંદડીમાં મ્હેકંત ફૂલ બે'ક
મારે અંબોડલે ખીલ્યાં રે લોલ.

વાતરક વ્હેણમાં નૈતી મોરી સૈયર,
વાતરક વ્હેણમાં નહી'તી રે લોલ,
ઈંધણાં વીણવા ગૈતી મોરી સૈયર,
ઈંધણાં વીણવા ગઈ'તી રે લોલ.

## નાગર નંદજીના લાલ

*– નરસિંહ મહેતા*

નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી
કા'ના જડી હોય તો આલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.
નાની નાની નથડી ને માંહી ઘણેરાં મોતી,
નથડી ને કારણ હું હાલું જોતી, જોતી, જોતી...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

નાની નાની નથડીની માંહી જડેલા હીરા,
નથડી આપોને મારી સુભદ્રાના વીરા, વીરા, વીરા...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

નાનેરી પહેરું તો મારે, નાકે ના સોહાય,
મોટેરી પહેરું તો મારા મુખ પર ઝોલાં ખાય, ખાય, ખાય...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

આંબે બોલે કોયલડી ને વનમાં બોલે મોર,
રાધાજીની નથડીનો શામળિયો છે ચોર, ચોર, ચોર...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

નથડી કારણીએ મેં તો ઢૂંઢ્યું વૃંદાવન,
નથડી આપોને મારા પ્રાણજીવન, વન, વન...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

નથડી આપોને પ્રભુ નંદના કુમાર,
નરસૈંયાના સ્વામી ઉપર, જાઉં બલિહાર, હાર હાર...
નાગર નંદજીના લાલ (૨) રાસ રમંતાં મારી નથડી ખોવાણી.

## કાન ક્યાં રમી આવ્યા?

મથુરામાં ખેલ ખેલી આવ્યા,
હો કાન ક્યાં રમી આવ્યા?
માથાનો મુગટ ક્યાં મૂકી આવ્યા?
સાડી તે કોની ચોરી લાવ્યા? ...હો કાન

નાકની નથણી ક્યાં મૂકી આવ્યા?
વાળી તે કોની ચોરી લાવ્યા? ...હો કાન

ડોકનો હારલો ક્યાં મૂકી આવ્યા?
માળા તે કોની ચોરી લાવ્યા? ...હો કાન

હાથની પોંચી ક્યાં મૂકી આવ્યા?
કંગન તે કોનાં ચોરી લાવ્યા? ...હો કાન

પગનાં ઝાંઝર ક્યાં મૂકી આવ્યા?
સાંકળાં તે કોનાં ચોરી લાવ્યા? ...હો કાન

પીળું પીતાંબર ક્યાં મૂકી આવ્યા?
સાળુ તે કોના ચોરી લાવ્યા? ...હો કાન

કાનનાં કુંડળ ક્યાં મૂકી આવ્યા?
એરિંગ તે કોનાં ચોરી લાવ્યા? ...હો કાન

મુખની મોરલી ક્યાં મૂકી આવ્યા?
ખંજરી કોની ચોરી લાવ્યા? ...હો કાન

મનડું તમારું ક્યાં મૂકી આવ્યા?
સુધ-બુધ તે કોની ચોરી લાવ્યા? ...હો કાન

## હે તને જાતાં જોઈ પનઘટની ઘાટે

*– અવિનાશ વ્યાસ*

તને જાતાં જોઈ પનઘટની વાટે, મારું મન મોહી ગયું;
હે તારા રૂપાળા ગોરા ગોરા ઘાટે, મારું મન મોહી ગયું. હે૦

કેડે કંદોરો કોટમાં દોરો,
તારા લહેરિયાની લાલ લાલ ભાતે, મારું મન મોહી ગયું. હે૦

બેડલું માથે ને મહેંદી ભરી હાથે,
તારી ગાગરની છલકાતી છાંટે, મારું મન મોહી ગયું. હે૦

રાસે રમતી, આંખને ગમતી,
પૂનમની રઢિયાળી રાતે, મારું મન મોહી ગયું. હે૦

## ચાચરના ચોકમાં બાંધ્યો ચંદરવો

ચાચરનાં ચોકમાં બાંધ્યો ચંદરવો
ચાચરના ચોકમાં બાંધ્યો રે લોલ

લાલ લીલો ને રંગ ભુરો ચંદરવો
લાલ લીલો ને રંગ ભુરો રે લોલ

લાખ લાખ દીવડા પ્રગટાવ્યા ચંદરવો
લાખ લાખ દીવડા પ્રગટાવ્યા રે લોલ

જાણે પ્રભાત ભાણ ઉગ્યો ચંદરવો
જાણે પ્રભાત ભાણ ઉગ્યો રે લોલ

ગઢ પાવાગઢ ગ્યોતો ચંદરવો
ગઢ પાવાગઢ ગ્યોતો રે લોલ

કાળકા માને કાજે ચંદરવો
કાળકા માને કાજે રે લોલ

ગઢ આરાસુર ગ્યોતો ચંદરવો
ગઢ આરાસુર ગ્યોતો રે લોલ

અંબા માના કાજે ચંદરવો
અંબા માના કાજે રે લોલ

શંખલપુરમાં ગ્યોતો ચંદરવો
શંખલપુરમાં ગ્યોતો રે લોલ

બહુચરમાને કાજે ચંદરવો
બહુચરમાને કાજે રે લોલ

ગઢ ચોટીલા ગ્યોતો ચંદરવો
ગઢ ચોટીલા ગ્યોતો રે લોલ

ચામુંડા માને કાજે ચંદરવો
ચામુંડા માને કાજે રે લોલ

ચાચરના ચોકમાં બાંધ્યો ચંદરવો
ચાચરના ચોકમાં બાંધ્યો રે લોલ.

## જી રે જી રે ચૂંદડીએ....

જી રે જી રે ચૂંદડીએ રંગ લાગ્યો...
હોવે હોવે ચૂંદડીએ રંગ લાગ્યો...
ખમ્મા ખમ્મા ચૂંદડીએ રંગ લાગ્યો...
મારી અંબા માની ચૂંદડીએ રંગ લાગ્યો...

માની ચૂંદડીના ચટકા ચાર, ચૂંદડીએ રંગ લાગ્યો...
જી રે જી રે ચૂંદડીએ૦

માના દર્શન કરવાનો મને રંગ લાગ્યો
માનું મુખડું જોઈને ભ્રમ ભાંગ્યો,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માને બાંયે બાજુબંધ બેરખાં, માને કંકણ રણકે હાથ,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માના લલાટે દામણી શોભતી. માની હડપચીએ હીરલા હાર,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માને કાંબી ને કડલાં શોભતાં, માને ઝાંઝરનો ઝણકાર,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માએ સોળે શણગાર અંગે ધર્યા, માના હૈયે હરખ ના માય,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માની ચૂંદડી છે રંગબેરંગી, અંબા ઓઢે આઠમની રાત,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

માએ સિંહ ઉપર સવારી કરી, માએ ત્રિશૂળ લીધું હાથ,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦

મન મૂકતા તે માના લાડીલા, એ તો ચૂંદડીનું ગીતડું ગાય,
ચૂંદડીએ રંગ લાગ્યો. જી રે જી રે ચૂંદડીએ૦



## ગરબો ગોખ ગબ્બરથી

ગરબો ગોખ ગબ્બરથી આવ્યો રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ચાચર રમવા ચાલ્યો રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો નવખંડ રમવા ચાલ્યો રે, ઘમ્મર ઘૂમતો રે

એ ગરબાની ઉપર ચીતર્યા માએ ચૌદેલોક
ગરબો સરસ્વતીએ શણગાર્યો રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી આવ્યો રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ચાચર રમવા ચાલ્યો રે...

સોળે શણગાર સજી રમવાને નીસર્યા આવ્યાં ગણેશને દ્વાર
ગરબો ગણપતિએ વધાવ્યો રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

સોનાનો ગરબો શિર પર લઈને, રમતાં બહુચર માત
ધમધમ ઘૂઘરીનાં રણકાર રે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

પડકારા પાડતીને ધરણી ધ્રુજાવતી આવી મહાકાળી માત
મારી ખોડિયારના ખમકારે, ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

બ્રહ્માજી આવ્યા ને વિષ્ણુ પણ આવ્યાં, સંગમાં ભોળાનાથ
ડમડમ ડમરૂંના ડમકાર ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

હરતો ને ફરતો ગરબો આવ્યો, આવ્યો વિરપુર ગામ
હરતો ને ફરતો ગરબો આવ્યો, આવ્યો જલાને દ્વાર
ગરબો વીરબાઈએ વધાવ્યો રે ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

એ વાગે મૃદંગ તાલ, દેતા સહુ હીંચ તાલ
ઉડે અબીલ ગુલાલ, રાધાની સંગમાં ખેલે ગોપાલ
લાલ ખેલે ગોપાલ

એની મુરલીના રણકારે ઘમ્મર ઘૂમતો રે
ગરબો ગોખ ગબ્બરથી...

સ્વર્ગ તણા દેવ સહુ આનંદે માણતા પુષ્પોની વૃષ્ટિ થાય
ગરબો પુનિતે ગવરાવ્યો રે ઘમ્મર ઘૂમતો રે...
ગરબો ગોખ ગબ્બરથી...

ગરબો ચાચર રમવા ચાલ્યો, ગરબો નવખંડ રમવા ચાલ્યો
ગરબો સરસ્વતીએ શણગાર્યો, ગરબો ગણપતિએ વધાવ્યો
કે ગરબો ગરબીમાં ગવાયો રે, ઘમ્મર ઘૂમતો રે...

## માનો ગરબો રે રમે

માનો ગરબો રે રમે રાજને દરબાર,
રમતો જામતો રે ગયો કુંભારીને હાટ
ચલી કુંભારીની નાર, તું તો સૂતી હોય તો જાગ.
માનો ગરબો રે રૂડા કોડિયા મેલવા... માનો ગરબો૦
માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગયો સોનીડાને હાટ
ચલી સોનીડાની નાર તું તો સૂતી હોય તો જાગ
માનો ગરબો રે રૂડા જાળિયા મેળાવ... માનો ગરબો૦
માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગયો ઘાંચીડાને હાટ
ચલી ઘાંચીડાની નાર તું તો સૂતી હોય તો જાગ
માના ગરબે રે રૂડા દીવેલ પુરાવ... માનો ગરબો૦
માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગયો વાણિયાને ઘેર
ચલી વાણિયાની નાર તું તો સૂતી હોય તો જાગ
માના ગરબાને રૂડા મોતીડે વધાવ... માનો ગરબો૦
માનો ગરબો રે રમે રાજને દરબાર
રમતો ભમતો રે ગયો માઈ મંડળને ઘેર
માઈ મંડળની નાર તું તો સૂતી હોય તો જાગ
માને ગરબે રે રૂડા ભજનીયાં સંભળાય... માનો ગરબો૦

## ઢોલીડા ઢોલ ધીમે વગાડ ના

ઢોલીડા ઢોલ ધીમે ધીમે વગાડ ના, ધીમે વગાડ ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ટેક

ધ્રુજે ના ધરણી તો રમઝટ કહેવાય ના,
રમઝટ કહેવાય ના... રઢિયાળી...
પૂનમની રાતડી ને આંખડી ઘેરાય ના
આંખડી ઘેરાય ના... રઢિયાળી...

હો... ઓ... ચમકતી ચાલ અને ઘૂઘરી ઘમકાર,
નુપૂરના નાદ સાથે તાલીઓના તાલ...
ગરબામાં ઘૂમતાં માને કોઈથી પહોંચાય ના,
કોઈથી પહોંચાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...

હો... ઓ વાંકડિયા વાળ અને કેશકલાપ,
મોગરાની વેણીમાં શોભે ગુલાબ,
નીરખું નીરખું ને મારું મનડું ધરાય ના, મનડું ધરાય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...

હો... ઓ સોળે શણગાર સજી અવની પર આઈ,
રમવાને રાસ આવ્યાં, અલબેલી માંય,
આછી આછી ઓઢણીમાં રૂપ માનું માય ના, તેજ માનું માય ના,
રઢિયાળી રાતડીનો જોજે રંગ જાય ના... ઢોલીડા ઢોલ ધીમે...

## ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય

ઓઢણી ઓઢું ઓઢું ને ઉડી જાય,
ના...ના... રે રહેવાય, ના...ના... રે સહેવાય,
ના... કોઈને કહેવાય... હાય હાય... ઓઢણી...

ઓઢણી ઊડે તો ભલે ઊડી જાય (૨)
તારું મુખડું મલકાય, તારું જોબન છલકાય,
મારા હૈયામાં કંઈ કંઈ થાય... ઓઢણી...

ઓ... રે... ઓ... ઓલી વીજળી કરે ચમકાર,
હાય... હાય... (૨) વારંવાર વારંવાર

અરે હો રે (૨) ઈ તો હૈડાંના સાંધે તાર,
હાય... હાય... હાય... નમણી નાર... ઓઢણી...

હે મારું મનડું મુંઝાય, કેવી લાગી રે લ્હાય,
ના ના રે બુઝાય હાય... હાય... ઓઢણી...

## સોના વાટકડી રે કેસર ઘોળ્યાં

સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયાં,
લીલો છે રંગનો છોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં,

પગ પરમાણે કડલાં સોહીએ વાલમિયાં (૨)
હે... કાંબિયુંની બબ્બે તારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના.

હાથ પરમાણે ચૂડલો સોહીએ વાલમિયાં,
હે... ગુજરીની બબ્બે તારે જોડ રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના....

ડોક પરમાણે હારલો સોહીએ વાલમિયા (૨)
હે... હારલાની બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

નાક પરમાણે નથણી સોહીએ વાલમિયાં,
હે... નથણીની બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

ભાલ પરમાણે ટીલડી સોહીએ વાલમિયાં,
હે... ટીલડીની બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

કાન પરમાણે વાળિયું સોહીએ વાલમિયાં,
હે... વાળિયુંની બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

અંગ પરમાણે કમખો સોહીએ વાલમિયાં,
હે... ચૂંદડીની બબ્બે તારે જોડ, રંગમાં રોળ્યાં વાલમિયાં... સોના...

## એક વણઝારી ઝુલણ ઝુલતી'તી

એક વણઝારી ઝુલણ ઝુલતી'તી
મારી અંબેમાનાં ઝુલણાં ઝુલતી'તી

માએ પહેલે પગથિયે પગ મૂક્યો,
માને પાની સમાં નીર આવ્યાં મોરી મા
વણઝારી ઝુલણ ઝુલતી'તી...
એક વણઝારી...

માએ બીજે પગથિયે પગ મૂક્યો,
માને ઘૂંટણ સમાં નીર આવ્યાં મોરી મા
વણઝારી ઝુલણ ઝુલતી'તી...
એક વણઝારી...

માએ ત્રીજે પગથિયે પગ મૂક્યો,
માને કેડ સમાં નીર આવ્યાં મોરી મા
વણઝારી ઝુલણ ઝુલતી'તી...
એક વણઝારી...

માએ ચોથે પગથિયે પગ મૂક્યો,
માને છાતી સમાં નીર આવ્યાં મોરી મા,
વણઝારી ઝુલણ ઝુલતી'તી...
એક વણઝારી...

માએ પાંચમે પગથિયે પગ મૂક્યો,
માને માથા સમાં નીર આવ્યાં મોરી મા,
વણઝારી ઝુલણ ઝુલતી'તી...
એક વણઝારી...

## અચકો મચકો કારેલી

તમે કિયા તે ગામના ગોરી રાજ, અચકો મચકો કારેલી.
અમે ગોંડલ ગામનાં ગોરી રાજ, અચકો મચકો કારેલી.
તમે દલડાં લીધાં ચોરી રાજ, અચકો મચકો કારેલી.
આ તો ચોરી પર શિરજોરી રાજ, અચકો મચકો કારેલી.
હે... તમે કેટલા ભાઈ કુંવારા રાજ, અચકો મચકો કારેલી.
અમે સાતે ભાઈ કુંવારા રાજ, અચકો મચકો કારેલી.
તમને કયા તે ગોરી ગમશે રાજ, અચકો મચકો કારેલી.
જે સંગ અમારી રમશે રાજ, અચકો મચકો કારેલી.

## દૂધે ભરી તલાવડી

દૂધે તે ભરી તલાવડીને,
મોતીડે બાંધી પાળ રે,
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં કે
ગરબે ઘૂમવા ગ્યાં'તાં... દૂધે તે ભરી...

હે... વાટકી જેવડી વાવડી ને,
ખોબલો પાણી માય રે
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં કે
ગરબે ઘૂમવા ગ્યાં'તાં... દૂધે તે ભરી...

હે... ગરબો મેં તો કેરાવ્યો ને,
ઘમ્મર ઘમ્મર ઘૂમે મારી માવડી,

હે... તાળીઓની રમઝટ વાગે ને,
ત્યાં તો ધરતી ધમધમ થાય રે.
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં કે
ગરબે ઘૂમવા ગ્યાં'તાં... દૂધે તે ભરી...

હે... હળવે હાલું તો ફેર ચડી જાય
હાલું ઉતાવળી તો પગ લપસી જાય રે,

હે... માથે ઓઢેલ વાયલ ઊડી જાય
ગગનનો છેડલો સરી સરી જાય રે,
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં કે
ગરબે ઘૂમવા ગ્યાં'તાં... દૂધે તે ભરી...

## સોના ઇંઢોણી રૂપા બેડલું

સોના ઈંઢોણી રૂપા બેડલું રે, નાગર ઊભા રહો રંગરસિયા.
પાણીડાં ગઈ'તી તળાવ રે, નાગર ઊભા રહો રંગરસિયા.
કાંઠે તે કાન ઘોડા ખેલવે રે, નાગર ઊભા રહો રંગરસિયા.
કાન મુને ઘડુલો ચડાવ રે, નાગર ઊભા રહો રંગરસિયા.
તારો ઘડો તે ગોરી તોછડો રે, નાગર ઊભા રહો રંગરસિયા.
તું છે મારા ઘર કેરી નાર રે, નાગર ઊભા રહો રંગરસિયા.
કેડ મરડીને ઘડો મેં ભર્યો રે, નાગર ઊભા રહો રંગરસિયા.
ફાટી મારા સાડુલાની કોર રે, નાગર ઊભા રહો રંગરસિયા.
ભાઈ રે દરજીડા વીરા વિનવું રે, નાગર ઊભા રહો રંગરસિયા.
ટાંક મારા સાડુલાની કોર રે, નાગર ઊભા રહો રંગરસિયા.
ટાંકે ટાંકે તે ઘમ્મર ઘુઘરી રે, નાગર ઊભા રહો રંગરસિયા.
તેના ઉપર ટહુકે ઝીણા મોર રે, નાગર ઊભા રહો રંગરસિયા.
જાતાં વાગે તે ઘમ્મર ઘુઘરી રે, નાગર ઊભા રહો રંગરસિયા.
વળતાં ટહુકે છે ઝીણા મોર રે, નાગર ઊભા રહો રંગરસિયા.

## માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો

*– અવિનાશ વ્યાસ*

માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો,
જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી! તારું

મંદિર સરજાયું ને ઘંટારવ ગાજ્યો,
નભનો ચંદરવો માએ આંખ્યુંમાં આંજ્યો,
દીવો થાવા મંદિરનો આંહી આવી પૂગ્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી! તારું

માવડીના રથના ઘૂઘરા આંબી
અજવાળી રાતે માએ અમૃત ઢોળ્યાં,
ગગનનો ગરબો માનાં ચરણે ઝુક્યો,
કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... માડી! તારું

## સવા વાલ સોનું

સવા વાલ સોનું ને અડધો વાલ રૂપું,
તેની મેં તો ટીલડી ઘડાવી હો સૈયર,
ટીલડી રે, ટીલડી રે મારા નયનોમાં રહેતી... ટીલડી રે... (૨)

ટીલડી ચોડીને હું તો સસરા ઘેર ગઈ'તી,
સાસુજીએ મોં મચકોડ્યાં હો સૈયર... ટીલડી રે... (૨)

કેમ રે સાસુજી તમે મોં મચકોડ્યા!
નથી મારા સસરે ઘડાવી હો સૈયર... ટીલડી રે... (૨)

બાપે ઘડાવી મારા માતાએ મઢાવી,
વીરલાએ હિરલે જડાવી હો સૈયર... ટીલડી રે... (૨)

ટીલડી ચોડીને હું તો જેઠ ઘેર ગઈ'તી
જેઠાણીએ મોં મચકોડ્યાં હો સૈયર... ટીલડી રે... (૨)

કેમ રે જેઠાણી તમે મોં મચકોડ્યાં
નથી મારા જેઠે ઘડાવી હો સૈયર... ટીલડી રે... (૨)

બાપે ઘડાવી મારી માતાએ મઢાવી,
વીરલાએ હિરલે જડાવી હો સૈયર... ટીલડી રે... (૨)

ટીલડી ચોડીને હું તો દિયર ઘેર ગઈ'તી
દેરાણીએ મોં મચકોડ્યા હો સૈયર... ટીલડી રે... (૨)

કેમ રે દેરાણી તમે મોં મચકોડ્યાં
નથી મારા દિયરે ઘડાવી હો સૈયર... ટીલડી રે... (૨)

બાપે ઘડાવી મારી માતાએ મઢાવી
વીરલાએ હિરલે જડાવી હો સૈયર... ટીલડી રે... (૨)



## તું કાળી ને કલ્યાણી રે...

*(પ્રાચીન)*

તું કાળી ને કલ્યાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું ચારે યુગમાં ગવાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તને પહેલા તે યુગમાં જાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું શંકર ઘેર પટરાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું ભસ્માસુર હણનારી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તને બીજા તે યુગમાં જાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું હરીશ્ચંદ્ર ઘેર પટરાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું સત્યને કારણે વેચાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તને ત્રીજા તે યુગમાં જાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું રામચંદ્ર ઘેર પટરાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું રાવણને રોળનારી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તને ચોથા તે યુગમાં જાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
હું પાંડવ ઘેર પટરાણી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.
તું કૌરવ-કુળ હણનારી રે મા!
જ્યાં જોઉં ત્યાં જોગમાયા.

## રાંદલમાની ચૂંદડી રે

રાંદલ માની ચૂંદડી રે, રંગ ચૂંદડી રે, માની ચૂંદડી લહેરાય
ચૂંદડીનું મૂલ કોઈ મૂલવે રે, કોઈ મૂલવે રે, માની ચૂંદડી...
ચૂંદડીનું મૂલ સૂર્યદેવ મૂલવે રે, સૂર્યદેવ મૂલવે રે, માની ચૂંદડી...
ચૂંદડીનો રંગ છે કસુંબલો રે, રંગ કસુંબલો રે, માની ચૂંદડી...
ચૂંદડીમાં ચમકે તારલા રે, ઓલ્યા તારલા રે, માની ચૂંદડી...
ચૂંદડીમાં કોરે વેલ વીજળી રે, વીજળી રે, માની ચૂંદડી...
ચૂંદડી ઓઢે મા પાતળાં રે, રાંદલમા પાતળાં રે, માની ચૂંદડી...
ચૂંદડી ઓઢે રે ચૌદ લોકમાં રે, ચૌદ લોકમાં રે, માની ચૂંદડી...
માની ચૂંદડી જે ગાય, જે કોઈ સાંભળે રે, સાંભળે રે, માની ચૂંદડી...
તેની પૂરે રાંદલમાં આશ રે, રાંદલમાની ચૂંદડી રે, માની ચૂંદડી...

## ખેલ ખેલ રે ભવાની મા

ખેલ ખેલ રે ભવાની મા જય જય અંબે મા. ખેલ... (૨)
એ... જય જય અંબે મા, જય જય અંબે મા. ખેલ... (૨)
વાંઝિયાને ઘેર માડી ઘોડિયા બંધાવે (૨)
ભૂખ્યાને ઘેર માડી ભોજન રંધાવે (૨)
જય જય અંબે મા (૨) ખમ્મા ખોડિયારવાળી મા. જય...

ખેલ ખેલ રે ભવાની મા, જય જય અંબે મા. (૨)
ચંડિકાનું રૂપ ધરી અસુર સંહાર્યા (૨)
અસુર સંહારી માએ ભક્તોને તાર્યા (૨) જય જય અંબે મા (૨)
ખમ્મા ખમ્મા મહાકાળી મા, જય જય અંબે મા. ખેલ... (૨)

નવદુર્ગાનું માડી તારૂં રૂપ છે ન્યારું (૨)
ચમકે છે, ગૌરી મા અપાર તેજ તારું (૨) જય જય અંબે મા (૨)
ખમ્મા ખમ્મા બહુચરવાળી મા, જય જય અંબે મા. ખેલ... (૨)

## અંબેમા અલબેલી

(રાગ : વહાણ હાંકો મેવાસી વણઝારા)

આવો આવો અંબેમા અલબેલી,
હોવે... હોવે... અંબેમા અલબેલી,

ઘણી ખમ્મા અંબેમા અલબેલી...
ઓ અંબેમા તું તો આરાસુરમાં પ્રગટાણી,
હોવે... હોવે... ગબ્બરના ગોખવાળી,
તારી સિંહ પર છે સવારી... અંબેમા અલબેલી.

ઓ બહુચરમા તું તો ચુંવાળની રમનારી,
હોવે... હોવે... ચુંવાળની રમનારી,
તારી કુકડા પર છે સવારી... બહુચરમા અલબેલી

ઓ કાળકામાં તું તો પાવામાં પ્રગટાણી,
હોવે... હોવે... દૈત્યોને હણનારી,
ખડગ ત્રિશુળ ભરનારી કાલિકા મહાકાલી,
કાલિકા પતવાલી, કાળકામા અલબેલી

ઓ તુળજામાં તું તો દક્ષિણની રમનારી,
હોવે... હોવે... દક્ષિણની રમનારી,
તું તો ભક્તોનાં દુઃખ હરનારી, તુળજા મા મતવાલી.

ઓ ભદ્રકાળીમા તું તો ખાંડા ખપ્પર ધરનારી,
હોવે... હોવે... ખાંડા ખપ્પર ધરનારી
તું તો ત્રણ દરવાજાવાળી, ભદ્રમાં ભયહારી
ભદ્રમા મતવાલી... ભદ્રકાળી અલબેલી



## સુંદિરવર શામળિયા

– *નરસિંહ મહેતા*

વા વાયા ને વાદળ ઊમટ્યાં
ગોકુળમાં ટહુક્યા મોર,
મળવા આવો સુંદિરવર શામળિયા. ટેક.

તમે મળવાને ના'વો શા માટે? ન આવો તો નંદજીની આણ,
મળવા આવો, સુંદિરવર શામળિયા.

તમે ગોકુળમાં ગૌધન ચારંતા, તમે છો રે સદાયના ચોર,
સુંદિરવર શામળિયા.

તમે કાળી તે કામળી ઓઢંતા, તમે ભરવાડણના ભાણેજ,
સુંદિરવર શામળિયા.

તમે વ્રજમાં તે વાંસળી વાજંતા, તમે ગોપીઓના ચિત્ત ચોર,
સુંદિરવર શામળિયા.

મહેતા નરસૈંયાના સ્વામી શામળિયા, અમને તેડી રમાડ્યા રાસ,
સુંદિરવર શામળિયા.

## વૃંદાવન મોરલી વાગે છે

– *મીરાંબાઈ*

વાગે છે રે વાગે છે, વૃંદાવન મોરલી વાગે છે
તેનો નાદ ગગનમાં ગાજે છે, વૃંદાવન મોરલી વાગે છે. વૃંદાવન...

વૃંદા તે વનને મારગડે જાતાં દાણ દહીંનાં માગે છે. વૃંદાવન...
વૃંદા તે વનની કુંજગલીમાં, રાધા ને કૃષ્ણ બિરાજે છે. વૃંદાવન...

પીળાં પીતાંબર જરકસી જામા,
વહાલાને પીળો તે પટકો રાજે છે... વૃંદાવન...

કાને તે કુંડળ, મસ્તકે મુગટ,
વહાલા! મુખ પર મોરલી શોભે છે... વૃંદાવન...

વૃંદા તે વનમાં રાસ રચ્યો છે, થૈ થૈ થૈ થૈ નાચે છે. વૃંદાવન...
અમે સૂતાં'તા ભર નિદ્રામાં નણદલ વેરણ જાગે છે. વૃંદાવન...
મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ દર્શનથી ભીડ ભાગે છે. વૃંદાવન...

## રંગતાળી રંગતાળી

– વલ્લભ ભટ્ટ

રંગતાળી, રંગતાળી, રંગતાળી રે, રંગમાં રંગતાળી.
મા ગબ્બરના ગોખવાળી રે, રંગમાં રંગતાળી.
મા ચાચરના ચોકવાળી રે, રંગમાં રંગતાળી.
મા મોતીઓના હારવાળી રે, રંગમાં રંગતાળી.
મા ઘીના દીવડાવાળી રે, રંગમાં રંગતાળી.
મા માનસરોવરવાળી રે, રંગમાં રંગતાળી.
મા ચુંવાળના ચોકવાળી રે, રંગમાં રંગતાળી.
મા અંબે આરાસુરવાળી રે, રંગમાં રંગતાળી.
મા કાળી તે પાવાવાળી રે, રંગમાં રંગતાળી.
મા કલકત્તે દિસે કાળી રે, રંગમાં રંગતાળી.
મા ભક્તોને મન વ્હાલી રે, રંગમાં રંગતાળી.
મા દૈત્યોને મારવાવાળી રે, રંગમાં રંગતાળી.
મા અંબા ને બહુચરા બેની રે, રંગમાં રંગતાળી.
ક્યાંય મળતી નથી જોડ તેની રે, રંગમાં રંગતાળી.
માને શોભે સોનાની વાળી રે, રંગમાં રંગતાળી.
માએ કનકનો ગરબો લીધો રે, રંગમાં રંગતાળી.
માંહી અત્રીસ બત્રીસ જાળી રે, રંગમાં રંગતાળી.
તેમાં રત્નનો દીવડો કીધો રે, રંગમાં રંગતાળી.
માએ ઓઢણી કસુંબી ઓઢી રે, રંગમાં રંગતાળી.
મા ફરે કંકુડાં ઘોળી રે, રંગમાં રંગતાળી.
માંહી નાના તે વિધની ભાત રે, રંગમાં રંગતાળી.
ભટ્ટ વલ્લભને જોવાની ખાંત રે, રંગમાં રંગતાળી.



## કચ્છમાં અંજાર રૂડાં શહેર

કચ્છમાં અંજાર રૂડાં શહેર છે હો જી,
ત્યાં જેસલના હોય રંગમોલ રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને ઉતારા ઓરડા હો જી રે
સતી તોરલને મેડી કેરા મહેલ રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને દાતણ દાડમી હો જી રે,
સતી તોરલને કણેરી કાંબ રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને નાવણ કુંડિયું હો જી રે,
સતી તોરલને ગંગા કેરાં નીર રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને ભોજન લાપસી હો જી રે,
સતી તોરલને ઘેબરિયાં ઘી રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને મુખવાસ એલચી હો જી રે,
સતી તોરલને પાનનાં બીડાં રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

જેસલને પોઢળ ઢોલિયા હો જી રે,
સતી તોરલને હિંડોળા ખાટ રાજ,
હો... રાજ હળવે હાંકોને જેસલ ઘોડલા હો જી રે...
કચ્છમાં અંજાર...

## વીંછુડો

અરરર માડી રે હંબો હંબો વીંછુડો
માડી હું તો છાણા વીણવા ગઈતી મા વીંછુડો હંબો.
માડી મને સોબત સૈયર થઈતી,
મા વીંછુડો હંબો હંબો વીંછુડો.
માડી એ તો કાળો ને કાદવિયો – મા વીંછુડો
માડી મને વાંકા વળીને ડંખ માર્યો – મા વીંછુડો
માડી મને ટચલીએ ટચકાવી – મા વીંછુડો
માડી મને વીંછીની વેદના ભારે – મા વીંછુડો
માડી મારા ખૂણે તે ખાટલા ઢળાવો – મા વીંછુડો
માડી તમે જોષીડા તેડાવો – મા વીંછુડો
માડી તમે વૈદડાને તેડાવો – મા વીંછુડો
માડી તમે વીંછુડો ઉતરાવો – મા વીંછુડો
માડી મારા સસરાને બોલાવો – મા વીંછુડો
માડી મારો સસરો વૈદને તેડાવો – મા વીંછુડો
માડી મારો વીંછુડો ઉતરાવો – મા વીંછુડો
(એ પ્રમાણે જેઠ, દિયર, દાદા વિ.) – મા વીંછુડો
માડી મારા પરણ્યાને બોલાવો – મા વીંછુડો
માડી મારા પરણ્યાને વેદ સાચો – મા વીંછુડો
હંબો હંબો વીંછુડો

## કાનુડે ન જાણી મારી પીડ

કાનુડે ન જાણી મારી પીડ, બાઈ હું તો બાળકુંવારી રે
જલ રે જમુનાનાં અમે પાણીડે ગ્યા'તાં વાલા!
કાનુડે ઊડાડ્યાં આછાં નીર, ઊડ્યાં ફરરરર રે. કાનુડે...
વૃંદા રે વનમાં વા'લે રાસ રચ્યો વા'લા!
સોળસો ગોપીનાં તાણ્યાં ચીર, ફાડ્યાં ચરરરર રે. કાનુડે...
હું વેરાગણ કા'ના, તમારા રે નામની રે;
કાનુડે માર્યાં છે અમને તીર, વાગ્યાં અરરરર રે. કાનુડે...
બાઈ 'મીરાં' કે પ્રભુ ગિરિધરના ગુણ વા'લા!
કાનુડે બાળીને કીધાં ખાખ, ઊડી ખરરરર રે. કાનુડે...

## ઘંમ રે ઘંટી ઘમઘમ થાય...

*(લોક ગરબો)*

ઘંમ રે ઘંટી ઘમઘમ થાય,
ઝીણું દળું તો ઊડી ઊડી જાય,
જાડું દળું તો કોઈ નવ ખાય.
ઘંમ રે ઘંટી...

મારા તે ઘરમાં સસરોજી એવા,
હાલતા જાય, ચાલતા જાય,
લાપસીનો કોળિયો ભરતા જાય.
ઘંમ રે ઘંટી...

મારા તે ઘરમાં નણંદબા એવા,
નાચતાં જાય, કૂદતા જાય,
રાંધી રસોઈયું ચાખતાં જાય.
ઘંમ રે ઘંટી...

મારા તે ઘરમાં દિયરજી એવા,
રમતા જાય, કૂદતા જાય,
મારું ઉપરાણું લેતા જાય.
ઘંમ રે ઘંટી...

મારા તે ઘરમાં સાસુજી એવાં,
વાળતાં જાય, બેસતાં જાય,
ઊઠતાં-બેસતાં ભાંડતાં જાય.
ઘંમ રે ઘંટી...

મારા તે ઘરમાં પરણ્યાજી એવા,
હરતા જાય, ફરતા જાય,
માથામાં ટપલી મારતા જાય.
ઘંમ રે ઘંટી...



## આશા ભર્યાને અમે આવિયા

આશાભર્યા ને અમે આવિયા ને,
મારે વહાલે રમાડ્યા રાસ રે, આવેલ આશા ભર્યા રે.

શરદપૂનમની રાતડી ને કાંઈ ચંદ્ર ચઢ્યો આકાશ રે,
આવેલ આશા ભર્યા રે.

ઉતારા દેશું ઓરડા ને એને દેશું મેડી કેરા મહોલ રે.
આવેલ આશા ભર્યા રે.

નાવણ દેશું કુંડિયું ને એને દેશું નદી કેરાં નીર રે,
આવેલ આશા ભર્યા રે.

ભોજન દેશું લાપસી ને એને દેશું કઢિયેલ દૂધ રે.
આવેલ આશા ભર્યા રે.

મુખવાસ દેશું એલચી ને એને દેશું પાન પચાસ રે,
આવેલ આશા ભર્યા રે.

પોઢણ દેશું ઢોલિયો ને એને દેશું હિંડોળા ખાટ રે,
આવેલ આશા ભર્યા રે.

## માડી તારા મંદિરિયામાં

માડી તારા મંદિરિયામાં ઘંટારવ ગાજે,
ઊંચા ઊંચા ડુંગરિયામાં માડી તું બિરાજે,
જગદંબે... બોલો... અંબે...

લાલ ચટક ચૂંદડી, સોહે સાવજ અસવારી,
તેજ ભર્યું મુખડું જોઈ, જાઉં વારી વારી,
ચાર ચોકે ઊતર્યા માડી, ગરબો ગાવા આજે...
માડી તારા મંદિરિયામાં ઘંટારવ ગાજે...

માડી તારાં રૂપ ઘણાં, નામ તો હજાર છે
જગમાં તારો મહિમા મોટો, તું તો તારણહાર છે
ભીડ ભાગી ભક્તો કેરી, આશિષ દેતી જાજે...
માડી તારા મંદિરિયામાં ઘંટારવ ગાજે...

## પેથલપુરમાં પાવો વાગ્યો

પેથલપુરમાં પાવો વાગ્યો ને મારો
સૂતો સોનીડો જાગ્યો જવાન લાલ...
ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા (૨)

નેડલો લગાડી અલ્યા હાલ્યો તું મુંબઈ, મુંબઈ મોટું શહેર
તારા વિયોગે અહીં અમે ઝુરતાં, ત્યાં તું કરે લહેર,
હવે ઝાઝું રોકાજે ના, આજે જવાન લાલ,
ભમ્મરિયા રે લાલ ભમ્મરિયા
પેથલપુરમાં પાવો વાગ્યો ને મારો...

## રંગલો જામ્યો

હે રંગલો જામ્યો કાલંદરીને ઘાટ,
છોગાળા તારા. હો રે છબીલા તારા,
હો... રે... રંગીલા તારા, રંગભેરૂ જુએ તારી વાટ.

હે... રંગલો જામ્યો કાલંદરીને ઘાટ,
હે હાલ વહી જાય રાત વાતમાં ને માથે પરભાત
છોગાળા તારા... હો... રે... રંગીલા તારા
રંગભેરૂ જુએ તારી વાટ... રંગલો...

હો... રંગરસિયા તારો રાસડો માંડીને ગામને છેવાડે બેઠાં,
ઓ...એ... ભૂંડા ગોકુળની ગોપલીએ,
તારે સારું તો કામ બધાં મેલ્યાં હેઠાં,

હે તને બરકે તારી જશોદા માત...
છોગાળા તારા... હો... છબીલા તારા...
રંગભેરૂ જુએ તારી વાટ... રંગલો.

હે... મારા પાલવનો છેડલો મેલ,
છોગાળા હો છેલ... કે મન મારું ધડકે છે,

હે... તું છોડવાને હું તો તારી વેલ,
હું તારો મોરલો ને તું તો મારી ઢેલ,

છોગાળા હો છેલ... કે મન મારું ધડકે છે...
હે રંગલો જામ્યો કાલંદરીને....

## હો રંગરસિયા

હો રંગરસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો?
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો.

આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો (૨)
આ ઝાલ ઝૂમણાં વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો,
આ ચૂડલડો ઉતરાવતાં,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા કસુંબીને હાટ જો,
આ ચૂંદલડી વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

આજ અમે ગ્યા'તા મોચીડાને હાટ જો,
આ મોજડિયું મૂલવતાં ને
વહાણલાં વાહી ગયાં.

હો રંગરસિયા! ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી ને ઉજાગરો ભારે કીધો.

(આ રચનાનો બીજો પ્રકાર નીચે આપ્યો છે)

ઓ રંગરસિયા, ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતી રે, ઉજાગરો ક્યાં જઇ કીધો?... ટેક૦

અમે ગ્યા'તા કાંઈ, નરસૈયાને ઘેર જો (૨)
શામળિયો પરણાવતાં વ્હાણલાં વહી રે ગયાં... ઓ રંગ...

અમે ગ્યા'તા કાંઈ, બોડાણાને ઘેર જો (૨)
ગાડામાં જાતાં રે, વ્હાણલાં વહી રે ગયા... ઓ રંગ...

અમે ગ્યા'તા કાંઈ, મીરાંબાઈને ઘેર જો (૨)
ચોપાટો રમતાં રે વ્હાણલાં વહી રે ગયા... ઓ રંગ...

## મારે વહાલે રમાડ્યા રાસ રે

*- નરસિંહ મહેતા*

આશાભર્યાં તે અમે આવિયાં,
ને મારે વહાલે રમાડ્યા રાસ રે, આવેલ આશાભર્યાં
શરદપૂનમની રાતડી ને, કાંઈ ચાંદો ચડ્યો આકાશ રે... આવેલ...
વૃંદા તે વનના ચોકમાં, કાંઈ નાચે નટવર લાલ રે... આવેલ...
વહાલે વગાડી રંગ વાંસળી ને, કાંઈ સૂણી તર્યા સહુ લોક રે... આવેલ...
જાતાં ને વળતાં થંભિયાં, ઓલ્યાં નદીઓ કેરા નીર રે... આવેલ...
અષ્ટકુળ પર્વત ડોલિયા ને, ઓલ્યા ડોલ્યા નવકુળ નાગ રે... આવેલ...
મહેતા નરસૈંના સ્વામી શામળા! સદા રાખો ચરણની પાસ રે... આવેલ...

## કંઠે રૂપનું હાલરડું (માનેતીની આંખ)

(ફિલ્મ : ગુણસુંદરીનો ઘરસંસાર)

કંઠે રૂપનું હાલરડું ને આંખે મદનો ભાર,
ઘૂંઘટમાં જોબનની જવાળા ઝાંઝરનો ઝનકાર.
લાંબો છેડો છાયલનો ને ગજરો ભારોભાર,
લટક મટકની ચાલ ચાલતી જુઓ ગુર્જરી નાર.
લાંબો ડગલો ને મૂછો વાંકડી શીરે પાઘડી રાતી,
બોલ બોલતો તોળી તોળી છેલછબીલો ગુજરાતી.
અરે તન છોટું પણ મન મોટું, છે ખમીરવંતી જાતિ,
ભલે લાગતો ભોળો હું છેલછબીલો ગુજરાતી.
મેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત રે,
મેંદી રંગ લાગ્યો...
નાનો દિયરિયો લાડકો ને કંઈ લાવ્યો મેંદીનો છોડ રે, મેંદી...
વાટી ઘૂંટીને ભર્યો વાડકો ને ભાભી રંગો તમારા હાથ રે, મેંદી...
મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી...
હાથ રંગીને વીરા શું કરે કરું એનો જોનારો પરદેશ રે, મેંદી...
મેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે, મેંદી....
લાખ ટકા આલું રોકડા, કોઈ જાવ જો દરિયા પાર રે. મેંદી....
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો તારી બેની પરણે, ઘરે આવ રે. – મેંદી....
બેની પરણે તો ભલે પરણે, એની ઝાઝા દી રોકજો જાન રે. - મેંદી....
શોક્યના સાયબાને જઇ એટલું કે'જો તારો વીરો પરણે ઘરે આવ રે. - મેંદી....
વીરો પરણે તો ભલે પરણે, એની ઝાઝેરી જોડજો જાન રે. - મેંદી...
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો તારી માડી મરે ઘરે આવ રે. - મેંદી....
માડી મરે તો ભલે મરે, એને બાળજો બોરડી હેઠ રે. - મેંદી....
શોક્યના સાયબાને જઇ એટલું કે'જો તારી માનેતીની ઊઠી આંખ રે. - મેંદી....
હાલો સિપાઇઓ, હાલો ભાઇબંધીઓ હવે હલકે બાંધો હથિયાર રે. - મેંદી....

## છેલાજી રે

– અવિનાશ વ્યાસ

છેલાજી રે...
મારે હાટુ પાટણથી પટોળાં મોંઘાં લાવજો;
એમાં રૂડાં રે મોરલિયા ચિતરાવજો
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી૦

રંગ રતુંબલ કોર કસુંબલ,
પાલવ પ્રાણ બિછાવજો રે
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી૦

ઓલ્યા પાટણ શે'રની રે, મારે થાવું પદમણી નાર,
ઓઢી અંગ પટોળું રે, એની રેલાવું રંગધાર;
હીરે મઢેલા ચુડલાની જોડ મોંઘી મઢાવજો રે,
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી૦

ઓલી રંગ નીતરતી રે, મને પામરી ગમતી રે,
એને પહેરતાં પગમાં રે, પાયલ છમછમતી રે;
નથણી લવિંગિયાં ને ઝૂમખાંમાં મોંઘાં મોતી મઢાવજો રે,
પાટણથી પટોળાં મોંઘાં લાવજો – છેલાજી૦

## એ ક લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ

એ ક લાલ દરવાજે તંબુ તોણિયા રે લોલ
એક અમદાવાદી નગરી, એને ફરતી કોટે કાંગરી (૨)
માણેકચોકના માંહી, ગુર્જરી જોવા હાલી
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી
એ ક લાલ દરવાજે... ૧

ત્રણ દરવાજા માંહી બિરાજે ભદ્રકાલી
માતાના મંદરિયે ગુર્જરી જોવા હાલી
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી
એ ક લાલ દરવાજે... ૨

સીદી સૈયદની જાળી ગુર્જરી જોવા હાલી (૨)
કાંકરિયાનું પાણી ગુર્જરી જોવા હાલી
હે વહુ તમે ના જશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી
એ ક લાલ દરવાજે... ૩

## તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે

– અવિનાશ વ્યાસ

તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે, મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળિયા, તને અમથું! તારી૦
તારા પગનું પગરખું, ચમચમતું રે,
અને અંગનું અંગરખું તમતમતું રે,
મને ગમતું રે, આ તો કહું છું રે પાતળિયા, તને અમથું! તારી૦

પારકો જાણીને તને ઝાઝું શું બોલવું?
ને અણજાણ્યો જાણી તને મન શું ખોલવું?
તને છેટો ભાળીને મન ભમતું રે!
આ તો કહું છું રે પાતળિયા, તને અમથું! તારી૦

હાથમાં ઝાલી ડાંગ કડિયાળી,
હરિયાળો ડુંગરો આવતો રે હાલી;
લીંબુની ફાડ જેવી આંખડીયું ભાળી,
શરમ મૂકીને તોયે થાઉં શરમાળી.
તારા રૂપનું તે ફુલ મઘમઘતું રે, મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળિયા તને અમથું. તારી૦

કોણ જાણે કેમ મારા મનની ભીતરમાં એવું તે ભરાયું શું,
કે એક મને ગમતો આભનો ચાંદલો ને બીજો ગમતો તું!
ઘરમાં, ખેતરમાં કે ધરતીના થરમાં,
તારા સપનનમાં મન મારું રમતું રે, મને ગમતું રે,
આ તો કહું છું રે પાતળિયા, તને અમથું. તારી૦

## મારે ટોડલે બેઠો મોર

લંબવેણીને લજ્જા ઘણી ને જેનાં પોચાં પાતળિયાં,
પણ સરજનહારે સરજ્યું એની કોટુ કામણિયાર-
બાર બાર વરહના પતિ વિયોગે ઝૂરતી વિજોગણ, મોરલાનો ગહકાટ
સાંભળી પોતાના મનના મોરલાને સાંભળે છે.
અરે... કોટે મોર ટણકિયા, વાદળ ઝબૂકે વીજ,
મારા રુદાને રાણો સાંભર્યો, આવી અષાઢી બીજ.
મારે ટોડલે બેઠો રે, મોર કાં બોલે,

મારાં હૈડાં હારોહાર, મારાં દલડે લહેર્યો જાય,
જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે?

મારા કડલાં ઉપર રે, મોર કાં બોલે,
મારી કાંબીયું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.

મારી ચોરાસી ઉપર રે, મોર કાં બોલે,
મારો ટૂંપિયો લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.

મારા ટૂંપિયા માથે રે મોર કાં બોલે,
મારું હૈદું લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.

મારા કડા ઉપર રે, મોર કાં બોલે,
મારું લોકીટ લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.

મારી નથણી ઉપર રે, મોર કાં બોલે,
મારી ટીલડી લેરાલેર, જનાવર જીવતાં ઝાલ્યાં રે, મોર કાં બોલે.



## વાત બહાર જાય નહીં

(ફિલ્મ : રમતા રામ)

વાત બહાર જાય નહીં (૨)
આતો તમે રહ્યા ઘરના બીજા, કોઈને કહેવાય નહીં

નામ હોય સુનયના, આંખ એની બાડી,
ડાહ્યાભાઈનો દીકરો, વાત કરે ગાંડી.
કાણાને કાણો કહી, કદી બોલાવાય નહિ...
આ તો તમે રહ્યા ઘરના

જૂઠી આ દુનિયાની વાત બધી જૂઠી,
વાત કરે લાખોની, ખાલી હોય મુઠ્ઠી.
જૂઠાને જૂઠો કહી, કદી વગોવાય નહિ...
આ તમે રહ્યા ઘરના

નીવડે કપૂત તોય શેઠિયાનો સુત શાણો,
ઉપરથી ફૂલ જેવો અંદરથી મોટો પાણો
સમજ્યું સમજાય છતાં બોલ્યું બોલાય નહીં...
આ તો તમે રહ્યા ઘરના..

## ઝુલણ મોરલી વાગી રે

હે... ઝુલણ મોરલી વાગી રે રાજાના કુંવર,
હાલોને જોવા જઈએ મોરલી વાગી રે (૨) રાજાના કુંવર...

ચડવા તે ઘોડો હંસલો રાજાના કુંવર,
પિત્તળિયા પલાણ રે મોરલી વાગી રે (૨) રાજાના કુંવર...

બાંયે બાજુબંધ બેરખા રાજાના કુંવર,
દશે આંગળીયે વેઢ રે મોરલી વાગી રે (૨) રાજાના કુંવર...

પગે રાઠોડી મોજડી રાજાના કુંવર,
ચાલે ચટકતી ચાલ રે મોરલી વાગી રે (૨) રાજાના કુંવર...

માથે મેવાડી મોળિયો રાજાના કુંવર,
કિનખાબી સુરવાલ રે મોરલી વાગી રે (૨) રાજાના કુંવર...

## ટહુકા કરતો જાય

ટહુકા કરતો જાય મોરલો, ટહુકા કરતો જાય,
પહેલે ટહુકે ઊડીને આવ્યો મારી અંબેમાને દ્વાર,
અંબેમાને જઈને કહેજે... આવજો આપણે દ્વાર,
કે મોરલો ટહુકા કરતો જાય... (૨)

બીજે ટહુકે ઊડીને આવ્યો, મારી બહુચરમાને દ્વાર,
બહુચરમાને જઈને કહેજે, આવજો આપણે દ્વાર,
કે મોરલો ટહુકા કરતો જાય... (૨)

ત્રીજે ટહુકે ઊડીને આવ્યો.. મારી ઊમિયામાને દ્વાર,
ઉમિયા માને જઈને કહેજે, આવજો આપણે દ્વાર,
કે મોરલો ટહુકા કરતો જાય... (૨)

ચોથે ટહુકે ઊડીને આવ્યો... મારી ચામુંડામાને દ્વાર,
ચામુંડામાને જઈને કહેજે, આવજો આપણે દ્વાર,
કે મોરલો ટહુકા કરતો જાય... (૨)

પાંચમે ટહુકે ઊડીને આવ્યો... મારી જોગણીમાને દ્વાર
જોગણીમાને જઈને કહેજે... આવજો આપણે દ્વાર,
કે મોરલો ટહુકા કરતો જાય... (૨)

## ઊંચી તલાવડીની કોર

ઊંચી તલાવડીની કોર, પાણી ગ્યાં'તાં,
પાણી ભરતાં રે જોયો સાહ્યબો... ઊંચી તલાવડીની...

કાજળ આંજી આંખલડી ને મેંદી કરમાં મૂકી,
કેશની લટ વિખરાઈ, ગાલ પર ચાલુ ઝુકી ઝુકી,
અંગનો મરોડ મસ્તીખોર... પાણી ગ્યાં'તાં
પાણી ભરતાં રે જોયો સાહ્યબો... ઊંચી તલાવડીની...

ભીંજી ભીંજી જાય મારા સાડુલાની કોર,
આંખ મહીલી ઘેરાણી, જાણે બન્યું ગગન ઘનઘોર,
છાનો ના રહે આંખોનો તોર, પાણી ગ્યાં'તાં
પાણી ભરતાં રે જોયો સાહ્યબો... ઊંચી તલાવડીની...

બેડલું ડોલમડોલ રે મારું બેડલું ડોલમડોલ,
બેડલું છલકે મુખડું મલકે, ભીંજે મારી ચૂંદડી રાતીચોળ,
ઊંચી તલાવડીની કોર, પાણી ગ્યાં'તાં
પાણી ભરતાં રે જોયો સાહ્યબો... ઊંચી તલાવડીની...

## પંખીડાં રે ઊડી જાજો

પંખીડાં... હો... પંખીડાં... પંખીડાં... હો... પંખીડાં...
પંખીડાં રે ઊડી જાજો પાવાગઢ રે
મહાકાળીને જઈને કહેજો ગરબે રમે રે... પંખીડાં...

હે... ઓલ્યા ગામના સોનીડા વીરા વહેલા આવો રે,
મારી મહાકાળીને કાજ રૂડાં ઝાંઝર લાવો રે,
સારાં લાવો, સુંદર લાવો, વહેલાં આવો રે...
મહાકાળીને જઈને કહેજો ગરબે રમે રે... પંખીડાં...

હે... ઓલ્યા ગામના મણિયારા વીરા વહેલા આવો રે
મારી મહાકાળીને કાજ રૂડા ચુડલા લાવો રે,
સારા લાવો, સુંદર લાવો, વહેલાં આવો રે,
મહાકાળીને જઈને કહેજો ગરબે રમે રે... પંખીડાં...

હે... ઓલ્યા ગામના દોશીડા વીરા વહેલા આવો રે,
મારી મહાકાળીને કાજ રૂડી ચૂંદડી લાવો રે,
સારી લાવો, સુંદર લાવો, વહેલાં આવો રે,
મહાકાળીને જઈને કહેજો ગરબે રમે રે... પંખીડાં...

## રજવાડી પાઘડી

હે... તમે રજવાડી પાઘડી પહેરો પટેલ ભાઈઓ
રજવાડી પાઘડી પહેરો રે લોલ...

હે... સુટ સફારી તમે પહેરો પટેલ ભાઈઓ
સુટ સફારી તમે પહેરો રે લોલ...

હે... ઉમિયાના સંતાનો પટેલ ભાઈઓ
ઉમિયાના સંતાનો રે લોલ...

હે... તમે પૂનમે ઊંઝા હાલો પટેલ ભાઈઓ
પૂનમે ઊંઝા હાલો રે લોલ...

હે... તમે ઉમિયાની ભક્તિ કરો પટેલ ભાઈઓ
ઉમિયાને ભાવથી રીઝવો રે લોલ...

હે... તમે સારી સારી ખેતી કરો પટેલ ભાઈઓ
સારું સારું ભણતર ભણો રે લોલ...

હે... ભણી ગણીને સિદ્ધિઓ મેળવો પટેલ ભાઈઓ
ભણી ગણીને વિદેશ જાઓ રે લોલ...

હે... તમે વિદેશમાં ડંકો વગાડો પટેલ ભાઈઓ
વિદેશમાં ડંકો વગાડો રે લોલ...

હે... ભ્રૂણહત્યા સમાજનું પાપ મારા પટેલ ભાઈઓ
તેને સદંતર અટકાવો રે લોલ...

હે... સમાજને વ્યસનમુક્ત કરો મારા પટેલ ભાઈઓ
સમાજને ઉન્નત કરો રે લોલ...

હે... મેરા ભારત મહાન મારા પટેલ ભાઈઓ,
ભારતની ગરિમા જાળવો રે લોલ...

હે... તમે હળીમળીને સૌ રહો પટેલ ભાઈઓ,
રાજી થશે ઉમિયા માડી રે લોલ...

હે... તમે દાન-ભક્તિ કરતા રહો પટેલ ભાઈઓ
દાનથી દેવો રીઝશે રે લોલ...

હે... જય જય ઉમિયા બોલો પટેલ ભાઈઓ
જય જય ઉમિયા બોલો રે લોલ...

## મણિયારો તે હલુ હલુ

હાં... મણિયારો તે હલુ હલુ થઈ રહ્યો રે,
મારો મણિયારો તે હલુ હલુ થઈ રહ્યો રે,
મુજા દલડાં ઉદાસીન હોય રે,
છેલ મુજો વરણાગી મણિયારો,
કે છેલ મુજો વરણાગી મણિયારો...

હાં... મણિયારો તે કળાયેલ મોરલો રે,
મારો મણિયારો તે કળાયેલ મોરલો રે,
કાંઈ હું તો ઢળકતી ઢેલ રે,
છેલ મુજો વરણાગી મણિયારો...

હાં... મણિયારો તે અડાબીડ આંબલો રે,
મણિયારો તે અડાબીડ આંબલો રે,
કાંઈ હું તો કોયલડીનો કંઠ રે,
છેલ મુજો વરણાગી મણિયારો...

હાં... અણિયાળી તે ગોરી તારી આંખડી રે,
અણિયાળી તે ગોરી તારી આંખડી રે,
કાંઈ હું રે આંજેલ એમાં મેશ રે,
છેલ મુજો વરણાગી મણિયારો...

હાં... પનિહારીનું છલકતું બેડલું રે,
પનિહારીનું છલકતું બેડલું રે,
કાંઈ હું રે છલકંતું એમાં નીર રે,
છેલ મુજો વરણાગી મણિયારો...

## કસુંબીનો રંગ

હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ... હો
જનનીનાં હૈયામાં પોઢંતાં પોઢંતાં,
પીધો કસુંબીનો રંગ... (૨)

ધોળાં ધાવણ કેરી ધારે એ ધારે એ
પામ્યો કસુંબીનો રંગ... (૨)

બહેનીને કંઠે નીતરતા હાલરડામાં
ઘોળ્યો કસુંબીનો રંગ... (૨)

ભીષણ રાત્રિ કેરી પહાડોની ત્રાડોએ
ચોળ્યો કસુંબીનો રંગ... (૨)

દુનિયાના વીરોનાં લીલાં બલિદાનોમાં
ભભુક્યો કસુંબીનો રંગ... (૨)

સાગરને પારે સ્વાધીનતાની કબરોમાં
મહેંક્યો કસુંબીનો રંગ... (૨)

ભક્તોના તંબુરથી ટપકેલો
મસ્તીભર ચાખ્યો કસુંબીનો રંગ... (૨)

વહાલી દિલદારાના પગની મહેંદી પરથી
ચૂમ્યો કસુંબીનો રંગ... (૨)

નવલી દુનિયા કેરા સ્વપ્નોમાં કવિઓએ,
ગાયો કસુંબીનો રંગ... (૨)

મુક્તિને ક્યારે નિજ રક્તો રેડણહારે,
પાયો કસુંબીનો રંગ... (૨)

પીડિતની આંસુડા ધારે હાહાકારે
રેલ્યો કસુંબીનો રંગ... (૨)

શહીદોના ધગધગતા નિશ્વાસે નિશ્વાસે,
સળગ્યો કસુંબીનો રંગ... (૨)

ધરતીના ભૂખ્યા કંગાલોના ગાલે,
છલકાયો કસુંબીનો રંગ... (૨)

બિસ્મીલ બેટાઓની માતાને ભાલે,
મલકાયો કસુંબીનો રંગ... (૨)

ઘોળી ઘોળી પ્યાલા ભરિયા રંગીલા,
હો પીજો કસુંબીનો રંગ... (૨)

દોરંગા દેખીને ડારિયા ટેકીલા હો,
લેજો કસુંબીનો રંગ... (૨)
હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ...

## જોબનિયું આજ આવ્યું ને કાલે જાશે

જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયું જોયું મેં પાઘડીના છેડે
જોબનિયાને જોયું મેં આંગળીના વેઢે
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયાને આંખના ઉલાળામાં રાખો,
જોબનિયાને વાંકડિયા કેશમાં રાખો
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયાને હાથની હથેળીમાં રાખો,
જોબનિયાને પગની પાનીમાં રાખો,
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયાને અંગે અંગમાં રાખો,
જોબનિયાને હરિસેવામાં વિતાવો,
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયાને જેમ તેમ વેડફી ના દઈએ
જોબનિયાને રૂડી પેરે સાચવી લઈએ
જોબનિયું કાલે જાતું રહેશે...

હે... જોબનિયું છૂપ્યું છુપાવ્યું નહિ રહે,
જોબનિયું આજે આવે ને કાલ જશે,
જોબનિયું નહિ આવે વારંવાર...

## ભોળી ભવાની મા

આકાશમાંથી ઊતર્યાં રે, ભોળી ભવાની મા.
ઊતર્યાં એવા નોતર્યા રે, ભોળી ભવાની મા.
સોળે સજ્યા શણગાર રે, ભોળી ભવાની મા.
માની ઓઢણી ઝાકઝમાળ રે, ભોળી ભવાની મા.
માને કાંબીને કડલાં શોભતાં રે, ભોળી ભવાની મા.
માને ઝાંઝરનો ઝમકાર રે, ભોળી ભવાની મા.
માને બાંયે બાજુ બંધ બેરખા રે, ભોળી ભવાની મા.
માને દસે આંગળી યે વેઢ રે, ભોળી ભવાની મા.
માને કંઠે એકાવન હાર રે, ભોળી ભવાની મા.
માને ટીલડી તપે લલાટ રે, ભોળી ભવાની મા.
માએ સેંથો પૂર્યો સિંદુરનો રે, ભોળી ભવાની મા.
મા તમે ગરબે ઘૂમવા આવોને રે, ભોળી ભવાની મા.
આકાશમાંથી ઊતર્યાં રે, ભોળી ભવાની મા.
ઊતર્યા અરુણોદયના ચોકમાં રે, ભોળી ભવાની મા.

## આજ વગડાવો વગડાવો

આજ વગડાવો વગડાવો રૂડા શરણાયું ને ઢોલ
હે... શરણાયું ને ઢોલ.. દીવડા ઝાકમઝોળ
આજ વગડાવો વગડાવો રૂડા શરણાયું ને ઢોલ

આજ અજવાળી અજવાળી રૂડી રાતડી રે લોલ,
સખી રઢિયાળી રઢિયાળી કરું વાતડી રે લોલ,
તમે આંખડીમાં દીધા મને જનમોજનમ કોલ,
આજ વગડાવો વગડાવો રૂડા શરણાયું ને ઢોલ.

આજ મારે રે ઉમંગ, અંગ અંગમાં રે લોલ,
હું તો એવી રે રંગાઈ એના રંગમાં રે લોલ.
હું તો એવી રે બંધાણી એની નજરુંમાં રે લોલ,
આજ વગડાવો વગડાવો રૂડા શરણાયું ને ઢોલ.

## ચોખલીયાળી ચુંદડી મા

ચોખલીયાળી ચુંદડી મા ગરબે ઘુમવા આવો રે
રસ રઢીયાળી રાતડીમાં ગરબે ઘુમવા આવો રે...
ચોખલીયાળી.. ૧

સોળ શણગાર સોહે જોઈ મારૂં મનડું મોહે
અનંતની આ ઓઢણીઓ, ગરબે ઘુમવા આવો રે...
ચોખલીયાળી.. ૨

ગગન ગોખમાં ગરબો ઘુમે, પૂનમ કેરી રાત રે
સંગે સોહે અંબા બહુચર, ગરબે ઘુમવા આવો રે...
ચોખલીયાળી.. ૩

ગરબે ઘુમતી ગૌરી કેરા, લ્હેરણીયા લહેરાય રે
ચૌરે ચૌવટે કંકુ વેરાય, ગરબે ઘુમવા આવો રે...
ચોખલીયાળી.. ૪

## રંગ લાગ્યો ચૂંદડીએ

રંગ લાગ્યો ચૂંદડીએ રંગ લાગ્યો (૨)
ખમ્મા ખમ્મા ચૂંદડીએ રંગ લાગ્યો (૨)
માની ચૂંદડીમાં ચટકા ચાર... ચૂંદડીએ રંગ લાગ્યો

ધીરે ધીરે ચૂંદડીએ રંગ લાગ્યો...
માએ સોળે શણગાર તો અંગે ધર્યા,
મા પોઢતાં આઠમની રાત... ચૂંદડીએ રંગ લાગ્યો

માએ સોનાનો ગરબો શિરે ધર્યો,
માડી રમતાં નવ નવ રાત... ચૂંદડીએ રંગ લાગ્યો

ધીરે ધીરે ચૂંદડીએ રંગ લાગ્યો
ખમ્મા ખમ્મા ચૂંદડીએ રંગ લાગ્યો.

## શ્રી અંબામાનો હેલો

સાખી... દાંતના રાજન તણી અરજ ધરી ઉરમાય
બ્રહ્મજીની ખેડની ઉઠ્યા અંબે માત

એ... અરજ સાંભળો ને આરાસુરની માત
આવ્યા ગબ્બર ડુંગરે ને કીધો વસવાટ
મારો હેલો સાંભળો હો... હો હોજી

એ... અરજ સાંભળો ને અંબા અલબેલી
હો બહુચરાના બેની મારી વ્હાર કરજો વ્હેલી
મારો હેલો સાંભળો હો... હો હોજી

એ... ગબ્બર કેરા ડુંગરામાં રૂડો માનો મહેલ
સાવજ કેરી સ્વારી માને ચોકી ભૈરવદેવ – મારો...

એ... ગોરી માની ગાવલડીને દહાડે ચરવા જાય
રાતે આવે ડુંગરે અંબા દુધે ન્હાય – મારો...

એ... વિમળ નામે વાણિયો ને ચારે સહુની ગાય
સંધ્યા ટાણે સોંપે સહુને વધતી ધોળી ગાય – મારો...

એ... મન વિચારે વિમળશાને ગુરૂને કહેવા જાય
વરસોથી ચરવા આવે આ કોની ધોળી ગાય – મારો...

એ... ગુરૂ કહે જા ડુંગર ઉપર વાસ કરે મંમાય
પાય પડીને કહેજે માને દેરાસર બંધાય – મારો...

એ... આઠમની અજવાળી રાતે ઉઠ્યો વિમળરાય
ગાય ચડી છે ડુંગરે ને અંબા લેવા જાય – મારો...

એ... દ્વારે પહોંચી ગાવલડીને અંબા લેવા જાય
વિમળ માને વિનવે હું ગાયોનો ગોવાળ – મારો...

એ... વરસોથી ચારૂં છું ગૌરી આપો મારૂં દાણ
દેરાસર બંધાવી દયો મા રાખો અમર નામ – મારો...

એ... અંબા માએ ભૈરવજીને ત્રિશુળ દીધું હાથ
એક જ રાત્રે હરા બાંધ્યા એકસોને આઠ – મારો...

એ... અંબા પૂછે વિમળશાને કોનો આ પરતાપ
વળતો બોલ્યો વાણિયો, આ પારસનો પરતાપ – મારો...

એ... વિમળશાની વાણી જાણી માએ છોડી જ્વાળ
ભૂલ્યા ભોળા વાણિયા આ દેરાસર સંભાળ – મારો...

એ... ક્ષમા કરો ઓ માત ભવાની ભૂલ્યો મારૂં ભાન
અવનીમાં ઉગારો અંબા રાખો અમર નામ – મારો...

એ... અંબા માએ મહેર કરીને રાખ્યા દેરા પાંચ
સહાય કરીને વિમળશાને ચરણે દીધો વાસ – મારો...

એ... અંબા માનો હેલો ગાવા દાસ મનુને હામ
અંતરમાં ઉપજેલો જગમાં વ્યાપ્યો ઠામોઠામ – મારો...

એ... અરજ સાંભળી ને અંબા અલબેલી
હો બહુચરાની બેની મારી વ્હાર કરજો વ્હેલી
મારો હેલો સાંભળો હો... હો... હોજી

## દૂધે ભરી તલાવડી

દૂધે ભરી તલાવડી ને, મોતીડે બાંધી પાળ રે,
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં, ગરબે ઘૂમવા ગ્યાં'તાં

હે... વાડકી જેવી વાવલડી, માંહી ખોબલો પાણી માય રે
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં, ગરબે ઘૂમવા ગ્યાં'તાં...

ગરબો મેં તો કોરિયો માંહી, ઝબક દીવડો થાય મારી માડી,
ગરબો રૂડો ડોલરિયો એ તો, ઘમ્મર ઘમ્મર ઘૂમે મારી માડી,

હે... તાળીઓની રમઝટ પડે કે, જ્યાં ધરતી ધમધમ થાય રે,
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં, ગરબે ઘૂમવા ગ્યાં'તાં...

હળવે હાલું તો ફેર ચઢી જાય, હાલું ઉતાવળી તો પગ મચકાય,
સાળુ સંકોરું તો વાયરે ઉડી જાય, ધબકતો છેડલો સરી સરી જાય,

હે... પગની ઠેસે ધૂળની ડમરી, ગગનમાં છવાય રે,
ઝીલણ ઝીલવા ગ્યાં'તાં, ગરબે ઘૂમવા ગ્યાં'તાં...

## ઢોલીડા ઢોલ વગાડો કે...

ઢોલીડા ઢોલ વગાડો કે મારે હીંચ લેવી છે (૨)
કયા ભાઈને બારણે મારે હીંચ લેવી છે,
કઈ વહુને ઓરડે મારે હીંચ લેવી છે,
યોગેશભાઈને બારણે મારે હીંચ લેવી છે,
દેવી વહુને ઓરડે મારે હીંચ લેવી છે,
...ઢોલીડા

દિલીપભાઈને બારણે મારે હીંચ લેવી છે,
ક્ષમા વહુને ઓરડે મારે હીંચ લેવી છે,
...ઢોલીડા

હર્ષલભાઈને બારણે મારે હીંચ લેવી છે,
જૂઈ વહુની મેડીએ મારે હીંચ લેવી છે,
...ઢોલીડા

કશ્યપભાઈને બારણે મારે હીંચ લેવી છે,
હેતલ વહુની મેડીએ મારે હીંચ લેવી છે,
...ઢોલીડા

## છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી

છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી... છોડી...
મારી ભાગોળે ભટકાતી'તી... છોડી
અલ્યા ઘડો પાણી આલ,
તરસે મરીએ છીએ. છોડી...

મનના ઓરતા પૂરા થયા, આજ આંગણે આવ્યું ટાણું,
અલ્યા છોકરા કંઈનો ને છોકરી કંઈની, આંધળે બે'રું કુટાણું
ચાલવામાં લંગડી, બોલવામાં બોબડી, કાયા છે ભેંસનો ભાર
છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો
મારી મોજડીએ ચગદાતો'તો

અલ્યા પાણી હોય તો સામે આવ, શાને ફફડે છે?
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો
મારી મોજડીએ ચગદાતો'તો

ઘરમાં ઘાવા ધાન નહિ ને ઉપરથી ચાવે છે પાન,
સાજન માજનમાં કૂતરાં કબૂતરાં, પાછી લઈ જા તારી જાન,
અલ્યા પાછી લઈ જા તારી જાન,

બુદ્ધિનો બુઠ્ઠો ને બોલવામાં જુઠ્ઠો, જોયો મોટો ભરથાર...
છોરો કે'દાડાનું પયણું પયણું કરતો'તો
મારી મોજડીએ ચગદાતો'તો
છોડી કે'દાડાનું પયણું પયણું કરતી'તી
મારી ભાગોળે ભટકાતી'તી.

## શ્રી જય જગદીશ્વરની આરતી

જય જગદીશ હરે પ્રભુ જય જગદીશ હરે
ભક્તજનો કે સંકટ (૨) ક્ષણ મેં દૂર કરે – ૐ જય

જો ધ્યાવે ફલ ફાવે દુઃખ મિટે મનકા – પ્રભુ
સુખ સંપત્તિ ઘર આવે (૨) કષ્ટ મિટે તનકા – ૐ જય

માત-પિતા તુમ મેરે, શરણ ગ્રહું કિસકી – પ્રભુ
તુમ બિન ઔર ન દુજા (૨) આશ કરૂં કિસકી – ૐ જય

તુમ પુરણ પરમાત્મા, તુમ અંતર્યામી – પ્રભુ
પરમ બ્રહ્મ પરમેશ્વર (૨) તુમ સબકે સ્વામી – ૐ જય

તુમ કરૂણા કે સાગર, તુમ પાલનકર્તા – પ્રભુ
મૈં સેવક તું સ્વામી (૨) કૃપા કરો ભર્તા – ૐ જય

તુમ હો એક અગોચર સબ કે પ્રાણપતિ – પ્રભુ
કિસ વિધ મિલું દયામય (૨) તુમકો મૈં કુમતિ – ૐ જય

દીનબંધુ દુઃખ હર્તા, તુમ રક્ષક મેરે – પ્રભુ
કરૂણા હસ્ત બઢાવો (૨) દ્વાર ખડા તેરે – ૐ જય

વિષય વિકાર મિટાઓ, પાપ હરો દેવા – પ્રભુ
શ્રદ્ધા ભક્તિ બઢાવો (૨) સંતન કી સેવા – ૐ જય

Ramesh Savla

Manish Savla
94260 77479

**ARIHANT INDUSTRIES**

**Mfg :**
**Bakellit, eMoulding & Panel Board, Accessories,**
**Push Buttons, Connector Strip & Cooker Handles**

5/33, G.I.D.C. Ind. Estate, Phase-1, Vatva, Ahmedabad-382 445.
Ph.: (F) (079) 25831205 • (R) (079) 25464948

Bharat B. Gala

Nanvinchandra D. Dedhia

**Raju** ENTERPRISE

179 & 323, Unit-2, G.V.M.M,
Odhav, Ahmedabad-382415
Telefax: 22900896, 22900300
Mob.: 9327005460, 9825733710

RE- ROLLING /
S.S PATTA-PATTI

Niten Vasa

**Essen Dyechem**

Deals in : Dyes, Chemicals & Pigments

26, Karnavati Estate Part-II, Near Ramol Cross Roads,
Phase-IV, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445.
Ph. [O] (079) 2584 0108 [R] (079) 2684 0690
M.: 98240 14995

KAMLESH SHAH 9825018180

**AMAM MARKETING**

SALES PROMOTER

JK LAKSHMI CEMENT Ltd.

207, Sarthak Swastik Char Rasta, C.G.Road, Ahmedabad-380009.
Tel: (0) 079-26407413, 26562649 • (R) 26604912
Email: kms9659@gmail.com

Mukesh M. Savla
M.: 9825034569
Sagar
M.: 987913094

**BHAGYODAY QUARRY WORKS**
(MINING & CRUSHING INDUSTRIES)

Manufacturer Suppliers & Wholesaler of
Kapchi, Grit, Metal-6mm Wet Mixed, Rubble
& alltype of Construction Material,

Add: Ramnagar, Dhansura, Dist. Sabarkantha (Gujarat)
Email: Savlamukesh2002@redifmail.com, savlamukesh2002@gmail.com

**ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ**
મો. ૯૮૯૮૧૯૮૬૧૬

દાંતના ડૉક્ટર

૧, ઝલક કોમ્પ્લેક્ષ, ભટ્ટા, પાલડી, અમદાવાદ.
૧૨, જયશેફાલી રો હાઉસ, શિવરંજની ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ.
મા કમલા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ડેન્ટલ કોલેજ - બોપાલ

Let's Move towards Nature...

All things will be destroyed with time but time never just like...

शाश्वत Green
Plots & Farmhouse

ACTUAL SITE PHOTOGRAPHS



Club house | Children Play Area | RestRoom in ClubHouse | Indoor Games | Swimming Pool | Jogging Track




Site Address : Shashwat Green
Village : Makhiyav, Nr. Mankol Cross Road,
Sanad - Nalsrovar Road, Dist.: Ahmedabad.

Developers
Shashwat Reators

Hasmukh Patel : 9879608051
Vinod Patel : 9879608054
Anupam Patel : 9879608057

*જો જીવનમાં બધું જ સમજ અને આયોજનપૂર્વક*
*કરવામાં આવે તો જોખમ જેવું કંઈ જ નથી.*

ઘનશ્યામભાઈ પ્રેમજીભાઈ ઠક્કર
હર્ષ, રિયા અને યશ ઠક્કર

-॥ ઓફિસ ॥-
એફ-૪૨, શુભ કોમ્પલેક્ષ, રાજસ્થાન હોસ્પિટલની બાજુમાં, શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪.
ફોન : ૨૨૮૮૪૧૬૧-૬૨

-॥ ઘર ॥-
એ/૩/૪, ઈલાઈટ એપાર્ટમેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૨૨૮૬૭૯૩૨

Gujarat's Leading
Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

Innovision Systems & Devices
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

Innovision Systems & Devices Pvt Ltd
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



SHREE
SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com
23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.
M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078
Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa

Chandresh Virendra Lodhaya
M: 9825009803
(O) 079-25460380, 25465915
(R) 26634090 (F) 25450960

C. Narshi Roadlines
Fleet Owners & Transport Contractors
96,Hirabhai Market, Diwan Ballubhai Road, Ahmedabad-380022
DAILY PARCEL & FTL SERVICE
Sholapur, Urlikanchan, & Ichalkaranji, Secunderbad, Hyderabad, Hubli, Bangalore & All Telangana, AP.
Booking Godown : B/h, Mahipatram Ashram, O/s Raipur Gate Ph: (079) 25471676
Booking Crossing & Delivery : 6, Transport Nagar, Narol Tel: (079) 25713147
Delivery Godown : 94, Guj, Ginning Mill Compound, O/s. Prem Gate
Tel: (079) 22133082 M:9427605575

H. Patel & Associates
Chartered Accountant
Contact:
Harsukh Patel 9825070384
Ghanshyam Patel 9426172584
80, Pankaj Society, Near Anjali BRTS, Anjali Char Rasta,
Paldi Bhatha, Ahmedabad. Ph: (079) 25331982


II SHRI HARI II
SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

• Bhuj : 9825804763 | Gandhidham : 9825804703
• Anjar : 9099943074 | Mandvi : 9099943070
• Una : 9825804253 | Rajula : 9825804754

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

• Baroda : 9275051712 | Vidyanagar : 9825525732
• Raipur : 9825804761

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in

JITUBHAI SANGHVI
M: 9978445240 • 09275704452
Email : rupantar.s.jitu@gmail.com
Wedding Album, Function, Birthday, Portfolio & Teletopspe for Kids Photography
Still & Video Live
જીતુભાઈ સંઘવી ફોટોગ્રાફર

પ્રોડક્ટ, પોર્ટફોલિયો, મોડેલિંગ, લગ્ન,
ફેમેલી તથા બાળકોના આલ્બમ માટે મળો.


Sunil R. Suthar : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

HOME DESIGN
FURNITURE
Showroom & Mfg. of Wooden Furniture

Specialist for
Dining Table
Sofa Set
Bedroom Set

Shop No. 102, 1st Floor,
Sarthak-II, Opp. Rajpath Club,
S. G. Highway, Ahmedabad-380 051.
Email : homedesign3202@gmail.com

MAHESHBHAI
M. : 92272 11715

SWASTIK
GUM INDUSTRIES (INDIA)
MANUFACTURERS & EXPORTERS OF
Guar Gum Refined Splits,
Powder & All Types of Textile Thickners,
Korma, Churi (Cattle Feed), Spices & Crude Drugs
328, G.V.M.M. Vasahat, Odhav, Ahmedabad-382 415.
Phone : (O) 2290 0063, 2290 0064 (R) 2287 0062
Fax : 91-79-2290 0065 E-mail : sgi@bom3.vsnl.net.in

વર્ષ-૩૦ ● અંક - ૩
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૬

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
**Email : kutchhisamaj@gmail.com**

●

**Kutchshruti Available on**
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

# આ અંકમાં....

## રાસ - ગરબા વિશેષાંક


- ગુજરાતની અભિન્ન અસ્મિતા : નવરાત્રિ રાસ-ગરબા .................. ૦૫
- રાસ - ગરબા અનુક્રમણિકા .................. ૦૬


## વિભાગ-૧ :-


- પરિવાર સમાચાર .................. ૪૫
- સમાજ સમાચાર .................. ૪૬
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ .................. ૬૨


## વિભાગ-૨ :-


- અન્ય સંસ્થાઓના સમાચાર .................. ૬૯
- વતનના વાવડ .................. **સંકલન : ભરત ઓઝા**...૭૩
- પ્રતિભાવ .................. ૭૫


## વિભાગ-૩ :-

### તંત્રી લેખ


- વિવિધ વાદો પર ચર્ચા - વિમર્શ .................. **અશોક મહેતા**...૭૯


### પ્રાસંગિક


- મંગલમય શ્રી ગણેશ ઉત્સવ અને રંગતમય નવરાત્રિ...... **દિનેશ આર. મહેતા**...૮૧
- મંગલમૂર્તિ ગણપતિનો મંગળ ઉત્સવ .................. **મહાભાઈ આર. વોરા**...૮૩


### વિશેષ


- અનોખું દૃષ્ટિદાન .................. **હર્ષા કંસારા**...૮૪


### વિચાર વિમર્શ


- પ્રચલિત ધર્મોએ રચેલી પરંપરા ખામી ભરી છે? .......... **ડૉ. યાસીન દલાલ**...૮૬


### અભિયાન


- ગાય, ગૌશાળા, ઘી અને દૂધ! .................. **ભીમજી નાકરાણી**...૮૮
  **તંત્રીશ્રી : 'સરદાર પટેલ'**


### સ્વાસ્થ્ય


- ઔષધોની આડ અસરો .................. **ડૉ. મયંક કિ. છાયા**...૮૯

**વાર્તા**

- પાડોશી એટલે પરમ મિત્ર ........ **ડૉ. આશિષ એસ. ચોક્સી** ... ૯૫

**લઘુકથા**

- આમ પણ બને! ........ **નવીન ત્રિપાઠી 'અલ્પ'** ... ૯૮

**સુગંધ**

- છાશની માટલી ........ **ગુલાબ દેઢિયા** ... ૯૯

**માહિતી**

- મનોરંજન, માહિતી અને જ્ઞાન પીરસતું મીડિયા ........ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** ... ૧૦૦
- મહારાઓશ્રી પ્રાગમલજી સ્કોલરશિપ : મહારાઓશ્રી પ્રાગમલજી ફાઉન્ડેશન અને ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના જૂના મકાનનો ઉપયોગ ........ **પ્રા. હરસુખરાય છ. ધોળકિયા પ્રાગમલ સ્કોલર** ... ૧૦૧
- લીમડાનો ઉપયોગ અનેક રોગોમાં ચમત્કારી અસર બતાવે છે ........ **ડૉ. મિહિર એમ. વોરા** ... ૧૦૩

**સાંપ્રત મંચ (જાહેર આહ્વાન)**

- સાંપ્રત પ્રશ્ન ........ **સંકલન : હસમુખ કે. મહેતા** ... ૧૦૪

**મેઘધનુષ**

- ભરત કલા ........ **પ્રભુલાલ સિધ્ધપુરા** ... ૧૦૫
- પર્યુષણ પર્વ - આરાધના.. ........ **મહાભાઈ આર. વોરા** ... ૧૦૫
- અંજળ થઈએ ........ **દક્ષા બી. સંઘવી** ... ૧૦૫
- કોયડા ........ **ઇન્દ્રવદન અંતાણી** ... ૧૦૫

**વિવિધા**

- શબ્દ શોધ - ક્રમાંક : ૫૩ ........ **પ્રદીપ જોશી**... ૧૦૬

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંક ખાતામાં રકમ જમા કરાવવા અંગે

*કોઈપણ વ્યક્તિ, સુજ્ઞ વાચકવર્ગને શ્રી કચ્છી સમાજ-અમદાવાદના કાર્યાલયમાં અગર કોઈપણ ખાતા અથવા વિષયની રકમ બેંક ખાતામાં જમા કરાવવી હોય તો સમાજના બેંક ખાતાની વિગત અત્રે જણાવેલ છે.*

નામ / Name : શ્રી કચ્છી સમાજ અમદાવાદ / **Shri Kachchhi Samaj Ahmedabad**
બેંક : **ભારતીય સ્ટેટ બેંક,** પ્રભાત સોસાયટી, પાલડી બ્રાંચ, અમદાવાદ-૩૮૦૦૦૭.
**Bank** : **State Bank of India,** Prabhat Society, Paldi Branch, Ahmedabad-380007
ખાતા નંબર : **૧૦૦૧૧૩૧૫૦૩૯ - A/C No. : 10011315039**
આઈએફએસ કોડ : **IFS Code : SBIN0003097**

*ઉપર મુજબ કાર્યવાહી બાદ તે ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને SMS, વોટસ-અપ, પત્ર અથવા ઈ-મેઈલ દ્વારા કરવી જરૂરી છે.*

**Tel : (079) 26576184, 40076184 • Email : Kutchhisamaj@gmail.com**

કાર્યાલયનું સરનામું : શ્રી કચ્છી સમાજ-અમદાવાદ : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. વોટ્સઅપ : ૯૬૦૧૨૭૫૦૭૮




## અવસાન નોંધ

- **મંગળવાર, તા. ૩૦-૮-૨૦૧૬**
  બાબુભાઈ ખેતશી મહેતા (ઉં.વ.-૮૦)
  (ભુજપુર - અમદાવાદ)
- **શુક્રવાર, તા. ૨-૯-૨૦૧૬**
  પ્રભુલાલ રાઘવજી વોરા (ઉં.વ.-૮૫)
  (અંજાર - અમદાવાદ)

*પ્રભુ સદ્‌ગતશ્રીઓના આત્માને શાંતિ બક્ષે તેવી પ્રાર્થના.*

## ત્યારે 'કચ્છશ્રુતિ'ને યાદ રાખજો.....

- કુટુંબ પરિવારના શુભ પ્રસંગોની ખુશાલીમાં 'કચ્છશ્રુતિ'ને યાદ રાખી શુભ પ્રસંગોની ખુશાલીમાં ઉદાર દિલે "ખુશી ભેટ" મોકલાવતા રહેશો.
- આપશ્રીના પરિવારના સ્વર્ગસ્થજનોની સ્મૃતિમાં પણ "કચ્છશ્રુતિ"ને યાદ રાખી ભેટ રકમ મોકલાવી શકાય છે તથા શ્રદ્ધાંજલિ જાહેરાત પણ આપી શકાય છે.

## 'કચ્છશ્રુતિ'ના અંકો અથવા પોસ્ટ પરત આવ્યાની વિગત

*નીચે જણાવેલ વ્યક્તિઓનું નવું સરનામું અગર તેમના સગા-સંબંધીઓ પાસે હોય, તો અત્રેના કાર્યાલયમાં જણાવવા અનુરોધ છે.*

- **શ્રી પ્રફુલ્લ નાનાલાલ જોબનપુત્રા**
  સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨ ૦૧૨.
- **શ્રી મોહનલાલ રણછોડદાસ**
  સેક્ટર-૨૮, ગાંધીનગર-૩૮૨ ૦૨૮.
- **શ્રી નરેન્દ્ર જોશી 'મહારાજ'**
  ૭૯, સ્વામિનારાયણ, મુંદ્રા રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **શ્રી શરદભાઈ જી. શિલ્પી**
  ૬, શુભ સોનલ સોસાયટી, આઈ.ઓ.સી. રોડ,
  રેલવે કોલોની, ડી-કેબિન, સાબરમતી, અમદાવાદ.
- **શ્રી શિપેન્દ્ર મેઘજી ગોગરી**
  એ-૨, કોન્ટમ એપાર્ટમેન્ટ, ૩, નવનીત પાર્ક,
  પેટ્રોલ પંપ સામે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **શ્રી દેવેન્દ્રભાઈ વ્યાસ**
  ઉમા પબ્લિસિટી (સમાચાર સેવા),
  નગરપાલિકા શોપિંગ સેન્ટર,
  પહેલે માળે, સ્ટેશન રોડ, માંડવી-૩૭૦ ૪૬૫.
- **શ્રી છબીલદાસ પટેલ**
  ભગત બિલ્ડિંગ, ડી.સી.બી. બેંક બિલ્ડિંગ, લાલ ટેકરી,
  ભુજ, કચ્છ.

## 'કચ્છશ્રુતિ'માં પ્રકાશન અર્થે આવતી કૃતિઓ અંગે...

*લેખકશ્રીઓ, વિચારકશ્રીઓ અને સાહિત્યકારશ્રીઓનું નીચેની બાબતોએ ખાસ ધ્યાન દોરવાનું રહે છે....*

- કુલ પાનાની મર્યાદા, વિચાર, માહિતી વગેરે વૈવિધ્યને લક્ષમાં રાખીને દરેક કૃતિઓને ક્રમશઃ અથવા તો યથા સમયે 'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત થાય તેવા પ્રયત્નો હંમેશાં રહે છે.
- પ્રકાશન માટે લેખન સામગ્રી, કૃતિઓ મૌલિક અને અપ્રગટ હોવી જરૂરી છે.
- કોઈપણ દૈનિક અથવા તો સામિયકમાં પ્રગટ થયેલ અથવા પ્રકાશન અર્થે મોકલાવેલ રચનાઓની નકલ 'કચ્છશ્રુતિ' માટે મોકલાવવી નહીં.
- કોઈપણ પ્રકારનું લખાણ ઓછું હોય કે વધારે પરંતુ ફૂલસ્કેપ પેપરમાં જ એક બાજુ લખાણ કરવું.
- એક ફૂલસ્કેપ પેપરમાં ઓછામાં ઓછું ૩" માર્જિન છોડીને વધુમાં વધુ ૩૦ લાઈન સુધીનું જ લખાણ રહે તે ઈચ્છનીય છે.
- કૃતિઓ સાથે પોતાનું પૂરું નામ, સરનામું, ફોન નંબર જરૂર લખશો.
- કોઈપણ તબક્કે જે તે કૃતિ પરત મોકલાશે નહીં.

*આપના સાથ - સહકાર બદલ ખૂબ ખૂબ આભાર.*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત નવરાત્રિ પ્રસંગે રાસ-ગરબાનો કાર્યક્રમ

## ● નવરાત્રિ પાસના વિતરણ કેન્દ્રો ●

૧. **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ :** ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

You Can't buy better even at Higher Price,

Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)

Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

## જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....

આપના પરિવારમા આવતા વિવિધ પ્રસંગોએ તેમજ કુદરતી મુશ્કેલભર્યા અવસરોએ
આપના અમુલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલાવવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકો છો
અથવા પ્રતિનિધિઓને રૂબરૂ બોલાવી શકશો.

**શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

કાર્યાલય શ્રી અશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલો માળ, ઓફિસ નં. ૧૨૭ । ૧૩૦
ભુજ - કચ્છ (ગુજરાત), ૩૭૦ ૦૦૧ ફોન : ૦૨૮૩૨ - ૨૨૭૩૦૪ મો. : ૦૯૯૦૪૮૩૧૫૧૪

મુંબઈ ઓફિસ :

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭ । ૩૧૧ સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેનશન, ગોકુલ ધામ હોટલની બાજુમા, મુંબઈ ૪૦૦ ૦૦૪
૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦, ૯૯૨૦૨ ૯૮૭૨૬, ૯૯૧૩૯ ૫૩૮૫૬



**Available on HIRE**

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

**We Provide**

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



Corporate Office :
**Deep Industries Limited**
6th Floor, N.G. Tower,
Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

Registered Office :
**Deep Industries Limited**
Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com



**શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

**શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ** (ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નમ્ર વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



જીવદયા   કરૂણા   અહિંસા   લુણી   પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર

(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર

બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ

એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

**બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન**

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં,
અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યાક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦



॥ જય માતાજી ॥

P

જયમલસિંહ ઝાલા
૯૮૨૫૭ ૧૯૬૭૮
૯૪૦૯૦ ૪૦૬૭૬



## પ્રતાપસિંહ



પેંડાવાળા

(બાપુ પેંડાવાળા-માંડવી કચ્છ)

કચ્છી પેંડા અને
કચ્છી ગુલાબપાકના
સ્પેશિયાલિસ્ટ

શિયાળાની સિઝનમાં
કચ્છી અડદિયા, ગુંદરપાક,
અંજીરપાક મળશે.

કાજુકતરી, શુધ્ધ ઘી, દૂધ, માવા, ડ્રાયફ્રુટની મીઠાઈ તથા નમકિન્સ

૩, સુકીર્તિ ટાવર, શ્રેયસ સોસાયટી પાસે, આગમ એવન્યુ સામે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઈટ, અમદાવાદ.
શ્રી રાણેશ્વર રોડ, માંડવી-કચ્છ. ફોન : ૦૨૮૩૪-૨૩૦૦૪૪



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭   ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ

યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

**શ્રી હરિ ટ્રાવેલ્સ**
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે,
બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ



સુનિલભાઈ હંસરાજભાઈ દાવડા   મો. ૯૮૨૫૦૨૧૪૨૩

## આરતી કોર્પોરેશન

**પ્લાસ્ટીક જમ્બો બેગ ૧ ટન કેપેસીટીનું ટ્રેડીંગ**

૩૮, પી. ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની પાસે,
સી. ટી.એમ., અમદાવાદ-૩૮૦૦૨૬



**FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)**

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute

C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭" x ૧" | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

**નોંધ :** **જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેઈજ : ૭" x ૯.૫"
(૨) હાફ પેઈજ : ૭" x ૪.૫"
(૩) ૧/૪ પેઈજ : ૩.૨૫" x ૪.૨૫"
(૪) બોટમ પટ્ટી : ૭" x ૧"

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **03** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

### વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત

**જાહેરાતની સાઈઝ :** ૯૦ mm x ૬૦ mm • **કલર :** મલ્ટી કલર

**ભાવ — બારે મહિનાની જાહેરાતના દર**

- કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (દરેક જાહેરાતના)
- કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
- કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (દરેક જાહેરાતના)
- અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (દરેક જાહેરાતના)

**"શ્રી કચ્છી સમાજ - અમદાવાદ"**ના નામનો ચેક (Payable at Ahmedabad)
બેંકમાં નીચેની વિગત મુજબ ભરી શકાશે.

***For Cheque :*** **Shri Kachchhi Samaj - Ahmedabad**
**State Bank of India,** Prabhat Society, Paldi Branch, Ahmedabad-380 007.
**A/c. No.** 10011315039 • **IFS Code :** SBIN0003097

*ઓનલાઈન ટ્રાન્ઝેક્શનની વિગત આ સમાજને કોઈપણ પ્રકારે જાણ કરવાની રહેશે.*

**• કાર્યાલયનું સરનામું •**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. • વૉટ્સ એપ : ૯૬૦૧૨ ૭૫૦૭૮

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

## કચ્છશ્રુતિ સૌજન્ય

કચ્છશ્રુતિ એક અન્ય વિગત લઈને આપશ્રી સમક્ષ ઉપસ્થિત થાય છે.

હવે પછી દર અંક માટે સૌજન્યની યોજના દાખલ કરવામાં આવે છે.

જેમણે સૌજન્ય સ્વીકારેલ હશે તેમના નામની વિગત અનુક્રમણિકાના પાના પર આપવામાં આવશે.

*દા.ત.* "આ અંકનું સૌજન્ય : .... .... .... .... તરફથી પ્રાપ્ત થયેલ છે."

ઓછામાં ઓછા બાર મહિનાના બાર સૌજન્યની જરૂરિયાત રહેશે.

એક મહિનાના સૌજન્યના દર માત્ર રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે.

દર મહિને એકથી વધુ સૌજન્ય પણ સ્વિકારી શકાશે.

સમાજ પરિવારને ત્યાં જન્મ, સગાઈ, વિવાહ, લગ્ન વર્ષગાંઠ જેવા સુખદ પ્રસંગ હોય ત્યારે એ નામે સૌજન્ય આપી શકાય છે.

એ જ રીતે પરિવારજનમાં કોઈનું અવસાન થયેલ હોય ત્યારે તેમની યાદગીરી રૂપે, જે તે મહિનાના અંક પર સૌજન્ય દ્વારા શ્રદ્ધાંજલિ આપી શકાશે.

***સૌજન્ય આપવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ નીચેના નંબર પર સંપર્ક સાધવા અપીલ કરવામાં આવે છે.***

★ **અશોક મહેતા** : ૯૮૭૯૦ ૬૩૧૦૦ / ૯૮૨૫૩ ૨૨૬૮૯

★ **મનુભાઈ કોટડિયા** : ૯૬૦૧૨ ૭૫૦૭૮

★ **દિનેશ મહેતા** : ૯૯૨૪૩ ૪૨૬૨૮

★ **શ્રી કચ્છી સમાજ ઑફિસ** : (૦૭૯) ૨૬૫૭ ૬૧૮૪, ૪૦૦૭ ૬૧૮૪

---

### શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## અમદાવાદ - ગાંધીનગર જિલ્લા સ્થિત કચ્છી લેખક ભાઈ-બહેનોને અનુરોધ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ સંચાલિત માસિક મુખપત્ર "કચ્છશ્રુતિ" દર મહિનાની ૧૫ તારીખે તેના સભ્યોને પોસ્ટ કરવામાં આવે છે.

"કચ્છશ્રુતિ"ના અનેક ઉદ્દેશોમાંનો એક ઉદ્દેશ, સમાજના ભાઈ-બહેનોની કોઈ પણ યોગ્ય કૃતિને 'કચ્છશ્રુતિ'માં પ્રસારિત કરી લેખકશ્રીની કલમને ઉત્તેજન મળે તેવા પ્રયાસો કરવાનો રહેવા પામેલ છે.

આથી નિબંધ, વાર્તા, કાવ્ય, હાસ્ય ટુચકા અથવા અન્ય કોઈ પણ લખાણને કચ્છશ્રુતિ હર્ષપૂર્વક આવકારે છે. યોગ્ય કૃતિને વિના વિલંબે કચ્છશ્રુતિના અંકોમાં સ્થાન આપવામાં આવશે.

ઉગતા લેખના લેખકશ્રીઓ માટે આ એક ઉત્તમ માધ્યમ બની રહેશે.

તો થઈ જાવ તૈયાર, અને ઉપાડો કલમ. કચ્છશ્રુતિ આપની રાહ જુએ છે.

કૃતિ મોકલનારે પોતાનું નામ - સરનામું - ફોન નંબર અવશ્ય જણાવવો.

કાગળની એક જ બાજુ લખાણ હોવું જરૂરી છે.

છૂટા અને સારા અક્ષરે કરેલ લખાણ વાંચવામાં સરળ રહે છે.

***– તંત્રી મંડળ, 'કચ્છશ્રુતિ'***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ - અમદાવાદ
## કચ્છી નવું વર્ષ ઉજવાયું

શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ - અમદાવાદ દ્વારા તા. ૧૭-૭-૨૦૧૬ના રોજ અમદાવાદ ખાતે નવા વર્ષની ઉજવણી કરવામાં આવેલ અને સાથોસાથ વર્ષ ૨૦૧૬માં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ઇનામ વિતરણના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ હતું.

કાર્યક્રમની શરૂઆતમાં મંડળના પ્રમુખ ભવ્યેશભાઈ માંકડે સહુ જ્ઞાતિજનોનું સ્વાગત કરીને કચ્છી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ પ્રમુખશ્રી દ્વારા છેલ્લા ચાર વર્ષમાં યોજાયેલ કાર્યક્રમો અને તેનાં આવક-જાવકની વિગત રજૂ કરવામાં આવી હતી.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા તા. ૯-૭-૨૦૧૬ના રોજ, અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી ઘટક સમાજોના ઉત્કૃષ્ટ સામાજિક કાર્યકરોનું સન્માન કરવામાં આવેલ, જેના અંતર્ગત શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ - અમદાવાદના પ્રમુખ ભવ્યેશભાઈ માંકડ અને સિનિયર કારોબારી સભ્ય અશોકભાઈ ધોળકિયાનું સન્માન પણ કરવામાં આવેલ હતું. આ કારણથી ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન ભવ્યેશભાઈ માંકડ અને અશોકભાઈ ધોળકિયાને સહુ જ્ઞાતિજનોએ અભિનંદન પાઠવીને તેમનું ઉચિત સન્માન કર્યું હતું.

ત્યારબાદ વર્ષ ૨૦૧૬માં પ્લે ગ્રુપથી ધોરણ-૧૨માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ભેટ અને ઇનામ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો, એમ શ્રી કચ્છી વડનગરા નાગર મંડળ - અમદાવાદની એક યાદીમાં જણાવાયું હતું.

## માધાપર શ્રી હરિ શાંતિનિકેતન ટ્રસ્ટ સંચાલિત વયસ્ક વિશ્રામ સંસ્થાનું વિસ્તરણ કરાશે

કચ્છ, ગુજરાત અને સમગ્ર દેશમાં પ્રસિધ્ધ થયેલ સંસ્થાના વયસ્ક વિશ્રામ સ્થાન (વૃધ્ધાશ્રમ)માં અપાતી સગવડના કારણે ત્યાંનું વેઇટિંગ લિસ્ટ વધી ગયેલ છે. આ કારણથી વયસ્ક વિશ્રામ સ્થાનનું વિસ્તરણ કરવાનું ટ્રસ્ટીઓએ નક્કી કરેલ છે. સંસ્થામાં હાલે ૩૦ વડીલોને આશ્રય અપાઈ રહ્યો છે. જે મુજબ સંસ્થાના હાલના બંધાયેલ રૂમોની ઉપર પ્રથમ માળે વધારાના ૧૨ રૂમ બનાવવા તથા આગળના વહીવટી સંકુલના ઉપરના ભાગે વિવિધલક્ષી હોલ તથા ઉપર જવા માટે લિફ્ટની સુવિધા ઊભી કરવાનું નક્કી કરેલ છે. આ રૂમોના નામકરણ માટે પ્રત્યેક રૂમના રૂા. ૧,૫૧,૦૦૦/- તથા તેના ફર્નિચર માટે રૂા. ૫૧,૦૦૦/- મુજબ દાન સ્વીકારવાનું નક્કી થયેલ છે. તથા હોલના નામકરણ માટે પણ શ્રેષ્ઠી દાતાઓની ઑફર લેવાનું સમાજ દ્વારા ઠરાવાયેલ છે. લિફ્ટના નામકરણ માટે રૂા. ૫,૦૦,૦૦૦/-નું દાન સ્વીકારવાનું નક્કી કરવામાં આવેલ છે. આ વિસ્તરણ બાદ વધારે ૨૪ વડીલોને સમાવી શકાશે.

સંસ્થાની મુલાકાતે પધારેલા સંસદીય સચિવ માનનીયશ્રી વાસણભાઈ સમક્ષ સંસ્થાના આજીવન ટ્રસ્ટી શ્રી શશીકાંતભાઈ ઠક્કરે ભારત સરકારનો સન ૨૦૦૭ના કાયદાને ગુજરાત સરકારે સન ૨૦૦૮માં સ્વીકાર્યો છે, તેની જોગવાઈ મુજબ કચ્છ જિલ્લામાં યોગ્ય સ્થળે ૧૫૦ પથારીવાળું વૃદ્ધાશ્રમ શરૂ કરવા ગુજરાત સરકાર જરૂરી કાર્યવાહી હાથ ધરે તેવી રજૂઆત કરી હતી. માનનીય વાસણભાઈએ આ અંગે હકારાત્મક અભિગમ અપનાવી યોગ્ય કરવાની હૈયાધારણા આપી હતી.

## શ્રી અપંગ અભ્યુદય મંડળ - અમદાવાદ
## રક્ષાબંધનની ઉત્સાહભેર ઉજવણી થઈ

શ્રી કે.એસ. દેઢિયા મૂકબધિર વિદ્યામંદિર સોલા મુકામે તા. ૧૮-૮-૨૦૧૬ના રક્ષાબંધન પર્વની ઉજવણીનો કાર્યક્રમ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ. જેમાં દીપ પ્રાગટ્ય, મૂક-બધિર બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સંસ્થા પરિવાર અને બહારથી પધારેલ મહેમાનોને રક્ષા બાંધીને આનંદમય વાતાવરણમાં રક્ષા બંધનનું પર્વ ઉજવવામાં આવેલ.

સંસ્થા છેલ્લા ૨૭ વર્ષથી મૂક-બધિર બાળકોને શિક્ષણ અને તાલીમ આપી તેઓને સમાજમાં પુનઃસ્થાપન કરવા ભગીરથ પ્રયત્ન કરી રહેલ છે એમ શ્રી કે.એસ. દેઢિયા મૂક-બધિર વિદ્યામંદિર સોલાની એક યાદીમાં જણાવાયું હતું.

## શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા 'વૃક્ષો વાવો ધરતી બચાવો' કાર્યક્રમ

શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા 'વૃક્ષો વાવો ધરતી બચાવો – ૨૦૧૬' અભિયાન અંતર્ગત ઓગસ્ટ માસ દરમિયાન રઘુવંશી પાર્ક, કોટક હાઉસની સામે, એસ.જી. હાઈવે ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક, શ્રી ગૌતમભાઈ શાહ (મેયરશ્રી - અમદાવાદ), શ્રી યોગેશભાઈ લાખાણી (ગવર્નરશ્રી - શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી પરેશભાઈ ભુપતાણી, શ્રી હિમાંશુભાઈ ઠક્કર - મંત્રી, વિવિધ હોદ્દેદારો તેમજ અમદાવાદ શહેરની વિવિધ પર્યાવરણપ્રેમી સંસ્થાઓ જેમ કે કુદરત ગ્રુપ, વન ફાઉન્ડેશન, ક્લિન એન્ડ ગ્રીન અમદાવાદ ગ્રુપ, સેવ એન્વાયરમેન્ટ વગેરેના પ્રતિનિધિઓ, કુમકુમ સ્વામિનારાયણ મંદિર મણિનગરના સંતશ્રી પ્રેમવત્સલદાસજી વગેરે હાજર રહ્યા હતા.

'વૃક્ષો વાવો' અભિયાન અંતર્ગત કુલ ૪૦ જગ્યાઓએ વૃક્ષારોપણના કાર્યક્રમ થયા હતા. આ ૪૧મો કાર્યક્રમ હતો. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે આપણે સૌએ પર્યાવરણ અંગે જાગૃત થવું પડશે અને પર્યાવરણ સંરક્ષણના કામો કરવા પડશે. સાથોસાથ લોહાણા સમાજ આ બાબતે અગ્રેસર છે અને રહેશે તેવું પણ તેમણે જણાવ્યું હતું.

શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટકે પણ આ પ્રસંગે જણાવ્યું હતું કે લોહાણા સમાજ પર્યાવરણની જાળવણી માટે હંમેશાં અગ્રેસર રહ્યો છે તેમજ અમદાવાદ કોર્પોરેશનના વિવિધ પર્યાવરણના જતનના કાર્યક્રમોમાં તત્પરતાથી જોડાશે, એમ શ્રી લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીની એક યાદીમાં જણાવાયું હતું.

## ગાંધીનગર ખાતે ઝીરો બજેટ સજીવ ખેતી મહાશિબિરનું આયોજન

કચ્છ કડવા પાટીદાર સમાજ - ગાંધીનગરના માનદ્ મંત્રી શ્રી દિક્ષીતભાઈ બાબુલાલ રામજીયાણીના પ્રયાસથી તાજેતરમાં જ પેથાપુર - ગાંધીનગર ખાતે પાંચ દિવસીય મહાશિબિર યોજાઈ ગઈ કે જેમાં ગુજરાતના અને દેશના અન્ય ભાગોમાંથી આવેલ લગભગ ૩૦૦૦ ખેડૂતોએ આ સંમેલનમાં ઝીરો બજેટ ખેતી વિશે સારું જ્ઞાન પ્રાપ્ત કરેલ હતું.

આઝાદીના ૭૦ વર્ષ પછી કૃષિ પ્રધાન દેશમાં પ્રથમ પદ્મશ્રી ઍવોર્ડ મેળવનાર સુભાષ પાલેકર ઝીરો બજેટ સજીવ ખેતીની આ શિબિરમાં ઉપસ્થિત રહેલ હતા અને તેમણે જણાવેલ કે **માત્ર એક ગીર કાય કે કાંકરેજ ગાયના છાણ - મૂત્રથી ૩૦ એકર જમીનમાં ખૂબ જ સારી ખેતી થઈ શકે છે.** તેમણે જણાવેલ કે આ પદ્ધતિમાં કંપોઝ્ટ ખાતર નથી, જંતુનાશક દવા પણ નથી અને બાગાયતી તેમજ શેરડીમાં ખેડ પણ નથી. તેમ છતાં આ પદ્ધતિથી ઉત્પાદન રાસાયણિક અને સજીવ ખેતીથી વધુ મળે છે અને પ્રથમ વર્ષથી જ પરિણામ મળે છે.

આ પદ્ધતિથી ૧૦ ટકા પાણી અને ૧૦ ટકા વીજળીની જરૂર પડે છે. **તેથી ૯૦ ટકા પાણી અને ૯૦ ટકા વીજળીની બચત થાય છે.** આ પદ્ધતિથી ગ્રીન હાઉસ ગેસીસનું બિલકુલ ઉત્સર્જન થતું નથી કારણકે ઉત્સર્જન કરવાવાળા ખાતર આ પદ્ધતિથી ઉપયોગમાં લેવામાં આવતા નથી.

વધતી જતી જનસંખ્યા, ઘટતી જતી જમીન અને ખાદ્યાન્નની વધતી જતી માંગની પૂર્તિ કરવા ઝીરો બજેટ આધ્યાત્મિક ખેતી દ્વારા ઉત્પાદન વધે છે. તેથી આપણે જે દાળ અને ખાદ્યતેલોની આયાત કરીએ છીએ તે કરવી નહીં પડે.

વૈશ્વિકીકરણની પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય બજારને હાંસલ કરવાનું છે ત્યારે ઓછામાં ઓછું ઉત્પાદન ખર્ચ અને ઉચ્ચ ગુણવત્તા જરૂરી બને છે. રાસાયણિક ખેતી અને સજીવ ખેતીમાં ખર્ચ વધારે આવે છે અને ગુણવત્તા પણ નથી હોતી. જ્યારે ઝીરો બજેટ આધ્યાત્મિક ખેતીમાં ઉત્પાદન ખર્ચ શૂન્ય હોય છે અને તે વિષમુક્ત હોય છે. તે પોષણક્ષમ મૂલ્યોથી સંતૃપ્ત છે અને જીવલેણ બીમારીથી બચાવે છે. આખી દુનિયામાં આ ઉત્પાદનોની માંગ છે. તેથી આંતરરાષ્ટ્રીય બજારમાં ઓછી કિંમતે પ્રતિસ્પર્ધા જીતી શકાય છે.

પાંચ દિવસીય સેમિનાર ખૂબ જ સફળતાને વરેલ હતો.

ઉદ્‌ઘાટનના દિવસે કેન્દ્રીય કૃષિમંત્રી પુરુષોત્તમ રૂપાલા, ગુજરાતના કૃષિ અને ઉર્જામંત્રી ચીમનભાઈ સાપરિયા, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિ રાજ્યમંત્રી વલ્લભભાઈ વઘાસિયા, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ વગેરે ઉપસ્થિત રહેલ હતા.

આ સેમિનાર ભારતીય કિસાન સંઘ - ગુજરાત પ્રદેશ અને કૃષિ સહકાર વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવેલ હતું.

## કચ્છી પ્રોડ્યુસરનું નવું સાહસ અર્બન ગુજરાતી મુવી 'રેન્ટલ બેબી'

"Rental Baby" (ભાડાનું બાળક) – આ એક ગુજરાતી અર્બન કોમેડી ફિલ્મ છે જેના પ્રોડ્યુસર છે - જગદીશ જોષી (ભુજ), મયૂર ગોર (ભુજ), અર્જુન ભાનુશાલી (અમદાવાદ). ત્રણે મિત્રોનું આ એક નવું સાહસ છે.

દશેરાની આસપાસ આ ફિલ્મ સમગ્ર ગુજરાત તેમજ મુંબઈમાં જાણીતા મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં રીલીઝ થશે.

**આ ફિલ્મનું ૮૦%થી વધારે શૂટિંગ કચ્છમાં થયેલ છે.** કચ્છમાં ભુજ, માધાપર, ધોરડો, મુંદ્રા, ગાંધીધામ તેમજ બાકીનું શુટિંગ રાજકોટ તેમજ અમદાવાદમાં થયેલ છે.

**આ ગુજરાતી મૂવી સંપૂર્ણ પારિવારિક મૂવી છે.** ઘરના દરેક સભ્યો એકસાથે બેસીને જોઈ શકે એવી સળંગ કોમેડી અને એક્શન મૂવી છે.

હાલમાં ફિલ્મનું સંપૂર્ણ શૂટિંગ તેમજ એડિટિંગ, ડબિંગ, બેકગ્રાઉન્ડ મ્યુઝિક પૂરું થઈ ગયેલ છે. હાલમાં મૂવી સેન્સર બોર્ડ સમક્ષ પાસ થવામાં છે. સેન્સર પાસ થયા પછી ફિલ્મની રીલીઝ તારીખ જાહેર કરવામાં આવશે.

ફિલ્મમાં નવા તેમજ જૂના કલાકારોની એક્ટિંગ તથા મહેનત રંગ લાવશે જ.

ફિલ્મના કલાકારોનો ટૂંકમાં પરિચય આ મુજબ છે. ફિલ્મનો હીરો કેતન સાગર છે, હીરોઈન ખુશી શાહ છે. સાથી કલાકારોમાં કોમેડી કિંગ મામાના રોલમાં સુનિલ વિસરાની - જે રંગમંચના સારા કલાકાર છે, ગુજરાતી મૂવી ગુજ્જુભાઈ ધ ગ્રેટ, દાવ થઈ ગયો યાર જેવી ઘણી ગુજરાતી હીટ પિક્ચરોમાં અભિનય આપેલ છે. તેમજ મુરલીબેન પટેલ, રાજેશ ખત્રી, મલ્લીકા તથા રસિક મહારાજ જેને આપણે ફુદરડી માસીના નામથી જાણીએ છીએ – એવા ઘણા નામી કલાકારોની વણઝાર છે.

ફિલ્મની સ્ટોરી અને સ્ક્રીન પ્લે રાજન અગ્રવાલની છે. જેણે વેલકમ, વેલકમ બેક જેવી ઘણી હીટ હિંદી ફિલ્મોમાં સ્ટોરી લખેલ છે.

પિક્ચરમાં ચાર સારા ગીતો છે. જે હાલમાં યુવાવર્ગને ગમે એવું 'સેલ્ફી સ્ટાઈલ' છે તેમજ પ્રૌઢ વર્ગને ગમે એવું ઓક લોરીનું ગીત છે, એક સગાઈનું ગીત છે અને એક ટાઈટલ ગીત છે. હિંદી હીટ મૂવી 'પ્રેમ રતન ધન પાયો'ના ટાઈટલ ગીત જેના કંઠે ગવાયું છે એવા ઐશ્વર્યા મજુમદારના કંઠે આ ફિલ્મના ગીતો ગવાયા છે. કર્ણપ્રિય સંગીત મનોજ - વિમલે આપેલ છે.

ટૂંકમાં, જે એક વાર આ મૂવી ટોકીઝમાં જોઈને આવશે, એ બીજા દસ-વીસ માણસોને જોવાનું કહેશે એવી સંપૂર્ણ સ્વચ્છ પારિવારિક કોમેડી મૂવી છે.

પિક્ચર રીલીઝ થવાની તારીખની જાણકારી ન્યુઝ પેપરમાં જાહેરાતથી કરવામાં આવશે.

આપણા કચ્છી સમાજના ઘણા જ કલાકારો તેમજ પ્રોડ્યુસરો હિંદી ટી.વી. સિરીયલોમાં તેમજ હિંદી પિક્ચરોમાં ચમકેલ છે. પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં આપણા કચ્છી સમાજનું ઘણું જ ઓછું યોગદાન છે. હાલમાં ગુજરાત સરકાર પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને ઘણું જ પ્રોત્સાહન આપે છે.

આ કચ્છી પ્રોડ્યુસરનું નવું સાહસ 'રેન્ટલ બેબી' ગુજરાતી મૂવી વધુમાં વધુ સભ્યો થિયેટરમાં જોઈને, ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝને પ્રોત્સાહન આપી એમનું ગર્વ વધારશો એમ પ્રોડ્યુસર્સ પૈકી શ્રી અર્જુનભાઈ લધારામ ભાનુશાલીએ એક યાદીમાં જણાવેલ છે.

## મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ - મુંબઈના ચૂંટાયેલ પદાધિકારીઓ

તા. ૨૧ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ મુંબઈ મધ્યે મળેલ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની સામાન્ય સભામાં નીચે મુજબના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. પ્રમુખ : હેમરાજ શાહ - મુંબઈ, ઉપપ્રમુખ : ભરતભાઈ શાહ - પૂના, મહામંત્રી : જયપ્રકાશ પારેખ - નાગપુર, મંત્રી : સૌ. નીતાબેન સુભાષ શેઠ - મ્હાડ, ખજાનચી : લખમશી શાહ - મુંબઈ તેમજ કારોબારી સમિતિમાં વીસ સભ્યો પણ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

મહારાષ્ટ્ર કે મુંબઈ રહેતી ૧૮ વર્ષની ઉપરની કોઈપણ વ્યક્તિ કે સંસ્થા, જ્ઞાતિ સંસ્થા, મંડળ રૂા. ૧૨,૦૦૦/- ભરીને સભ્ય થઈ શકે છે. સભ્યપદ માટે E-mail : hemrajvshah@gmail.com અથવા મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ, C/o. રેખા પ્રકાશન, ૪૧, કરેલવાડી, ઠાકુરદ્વાર, મુંબઈ-૪૦૦ ૦૦૨ ઉપર જણાવી શકાય છે એમ મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળની એક યાદીમાં જણાવાયું હતું.

## સેંકડો કચ્છીજનોને ચમકાવતી હિંદી ફિલ્મ "મોહેં-જો-દરો"

લગાન બાદ એટલે કે લગભગ દોઢ દાયકા પછી ફરી એક બીગ બજેટવાળી હિંદી સિનેમાએ કચ્છીજનોમાં રોમાંચ જગાવ્યો છે. સેંકડો કચ્છીજનો તેમાં ઝળક્યા છે. હા વાત છે... આશુતોષ ગોવારીકર લેખિત - દિગ્દર્શિત હિંદી ફિલ્મ "મોહેં-જો-દરો"ની. જે ફિલ્મ દેશભરમાં રીલીઝ થઈ છે. 'લગાન' અને 'મોહેં-જો-દરો'માં થોડી સામ્યતા છે. બંને ફિલ્મ બીગ બજેટેડ અને લોકપ્રિય અભિનેતાઓવાળી અને **બંને ફિલ્મનું મહિનાઓ સુધી કચ્છમાં શૂટિંગ થયું છે.**

'મોહેં-જો-દરો' ફિલ્મમાં પાંચેક હજાર વર્ષ પૂર્વેની સિંધુ ઘાટીની ભવ્યતા અને સંસ્કૃતિ દર્શાવવાનો ભરપૂર પ્રયાસ થયો છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન તેના દિગ્દર્શકે આ લખનારને જણાવ્યું હતું કે ત્રણ વર્ષની મહેનત પછી આ ફિલ્મ ફ્લોર પર આવી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે 'લગાન' ફિલ્મના સુખદ અનુભવ બાદ **હું પાછો કચ્છમાં ખેંચાયો છું. અહીંનો પ્રેમ મને ખેંચી લાવ્યો છે.**

આ ફિલ્મમાં કચ્છ પણ હોંશે હોંશે જોડાયું છે. સ્થાનિક કલાકારોને ખાસ યાદ કરીને તે ફિલ્મમાં કામ કરવાની તક આપવામાં આવી છે. આશરે પોણા ત્રણસોના સ્ક્રીન ટેસ્ટ બાદ સોએક જણને લેવાયા છે. જેમાં આ લખનાર સહિત કચ્છના અન્ય કેટલાક કલાકારોને ચારથી પાંચ વખત શૂટિંગ માટે મુંબઈ પણ બોલાવ્યા હતા. **જે કચ્છના કલા જગત માટે એક અદ્ભુત ઘટના કહી શકાય.** આવી સ્પિરીટ તો આશુતોષજી જ બતાવી શકે. જાણે કેમ આપણો કચ્છીજન જ ના હોય? ઉપરોક્ત કલાકારો સિવાય કુનરિયા, કોટાય, ઝુરા, સુમરાસર, નિરોણા, લોડાઇ, ધંગ વગેરે ગામોના ૨૦૦થી વધારે કલાકારોએ આ ફિલ્મમાં કામ કર્યું છે.

બોક્સ ઓફિસ પર આ ફિલ્મ કેટલી ચાલી એ બાબતને બાદ કરતાં, આ ફિલ્મ કચ્છીજનોને ફરીથી રૂપેરી પડદે ચમકાવે છે, એ કચ્છી કલાકારો માટે ગૌરવની વાત છે. આ ફિલ્મના અભિનેતા **ઋત્વિક રોશને** પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "કચ્છીજનો અત્યંત લાગણીશીલ અને પ્રેમી છે. **અહીંનો પ્રેમ મને સદા યાદ રહેશે અને ફરીથી કચ્છમાં આવવાનું થશે તો મને ગમશે."** આ વાતમાં **કચ્છીજનોની કચ્છીયત - પ્રેમ ભારોભાર દેખાય છે.**

*પ્રસ્તુતકર્તા : પ્રદીપ જોશી - આદિપુર, કચ્છ*
*મો. ૯૩૨૮૯૩૩૨૧૩, ૯૪૨૬૬૬૦૪૧૨*

## પૂ. જયસુખરામબાપાને શબ્દાંજલિ

પૂ. જલારામ બાપાના ચોથી પેઢીના વારસદાર શ્રી જયસુખરામબાપાનું તા. ૨૭ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ દેહાવસાન થવાથી સમગ્ર રઘુવંશી સમાજ તથા ભક્તોમાં ઊંડા શોકની લાગણી પ્રવર્તી હતી. તા. ૨૯ ઓગસ્ટના રોજ સદ્ગતના અંતિમ સંસ્કાર વીરપુર મુકામે સંપન્ન થયા. જેમાં વિશ્વવંદનીય સંત શ્રી પૂ. મોરારિબાપુ, પૂ. ભાણસાહેબ સમાધિસ્થાન કમીજલાના મહંત, પૂ.જાનકીદાસ બાપુ સહિત અનેક સંતો, મહંતો જોડાયા હતા. આ પ્રસંગે સમગ્ર વિશ્વના રઘુવંશીઓની માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક દ્વારા ભારતના તમામ જલારામ મંદિરો ખાતે અંતિમ સંસ્કારના સમયે એટલે કે સવારે ૯.૩૦થી ૧૧.૦૦ કલાક દરમિયાન પૂ. જલારામ બાપાના નામની ધૂન સંકીર્તન કરવા માટે અપીલ કરાઈ હતી. જેના અનુસંધાને અમદાવાદ સહિત લગભગ ૫૦ જેટલા શહેરોમાં આ પ્રકારે શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે સદાવ્રત અને રામરોટીની સુવાસ આખા જગતમાં પ્રસરાવનાર પૂ. જલારામ બાપાના વારસદાર પૂ. જયસુખરામબાપા ગીરધરરામબાપા દ્વારા વીરપુર ખાતે કોઈ પણ પ્રકારનું દાન કોઈપણ પ્રકારે ન સ્વીકારવા માટેનો ઐતિહાસિક નિર્ણય વરસો પહેલાં લેવામાં આવેલો અને આજે પણ જલારામધામ - વીરપુર એ સમગ્ર વિશ્વમાં એકમાત્ર એવું મંદિર છે કે જ્યાં દાન સ્વીકારવામાં આવતું નથી એમ શ્રી લોહાણા મહાપરિષદની એક પ્રેસનોટમાં જણાવાયું હતું.

**(અન્ય સંસ્થાઓના સમાચાર : અન્ય સમાચાર : જુઓ પાના નં.-૭૮ ઉપર)**

### *હિંદુઓની અગ્નિસંસ્કાર વિધિ ધાર્મિક અને વૈજ્ઞાનિક છે.*

**ધાર્મિક તર્ક :** શરીરમાં જીવનભર નિવાસ કરવાના કારણે જીવને શરીર સાથે ખૂબ આત્મિયતા બંધાઈ જાય છે. દફન કરવાથી એ જીવ પોતાના શરીરની આસપાસ ભટક્યા કરે છે. એટલે જ હિંદુઓમાં મૃત શરીરનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર થાય છે. અગ્નિદાહ દેવાથી જીવ જ્યાં ત્યાં ભટકવાને બદલે બીજા લોકમાં જવાનો પોતાનો માર્ગ નક્કી કરી લે છે.

**વૈજ્ઞાનિક તર્ક :** અગ્નિસંસ્કારથી તે શરીરમાં રહેલા રોગના જીવાણુંનો સદંતર નાશ થાય છે. જ્યારે દફન કરવાથી તે જીવાણું અન્યત્ર ફેલાવાની શક્યતા રહે છે.

# વતનના વાવડ

• સંકલન : ભરત ઓઝા •

## કટોકટી વખતે વિજય રૂપાણીને ભુજની જેલમાં રખાયા હતા

ગુજરાતના મુખ્યમંત્રીપદે વરાયેલા વિજય રૂપાણીની કારકિર્દી વતન રાજકોટથી શરૂ થઈ હશે પરંતુ કટોકટી વખતે તેમણે ભુજની જેલમાં દિવસો વિતાવ્યા હતા. અને સૌથી નાની વયના કેદી તરીકે રહ્યા હતા. ભાજપના મીડિયા સંયોજક ઘનશ્યામ આર. ઠક્કરે જણાવ્યું હતું કે, એ વખતે શ્રી રૂપાણીને જેલમાં ટિફિન પહોંચાડવાની કામગીરી રસિકભાઈ ઠક્કર નિભાવતા હતા. એટલે જ રૂપાણીએ, તાજેતરની કચ્છ મુલાકાત વેળાએ સંઘના જૂના કાર્યકરોને યાદ કર્યા હતા. શ્રી રૂપાણી ૨૦૦૯માં કચ્છ સંગઠનના પ્રભારી રહી ચૂક્યા છે. અહીં એ નોંધનીય છે કે, તા. ૧૫-૧૬-૧૭ જુલાઈએ માધાપર ખાતે કચ્છ ભાજપ દ્વારા સંગઠન પર્વની બેઠક યોજાઈ હતી. તેના અંતિમ દિવસે ૧૭મીએ પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી રૂપાણી કચ્છ આવ્યા હતા.

## કચ્છમાં દસ્તાવેજી ફિલ્મ

ગંગાજલ, જય ગંગાજલ, દામૂલ, અપહરણ, સત્યાગ્રહ, આરક્ષણ, રાજનીતિ, મૃત્યુદંડ જેવી સામાજિક સમસ્યાને ઉજાગર કરતી સફળ ફિલ્મો આપનારા જાણીતા દિગ્દર્શક પ્રકાશ ઝા ભૂકંપ પીડિત કચ્છની સમસ્યાને કેન્દ્રમાં રાખી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની એક દસ્તાવેજી ફિલ્મ કચ્છમાં બનાવવવાના છે. પ્રકાશ ઝાએ કારકિર્દીની શરૂઆતમાં જ 'અન્ડર ધ બ્લુ' નામની દસ્તાવેજી ૧૯૭૫માં બનાવી હતી. તેમની બિહારનાં કોમી તોફાનો આધારિત ૧૯૮૪ની દસ્તાવેજી 'ફેસીસ આફટર સ્ટોર્મ'ને રાષ્ટ્રીય ફિલ્મ ઍવોર્ડમાં બેસ્ટ ફિચર ફિલ્મનો ઍવોર્ડ મળ્યો હતો. તેમણે ફિલ્મોની શરૂઆત ગુલઝાર લિખિત 'હીપ હીપ હૂર્રે'થી કરી હતી. તેમની 'દામૂલ' ફિલ્મને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર એનાયત થયો હતો. જાણવા મળતી વિગતો મુજબ, રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળની આ ફિલ્મ કચ્છમાં ભૂકંપ પછી ઊભી થયેલી પરિસ્થિતિ પર હશે અને સુપ્રીમ કોર્ટના માર્ગદર્શન હેઠળ બનવાની છે. આ માટે પ્રકાશ ઝા ટૂંક સમયમાં કચ્છની મુલાકાતે આવશે અને વિવિધ સ્થળે આ દસ્તાવેજી ફિલ્મનું શૂટિંગ કરવાના છે.

## ભારતના 'મૂન મિશન'માં કચ્છની ભૂમિકા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી કેન્દ્રની એન.ડી.એ. સરકારના મેઈક ઈન ઈન્ડિયા કાર્યક્રમ તળે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) દ્વારા પહેલી જ વખત પોતાના મૂન મિશન માટે તૈયાર થનારાં ચંદ્રયાન-૨ એન્જિનનું ટેસ્ટિંગ કરવા દેશી ગેસ સિલિન્ડર્સનો ઉપયોગ થવા જઇ રહ્યો છે. આ દેશી સિલિન્ડર્સ ગાંધીધામ તાલુકા સ્થિત એવરેસ્ટ કાન્ટો સિલિન્ડર્સ નામની કંપનીએ વિક્રમી સમયમાં તૈયાર કર્યા છે. જેની ઈસરોના ડેપ્યુટી ડાયરેક્ટરે પ્લાન્ટમાંથી ડિલીવરી મેળવી હતી. એવરેસ્ટ કાન્ટોએ સવા ત્રણ ટનનું એક એવા ૬૦ ગેસ સિલિન્ડર્સ વિક્રમી સમયમાં તૈયાર કરી દઇને ઈસરોના લક્ષ્યાંકને પૂરું કર્યું છે. જે અત્યંત આનંદની વાત છે.

ઈસરોના મહત્ત્વના મૂન મિશનમાં જોડાવાનો અમને ગર્વ છે તેવું જણાવી એવરેસ્ટ કાન્ટોના પુનિત ખુરાનાએ સૌ કામદારો, અધિકારી, કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા. વર્ષ ૧૯૭૮માં ઔરંગાબાદ ખાતે સ્થાપિત આ કંપનીએ કચ્છમાં ભૂકંપ બાદના ટેક્સ હોલિડેનો લાભ લઈને વરસાણા ખાતે પોતાનો પ્લાન્ટ ૨૦૦૫માં કાર્યરત કર્યો હતો, જ્યાં હાલે ૨૫૦ કર્મચારીઓ કાર્યરત છે.

## જ્યારે તારક મહેતા બાળપણની યાદમાં સરી ગયા

કચ્છમાં - માધાપરની એમ.એસ.વી. હાઈસ્કૂલના ૫૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે થેન્ક્સ એમ.એસ.વી. એલ્યુમિનિ ગ્રુપના આવકારને માન આપી ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત લેખક પદ્મશ્રી તારક મહેતાનું વિદ્યાર્થીઓને સાંનિધ્ય સાંપડવા સાથે શાળાને ભેટસ્વરૂપે પુસ્તક આપીને ચિરકાલીન યાદગીરી પૂરી પાડી હતી. આ પ્રસંગે તારકભાઈનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓના શાળા જીવનના સ્વર્ણિમ સંસ્મરણોમાં તારકભાઈ મહેતાની આ મુલાકાત યાદગાર રહેશે તેવું એલ્યુમિનિ ગ્રુપના પ્રમુખે જણાવ્યું હતું.

## તારક મહેતાએ 'કચ્છમિત્ર'ને ૭૦મા વર્ષની ઉજવણીએ શુભેચ્છા આપી

'દુનિયાને ઊંધા ચશ્મા'થી લોકહૃદયમાં સ્થાન મેળવનાર

દિગ્ગજ હાસ્યલેખક તારકભાઈ મહેતાએ ૭૦મા વર્ષે પણ સચોટ, તટસ્થ અને રાષ્ટ્રહિતના સમાચાર પહોંચાડવા બદલ 'કચ્છમિત્ર'ને શુભેચ્છા પાઠવી હતી. માતાના મઢમાં આશાપુરા માતાના દર્શનાર્થે આવ્યા તે સમયે તારકભાઈએ 'કચ્છમિત્ર' સાથેના સંસ્મરણો વાગોળતાં પૂર્વ તંત્રી શ્રી કીર્તિભાઈ ખત્રી, એડિટર દીપકભાઈ માંકડ અને સદ્‌ગત કાર્ટુનિસ્ટ કિરણભાઈ ધોળકિયાને યાદ કર્યા હતા. તેમની સાથે તેમના પત્ની ઇંદુબેન પણ હાજર રહ્યા હતા.

## વીનેશ અંતાણીને 'નર્મદ એવોર્ડ'

ગુજરાતના જાણીતા નવલ કથાકાર - વાર્તાકાર અને કચ્છી સર્જક વીનેશ અંતાણીને મહારાષ્ટ્ર રાજયના સાંસ્કૃતિક મંત્રાલયના મહારાષ્ટ્ર ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૬નું કવિ નર્મદ સાહિત્ય પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવી છે. આ પારિતોષિકમાં રૂા. ૫૧,૦૦૦/- રોકડા, સન્માનપત્ર તથા સ્મૃતિ ચિહ્ન અર્પણ કરવામાં આવશે.

## અદાણી બંદરને 'પોર્ટ ઓફ ધ યર' એવોર્ડ

ભારતના સૌથી મોટા બંદર નિકાસકર્તા અદાણી ગ્રુપની લોજિસ્ટિક શાખા અદાણી પોર્ટસ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડને તાજેતરમાં કોચી ખાતે યોજાયેલી કોસ્ટલ શિપિંગ એન્ડ આઈ.ડબલ્યુ.ટી. બિઝનેસ સમિટની ચોથી આવૃત્તિમાં યોજાયેલા ઈન્ડિયા સીટ્રેડ ઍવોર્ડસ સમારંભમાં 'પ્રાઈવેટ પોર્ટ ઑફ ધ યર' ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઍવોર્ડ દ્વારા અદાણી પોર્ટસની કોસ્ટલ શિપિંગ અને ઈનલેન્ડ વોટર ટ્રાન્સપોર્ટેશન ૨૦૧૬ની શ્રેષ્ઠ કામગીરીને બિરદાવાઈ છે. શિપિંગ મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ કે. મોહનદાસ આઈ.એ.એસ. (નિવૃત્ત)ના હસ્તે અદાણી પોર્ટસની ટીમને આ ઍવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

## શિક્ષણ થકી પચ્છમ વિસ્તારની બદલાતી તાસીર

ભુજ તાલુકાનો સરહદી પચ્છમ વિસ્તાર એટલે માલધારી અને પશુપાલન સાથે સંકળાયેલા લોકોનો પ્રદેશ. શિક્ષણ માટે તો આ અતિ પછાત લેખાતો - થોડાઘણા ભણેલા જ યુવાનો જોવા મળતા. કન્યાઓ તો ક્યાંય નહીં. ધોરણ-૧૦ અને ૧૨ ડિગ્રી કેવી? એની તો ભાગ્યે જ લોકોને ખબર હતી. અલ્પશિક્ષિત વિસ્તારમાં હવે સમયની સાથે સાથે યોગાનુયોગ સમીકરણો પણ બદલાઈ રહ્યા છે. આજના ટેકનોલોજીના યુગની દૃષ્ટિએ આ પ્રદેશમાં પણ શિક્ષિત જાગૃત યુવાનો, શિક્ષણ પર કાર્યરત એન.જી.ઓ. પચ્છમના એસ.એમ.સી. પરિષદના જાગૃત કાર્યકરોના સહિયારા પ્રયાસો થકી શિક્ષણની હવાની લહેર જોવા મળે છે. આજથી ૨૦થી ૨૫ વર્ષ પહેલાં આ સમગ્ર પચ્છમમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પાસ યુવાનો મેળવવા માટે ગામડાંઓમાં આકાશ-પાતાળ એક કરવા પડતા, છતાં આવા પાસ યુવાનો મુશ્કેલીથી મળતા. પણ આજે સમયની સાથે બી.એચ.એમ.એસ., એમ.બી.બી.એસ., બી.સી. સિવિલ એન્જિનિયર, ડિપ્લોમા મિકેનિક, એમ.એ., આઈ.ટી.આઈ. વગેરેની ડિગ્રીઓના યુવાનોની લાંબી ફોજ છે. આ રીતે પચ્છમ વાસીઓને શિક્ષણની ભૂખ જાગી છે, જે આવનારા દિવસોના શુભ સંકેત છે.

## ઇંગ્લેન્ડની ક્લબ ક્રિકેટમાં કચ્છી બાળકનું નોંધપાત્ર પ્રદર્શન

ક્રિકેટર દાદા અને પિતાને પગલે ચાલીને લંડનમાં સાત વર્ષના કચ્છી ટાબરિયાએ હીર ઝળકાવ્યું છે અને ઇંગ્લેન્ડની ક્લબ ક્રિકેટમાં નોંધપાત્ર શરૂઆત કરી છે. મૂળ ભુજના જાણીતા ક્રિકેટર અને કચ્છ ક્રિકેટ એસો.ના સેક્રેટરી રહી ચૂકેલા રસિક ભટ્ટના પૌત્ર ક્રિશ મુકેશ ભટ્ટ હેમલ હેમ્પસ્ટેઇડ ક્લબમાં ઓલરાઉન્ડર તરીકે પસંદગી પામ્યો છે. અહીં નોંધવું ઘટે કે, ક્રિકેટ ઉપરાંત અભ્યાસમાં પણ ક્રિશ નિપુણ રહ્યો છે. ગત વરસે હેમલ હેમ્પસ્ટેઇડની હેંડમંડ એકેડેમી સ્કૂલમાં સર્વશ્રેષ્ઠ એશિયન કચ્છી વિદ્યાર્થી તરીકે પણ સન્માનિત થઈ ચૂક્યો છે. આ વખતે પણ તેને મેથ્સ મેજિશિયનથી નવાજવામાં આવ્યો છે.

## ડૉ. કલામ ઇન્ટરનેશનલ યુથ કોન્કલેવમાં કચ્છી યુવા જોડાયા

લખનૌ, યુ.પી. ખાતે ભારતના મિસાઈલમેન ડૉ. કલામની યાદમાં ડૉ. કલામ ઈન્ટરનેશનલ યુથ કોન્કલેવનું આયોજન તાજેતરમાં કરાયું હતું. જેમાં કચ્છના બે યુવાઓની પસંદગી કરાઈ હતી. દેશના યુવા સક્ષમ નેતૃત્વને ડૉ. કલામના સ્વપ્નો પૂરા કરવા પ્રેરવા માટે યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક રાજ્યોમાંથી યુવાનોની સાથે જાપાન અને સિંગાપોરથી પણ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. કચ્છમાંથી આદિપુરના આનંદ ચિંતન મહેતા અને ખુશાલી ચિંતન મહેતાએ સક્રિય રીતે ભાગ લીધો હતો. આ અવસરે વક્તા તરીકે મુખ્યમંત્રી અખિલેશ યાદવ, ગવર્નર રામ નાયક સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ■

*ચલતી ફિરતી આંખો સે સદા દેખી હૈ,*
*જન્નત તો નહીં દેખી પર મૈંને માં દેખી હૈ....*

# પ્રતિભાવ

### અષાઢી બીજ કાર્યક્રમ – પ્રતિભાવ

દર વર્ષની માફક આ વર્ષે પણ આપના દ્વારા તા. ૯-૭-૨૦૧૬ના રોજ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન ખૂબ સુંદર રીતે થયેલ હતું. તે કાર્યક્રમ દરમ્યાન અમદાવાદ - ગાંધીનગર જિલ્લાના કચ્છી ઘટક સમાજના પ્રથમ હરોળના બે-બે સભ્યોનું સન્માન કરેલ, જેમાં અમારા સમાજના પ્રતિનિધિઓનું પણ સન્માન કરવામાં આવેલ હતું. જે માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદના અમો આભારી છીએ. આ માટે શ્રી કચ્છી સમાજને ખૂબ ખૂબ અભિનંદન આપીએ છીએ **કારણકે આ પ્રકારની કામગીરીથી દરેક કચ્છી સમાજો પરસ્પર નજદીક આવી શકશે અને આપસમાં એકતા પણ વધશે.**

***શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ***
***સો મિલ વિભાગ - દહેગામ***

★

### ‘કચ્છીયતની પ્રતિભા’ – સરસ દસ્તાવેજીકરણ

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત ‘કચ્છીયતની પ્રતિભા’ ગ્રંથમાં સમાજ માટે કામ કરતી સંસ્થાઓ અને સમાજોત્થાન માટે મથતા લોકોનો પરિચય, આ ગ્રંથમાં છે. આ બધા વિશે માહિતી મળે અને તેમની પ્રતિભા ઉજાગર થાય તે બાબત ઉત્તમોત્તમ છે. પોતાના સાંકડા વર્તુળમાં જીવતા ૯૦% લોકો વચ્ચે તેમાંથી બહાર નીકળી સમાજનું ચિંતન અને ચિંતા કરતા લોકો હંમેશાં વિરલ હોય છે. વળી, તેઓ ચુપચાપ કામ કરતા હોવાથી માર્કેટિંગના આ યુગમાં પ્રકાશમાં નથી આવતા, ત્યારે કોઈએ તેમને પ્રકાશિત કરવાની જવાબદારી લેવી પડે છે. આપે આ જવાબદારી લીધી, તેથી તેમનાં કાર્યો બધા સામે પ્રકાશિત થયા. ખાતરી છે કે આ વાંચીને બીજા થોડા લોકો વર્તુળમાંથી બહાર નીકળી આ વિરલ સંઘમાં જોડાશે અને તેમનું વર્તુળ વિસ્તરશે.

આ એક સરસ દસ્તાવેજીકરણ છે. જરૂરી પણ છે. સમયાંતરે આવું થતું રહે તો સાચા લોકોની કદર થતી રહે.

***હરેશ ધોળકિયા - ભુજ***

★

### ‘કચ્છીયતની પ્રતિભા’

કચ્છી નૂતન વર્ષ - અષાઢી બીજ જુલાઈ ૨૦૧૬ના રોજ આયોજિત મિલન સમારંભમાં ‘કચ્છીયતની પ્રતિભા’ પુસ્તકનું વિમોચન રાખવામાં આવ્યું અને સાથે સાથે એમાં ઉલ્લેખ કરાયેલા ભિન્ન ભિન્ન સમાજના સામાજિક કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું. એની ઝલક જોઇ સૌ કચ્છીઓનું હૈયું ગદગદ થઈ ગયું.

ટૂંકા સમયમાં કચ્છીઓના સામાજિક ઉત્કર્ષ માટે પોતપોતાની રીતે પ્રવૃત્તિ કરનાર વિવિધ ઘટકોની કામગીરી સાથે તેની સાથે સંકળાયેલી વિશિષ્ટ વ્યક્તિઓનો પરિચય જ્ઞાતિજનોને કરાવવામાં આવ્યો. આ પુસ્તક એ પુસ્તક ન રહેતા સામાજિક સેવા ક્ષેત્રે આગવી રીતે કાર્ય કરનારા પુષ્પોનો એક સૌરભગુચ્છ બની રહ્યું. આ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદે સમાજના સંગઠન અને સેવા માટે સદા તત્પર રહેતા અને ભવિષ્યમાં પણ તત્પર રહે તે માટે એક ખૂબ જ પ્રસંશનીય પગલું ભર્યું.

ખૂબ ઓછા લોકો આવા બધા સમાજના ઘટકો કે તેમની કામગીરી વિશે જાણતા હશે. પણ આ પુસ્તક દ્વારા અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં હાલમાં સક્રિય રીતે કાર્ય કરતા **૩૧ જેટલી સંસ્થાઓના નામ, તેના પ્રમુખ અને મંત્રીના નામ અને સંપર્ક સેતુ વિશે જાણકારી ઉપલબ્ધ થઈ શકેલ છે.**

આ બધું ત્યારે જ થઈ શક્યું જ્યારે એમાં એક સંગઠિત ટીમે સક્રિય રહી રસ લીધો – દાનવીરોએ આ પ્રવૃત્તિને ઉદાર દિલથી બિરદાવી અને કાર્યકરોને સબળ પીઠબળ પૂર્યું.

ભવિષ્યમાં આ બધા જ ઘટકો પોતપોતાના ક્ષેત્રમાં હજુ પણ વધુ અને સારી પ્રવૃત્તિઓ કરે એ જ અંતરની અભ્યર્થના.

આ બધી પ્રવૃત્તિઓ તેના કાર્યકરો, તેમની વિવિધ માહિતીઓ ભેગી કરી એક પુસ્તકરૂપે સમાજની વ્યક્તિઓ માટે હાથવગી કરવી એ બહુ મહેનત અને કાળજી માંગે એવું કામ છે. આ પુસ્તક સૌને ઉપયોગી બને એ માટે એના સંકલન - સંપાદન પ્રાગટ્ય માટે કાર્ય કરનાર સૌ કોઈનો હાર્દિક આભાર માનવો જ પડે.

આ ઉમદા ટીમ સમાજ માટે શ્રેષ્ઠ શિલ્પી બની સમાજસેવામાં તત્પર રહે એ જ હ્રદયપૂર્વકની અભ્યર્થના.

***ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ***

★

**'કચ્છીયતની પ્રતિભા' – યુવાવર્ગ જાગૃત થાય**

'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક જે તે સમાજ માટે વિવિધ પ્રકારની સેવા અને ઉત્કર્ષ માટે ભોગ આપતા આગેવાનોના જીવનની ઝલક અને કાર્યો તથા જે તે સમાજના અમદાવાદ - ગાંધીનગર ખાતે આવેલા ભવનો તથા સંસ્થાઓ વિશેની માહિતીથી માહિતગાર કરતું અનુભવાયું.

ખાસ કરીને યુવાનો, આગેવાનોની ઉંમર અને તેમના સમાજ માટેના કાર્યોમાંથી પ્રેરણા લઈ, તેઓ પણ કોઈપણ સામાજિક પ્રવૃત્તિમાં અગ્રેસર થાય તો જ, મારા મંતવ્ય પ્રમાણે પ્રકાશનનો હેતુ સાર્થક થાય અને તે માટે શુભ મનોકામના.

*હિમાંશુરાજ શાહ - બેંગ્લોર*

★

**'કચ્છીયતની પ્રતિભા' – કાબિલે દાદ**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત 'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક જોઈ - વાંચીને ખૂબ આનંદ થયેલ છે. તે માટે આભાર.

પુસ્તકનાં સમગ્ર ભાગ પર ઊડતી નજર નાખતા જ અનુભવાયું કે આ પુસ્તકમાં અથાગ પરિશ્રમ કરવામાં આવ્યો છે, જે કાબિલે દાદ છે.

અમદાવાદ - ગાંધીનગર જેવા ધમાલિયા અને ઘોંઘાટિયા વાતાવરણમાં કચ્છી માડુ પોતાનાં આર્થિક ઉપાર્જન સિવાય અનેકવિધ વિકાસશીલ પ્રવૃત્તિઓ કરે તે કચ્છને માટે ગૌરવપૂર્ણ બાબત છે.

માહિતીસભર પુસ્તક પ્રાપ્તિથી અતિ આનંદ થયો. અંતમાં ફરી સંપાદક મંડળનો એકવાર આભાર.

*દક્ષા પી. ઠક્કર - માધાપર*
*મો. ૯૪૨૭૪ ૦૭૬૧૧*

★

**'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક અને મુખપત્ર 'કચ્છશ્રુતિ'**

'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક માટે આપ સૌનો આભાર.

આખા પુસ્તકનું સંકલન ખૂબ સુંદર છે. ૩૧ જેટલા વિવિધ જ્ઞાતિઓના સમાજના તેમજ શ્રી કચ્છી સમાજના હોદ્દેદારો અને પાયાના સમાજ સેવકોમાંથી દરેક ઘટક સમાજના બે હોદ્દેદારોનું અષાઢી બીજ નિમિત્તે યોજાયેલ પ્રોગ્રામમાં સન્માન કરવાનું જે ઉમદા કામ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી કરવામાં આવ્યું તે પ્રસંશનીય છે. સર્વેનો પરિચય તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો પણ પરિચય સાંપડ્યો અને હર્ષની લાગણી અનુભવી. આ બદલ આપ સૌને ધન્યવાદ.

'કચ્છશ્રુતિ'ના અંકો ખૂબ નિયમિત મળતા રહે છે. **વાંચન વિવિધતામાં વિશાળતા આવી રહી છે.** જે બદલ લેખક મિત્રો અને આપશ્રીને અને સંપાદક મંડળને અભિનંદન.

*દિલીપ એમ. વૈષ્ણવ - અમદાવાદ*
*મો. ૯૯૯૮૮ ૧૮૨૧૫*

★

**'કચ્છશ્રુતિ'નું સ્તર સતત ઊંચાઇ પર...**

'કચ્છશ્રુતિ'નું સ્તર સતત ઊંચે જઈ રહ્યું છે. તે માટે આપને તથા આપના સાથીઓને ખૂબ અભિનંદન. કચ્છી સમાજના વિકાસમાં આપ હંમેશાં કાર્યરત રહો એવી શુભેચ્છા.

*પ્રો. એચ.સી. ધોળકિયા - વડોદરા*

★

**'કચ્છશ્રુતિ' માસ ઓગસ્ટ-૨૦૧૬ના અંકમાં રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો માણવા મળ્યા – એ મારું સદ્‌ભાગ્ય...**

આપના સમાજ દ્વારા પ્રકાશિત 'કચ્છશ્રુતિ'ના માસ ઓગસ્ટ-૨૦૧૬ના અંક વિશે મારા પ્રતિભાવો નીચે મુજબ છે.

**ઘણા સમય અગાઉ 'કચ્છશ્રુતિ'ના અંકો અને તેનાં અત્યારના અંકો વચ્ચે જમીન આસમાનનો ફરક તરત વર્તાય છે.** 'કચ્છશ્રુતિ'નો હું શરૂઆતથી જ વાચક રહ્યો છું. એટલે આ પ્રમાણે લખું છું. **માસ ઓગસ્ટ-૨૦૧૬ના અંકના બધા જ પાનાઓમાં ઉચ્ચ કોટીની મેટર આપવામાં આવી છે.** દરેક લેખ, માહિતી સાથે વતનના વાવડ પણ ખાસ વાંચું છું. આ અંકમાં 'રાષ્ટ્ર ભક્તિનાં પોરસીલાં ગીતો - ગીતોમાં ઓગનતી રાષ્ટ્રભક્તિ'વાળો લેખ મને ખૂબ જ ગમ્યો. આ લેખ માટે **ભાઈશ્રી પ્રવીણચંદ્ર શાહ**ને ખાસ અભિનંદન પાઠવું છું. રાષ્ટ્રપ્રેમલક્ષી આખે-આખા ગીતો વાંચવા અને માણવા મળ્યા, એ મારું સદ્‌ભાગ્ય સમજું છું. સામાન્ય રીતે દરેક ગીતની એક-બે લાઈનો યાદ હોય, પરંતુ ઉપરોક્ત 'કચ્છશ્રુતિ'ના અંકમાં મોટી સંખ્યામાં પૂરા ગીતો વાંચવા મળ્યા. આ પ્રકારની મહેનત અને રજૂઆત માટે અભિનંદન.

'સાતમ-આઠમનો મેળો' એ વિશે **ડો. મિહિરભાઈ વોરા**નો લેખ પણ ગમ્યો.

*ધનજી કે. ભાનુશાલી - એડવોકેટ, ભુજ*
*મો. ૯૩૨૭૬ ૫૭૯૩૦*

★

**‘કચ્છશ્રુતિ’ના અંકો લાજવાબ**

**‘કચ્છશ્રુતિ’ હવે લાજવાબ રીતે પ્રસિધ્ધ થાય છે. દર માસે કચ્છશ્રુતિના અંકનો ઇંતજાર રહે છે. આ માટે શ્રી કચ્છી સમાજ - અમદાવાદને ખૂબ ખૂબ અભિનંદન. અષાઢી બીજની ઉજવણીની ઝલક ખૂબ સુંદર છે. આનું નામ કચ્છીયત!**

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ*

★

**‘કચ્છશ્રુતિ’ના રસપ્રદ અંકો માટે અભિનંદન**

‘કચ્છશ્રુતિ’ના અંકો પ્રતિમાસ નિયમિત મળતા રહે છે તે બદલ આભાર. **સુશોભિત મુખપૃષ્ઠ અને વૈવિધ્ય ભરપૂર વાંચન સામગ્રી માણવાનું રસપ્રદ રહે છે. ‘કચ્છશ્રુતિ’ને અભિનંદન.**

‘દિન વિશેષ’ કોલમથી ‘કચ્છમિત્ર’ પણ સારું યોગદાન કરી રહેલ છે. તા. ૧૬-૮-૨૦૧૬ના દૈનિકમાં રાષ્ટ્રીય ચેતનાની સજાગ કવિયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણની માહિતી આપવામાં આવી છે જેમણે ‘**ખૂબ લડી મર્દાની વહ તો ઝાંસીવાલી રાની થી**’ કવિતાની રચના કરેલ છે. એ વાંચીને કવિતા વાંચવા મન થયું અને આપના **‘કચ્છશ્રુતિ’ અંકમાં રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો વિશેષાંકમાં આ કવિતા વાંચવા મળી. ખૂબ જ પ્રસન્નતા થઇ. એ બદલ ‘કચ્છશ્રુતિ’નો હું ઋણી બન્યો છું.** અન્ય લેખો તેમજ શ્રી બલવીરસિંહ જાડેજા તથા નવીન ત્રિપાઠી ‘અલ્પ’ની વાર્તાઓ પણ વાંચવી ગમી.

*પુષ્પદંત ભટ્ટ - માંડવી, કચ્છ*

★

**‘કલરવ’ વિભાગ માટે પ્રતિભાવ**
**‘કચ્છશ્રુતિ’ના અંકો દિલથી વાંચું છું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત ‘કચ્છશ્રુતિ’ માસિક ત્રીસ વર્ષથી પ્રકાશિત થાય છે. જે મને નિયમિત રીતે મળે છે. તે માટે આભાર. મારી ૭૭ વર્ષની ઉંમર થઈ છે. તબિયત પણ ઠીક-અઠીક રહે છે. આમ છતાં ‘કચ્છશ્રુતિ’ માસિકના અંકો હું દિલથી વાંચું છું. ‘કચ્છશ્રુતિ’માં પ્રસિધ્ધ થતા ‘કલરવ’ કોલમના સંપાદક **દિનેશ માંકડ** ઘણા સમયથી શિક્ષક તરીકે કામ કરતા હતા. તેઓ કલરવ કોલમમાં બાળકો - યુવાનો અને વડીલોને માટે જ્ઞાન-વિજ્ઞાન સાથે ગમ્મતની વિગત આપે છે. આ રીતે ‘કચ્છશ્રુતિ’ના વાચકવર્ગ સાથે તેમણે અવિરત સંબંધ જાળવી રાખ્યો છે. આવા વિદ્વાન સાહિત્યકાર માટે ગૌરવ ઉપજે તે સ્વાભાવિક છે. ‘કચ્છશ્રુતિ’ના તંત્રીમંડળે કલરવ કોલમને અગ્ર સ્થાન આપ્યું છે અને તેના માટે વાચકવર્ગના અભિપ્રાયો મેળવવા પ્રયત્ન કર્યા છે. મારા અભિપ્રાય મુજબ તે કોલમમાં પ્રસિધ્ધ થતી વિગતો ફક્ત બાળકો માટે નહીં પરંતુ ‘કચ્છશ્રુતિ’ના તમામ વાચકવર્ગ માટે છે. તેમાં ‘ટકોર ટાબરિયાને’, ‘ગૌરવ ગાથા’, ‘નાની વાત - મોટો બોધ’, ‘હસ્યા તો ફસ્યા’, ‘શું તમે જાણો છો?’, ‘તન સારું તો મન સારું’, ‘મગજ કસો, નહિં તો ખસો’ — જેવા વિવિધ પ્રકારના વિષયોની માહિતી બાળકો ઉપરાંત તમામ વાચકવર્ગ માટે ઉપયોગી અને અગત્યની હોય છે. આ વિભાગ વધારે લોકભોગ્ય બને તે માટે તેના પ્રતિભાવ જાણવાની વાતથી આનંદ થાય છે. દિનેશ માંકડને ધન્યવાદ. મેગેઝિનના જુદા જુદા વિભાગોમાંથી કોઈ એક વિભાગ માટે મંતવ્ય રજૂ કરવું એ કઠિન છે. **‘કચ્છશ્રુતિ’ના વાચકવર્ગે સમાજ અને સાહિત્ય જગતની જાણકારી મેળવવા તેના દરેક વિભાગ વાંચવા જેવા હોય છે. ‘કચ્છશ્રુતિ’ છેલ્લા કેટલાક સમયથી ઘણી જ પ્રગતિ કરી રહ્યું છે.** તેથી ખૂબ આનંદ તથા ગૌરવની લાગણીનો અનુભવ થાય છે. ‘કચ્છશ્રુતિ’નું ટાઈટલ ઘણું જ સુંદર હોય છે. ‘કચ્છશ્રુતિ’ માસ જુલાઈ-૨૦૧૬ના મુખપત્રમાં ‘મુંજી માતૃભૂમિ કે નમન...’ સાથે દર્શાવેલા ચિત્રો આગવી, સુંદર, નયનરમ્ય છાપ ધરાવે છે. તેમાં આવતા લેખોની માહિતી ઉપયોગી હોવાના કારણે અગ્રસ્થાન ધરાવે છે. **આથી દર મહિને ‘કચ્છશ્રુતિ’ના અંકોની હું રાહ જોતો રહું છું.**

‘કચ્છશ્રુતિ’ માસ ઓગસ્ટ-૨૦૧૬નો **‘રાષ્ટ્રગીત વિશેષાંક’** ઘણો જ સુંદર છે. વાંચન સામગ્રી અને રાષ્ટ્રગીતોથી શોભાયમાન બન્યો છે. તંત્રીલેખ દ્વારા શ્રી કચ્છી સમાજ - અમદાવાદને એક મજબૂત સંગઠન બનાવી શકીએ... એ સૂચન આવકારદાયક છે. તે સિવાય, ‘ભુજમાં સાતમ-આઠમનો મેળો’ નામના લેખથી સૌ કોઈને જૂનાં સંસ્મરણો યાદ આવી જાય, તેવો **ડો. મિહિર વોરા**નો લેખ છે. વ્યક્તિગત નિરોગી રહેવા માટેની માહિતી **દિલીપભાઈ વૈશ્નવ**ના ‘ચરબી’ લેખમાં જાણવા મળી. તેવી રીતે **રસિકભાઈ મહેતા**એ ‘કચ્છશ્રુતિ’ના વાચક વર્ગને સહુ સાથે મળીને સંવાદ કેળવવા દિલથી વાત લખી છે. તેમનું સૂચન પણ આવકારદાયક છે. સમાજ દ્વારા પ્રકાશિત

'કચ્છીયતની પ્રતિભા' પુસ્તક ઘણું જ ઉપયોગી છે. કચ્છીઓના સંસ્કાર, સંસ્કૃતિ, ઉત્કૃષ્ટ કામગીરી વગેરે કચ્છીયતને ઉજાગર કરનાર આ સુંદર પુસ્તક છે.

'કચ્છશ્રુતિ' મનપસંદ રૂપ-રંગ સાથે રસપ્રદ ચડિયાતા લેખ, કાવ્ય, વાર્તા વગેરે પ્રકાશિત કરે છે. **આ મેગેઝિન ખૂબ જ પ્રગતિ કરતું જાય છે. આ માટે સમાજ અને તેના તંત્રીમંડળને મારા ખૂબ અભિનંદન... ધન્યવાદ.**

*મહાભાઈ આર. વોરા - ભુજ*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

★

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઇબ્રેરી : ઉત્તમ યોજના**

**ચાલુ વર્ષના 'કચ્છશ્રુતિ'ના દરેક અંકો ખૂબ જ વૈવિધ્યપૂર્ણ અને વાંચન સામગ્રીઓથી ભરપૂર પ્રકાશિત થયા છે.** તે ઉપરાંત અમદાવાદ ખાતેની વિવિધ પ્રવૃત્તિઓ અને તેના અહેવાલો દ્વારા કચ્છમાં બેઠાં ઘણી ઉપયોગી માહિતી જાણવા મળે છે. વિચાર મંચમાં - વૈચારિક નિરૂપણ, પિતૃદિન, ગુજરાતી ભાષા વગેરે ઘણાં ઉત્તમ લેખો છે. 'કચ્છશ્રુતિ'ના ટાઈટલ-૧ થી અંદરના પાના, પ્રિન્ટિંગ, અંદરના કલરપાના વગેરે ખૂબ જ આકર્ષક હોય છે. **શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ખૂબ જ તલસ્પર્શી માહિતી પૂરી પાડે છે.** સમાજની લાઈબ્રેરી યોજનાની વિગતથી ખૂબ આનંદ થયો કારણકે છેલ્લા ૨૦ વર્ષથી એ મારો શોખનો એકમાત્ર વિષય રહ્યો છે. **ઉત્તમ પુસ્તકો મારા 'વફાદાર અને સાચા મિત્રો' જેવા છે.** લાઈબ્રેરી દ્વારા લોકોને ઉત્તમ પુસ્તકોના વાંચન માટે ખાસ આહ્વાન આપી પ્રોત્સાહિત કરવા અનુરોધ છે. 'કચ્છશ્રુતિ' દિન પ્રતિદિન પ્રગતિના શિખરો સર કરે એ જ અભ્યર્થના.

*રમેશકુમાર આર. વોરા, માધાપર, કચ્છ*

*નીચે જણાવેલ મહાનુભાવો તરફથી*
*વિવિધ વિષયના પુસ્તકો*
*શ્રી કચ્છી સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને*
*ભેટ સ્વરૂપે પ્રાપ્ત થયા છે.*

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક/પ્રકાશક/સંકલનકર્તાનું નામ |
|---|---|---|
| | **શ્રી નરસિંહભાઈ નારણભાઈ પટેલ તરફથી** | |
| • | મેરી મા હંમેશાં કહતી હૈ | નરસિંહભાઈ નારણભાઈ પટેલ |
| • | ટાઈમ્સ ઓફ ટીમ્બર | નરસિંહભાઈ નારણભાઈ પટેલ |

## અન્ય સંસ્થાઓના સમાચાર

### શ્રી એલિસબ્રિજ સ્થા. જૈન સંઘ - પાલડી

શ્રી એલિસબ્રિજ સ્થા. જૈન સંઘ - પાલડી મધ્યે સંવત ૨૦૭૨નું ચાતુર્માસ શ્રી લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. શ્યામજી સ્વામી પરિવારના પૂ. ધૈર્યમુનિજી મ.સા.ના સુવ્યાખ્યાતા **પૂ. સૌમ્યમુનિજી મ.સા.** તથા જ્ઞાનાભ્યાસુ **પૂ. ચૈત્યમુનિજી મ.સા.** આદિ ઠાણા-૨ નું મંગલ ચાતુર્માસ પ્રાપ્ત થયેલ છે. ચાતુર્માસના અત્યાર સુધીના સમય તેમજ પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમિયાન પૂ. સાધુ ભગવંતોની નિશ્રામાં જપ, તપ, નાની - મોટી તપસ્યા અને ધર્મ આરાધનામાં શ્રાવક - શ્રાવિકાઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. જેમાં દૈનિક પ્રાર્થના / શિબિર, વ્યાખઅયાન, વાંચણી, પ્રતિક્રમણ, બહેનોની શિબિર, બાળકોની શિબિર / પાઠશાળા, રાત્રે જ્ઞાન ગોષ્ટી તેમજ રાત્રિ પોષહ જેવી ધાર્મિક ક્રિયાઓનો લાભ લેવામાં આવેલ. તપસ્યામાં ૭ વર્ષના બાળકોથી ૭૦ વર્ષના શ્રાવક - શ્રાવિકાઓ સામેલ થયા હતા. તેમજ પર્યુષણ પર્વ દરમિયાન દરરોજ વિવિધ વિષયો પર ઊંડાણ અને અર્થસભર વ્યાખ્યાનો મહારાજ સાહેબો દ્વારા ફરમાવવામાં આવેલ હતા. જેનાથી શ્રોતાજનો ભાવવિભોર બની ગયા હતા.

ઉપરોક્ત ધાર્મિક માહોલમાં અનેક પ્રકારના ધાર્મિક વ્રત - પચ્ચખાણ ઉપરાંત વિશેષરૂપે અત્યાર સુધી ૯ ભાગ્યશાળી દંપતિજનોએ તેમજ ૫ વ્યક્તિઓએ બ્રહ્મચર્ય વ્રતના પચ્ચખાણ પણ લીધા હતા. પર્યુષણ પર્વ નિમિત્તે સંઘના હોદ્દેદારો, અગ્રણીઓ અને કાર્યકર્તાઓ દ્વારા દૈનિક કામગીરીનું સંચાલન તથા વ્યવસ્થાનું ખૂબ જ સુંદર રીતે આયોજન થયું હતું. ■

★ અનેક મતોમાં વિભક્ત સમાજને જોઈ જાગૃત ઋષિ વેદવ્યાસે એ પીડા મહેસુસ કરી અને સમાજને પ્રેમ અને ભક્તિનો મહાગ્રંથ 'શ્રીમદ્ ભાગવત પુરાણ' પ્રાપ્ત થયો. ક્રોંચની પીડા જોઈ સંવેદનશીલ વાલ્મિકીની કલમથી જગતને પાવન કરનારી 'રામાયણ' મળી. પોતાના જ પરિવારને લડાઈના મેદાનમાં સામસામા જોઈને અર્જુનને પીડા થઈ અને 'શ્રીમદ્ ભાગવદ્ ગીતા' પ્રાપ્ત થઈ.

★ તલવારના જોરે રાજ્ય, ધનસંપત્તિ, જમીન વગેરે મેળવી શકાય પણ **તલવારના જોરે સામાજિક ભાવના કેળવી શકાય નહીં.**

તંત્રીલેખ

# વિવિધ વાદો પર ચર્ચા - વિમર્શ

• અશોક મહેતા •

સમગ્ર જીવસૃષ્ટિ એ સામાજિક પ્રાણી છે. કીડી-મંકોડા, ગાય-ભેંસ, કાગડા - કબૂતર, યાયાવર - શાહમૃગ કે સિંહ-વાઘ વગેરે પશુઓ કે પક્ષીઓ તેમની પોતાની સમાન જીવન પ્રણાલીના કારણે સમૂહમાં રહેતા થઈ ગયા છે. ફરી પ્રજોત્પત્તિના કારણે નર-માદા અને બચ્ચાઓ પણ સમૂહમાં રહેતા હોય છે. એ જ રીતે મનુષ્ય પણ સામાજિક પ્રાણી છે. તે એકલો રહી શકતો નથી. એકલો રહે તો વિચારોનું આદાન-પ્રદાન તે કોની સાથે કરે? એકલવાયાપણું તેને કોરી ખાય. તેથી તે પરિવાર બનાવી એક સાથે રહે છે.

આગળ જતાં એક જ પરિવાર એ ખૂબ નાની વ્યવસ્થા થઇ. પરિણામે તે પરિવારોના સમૂહમાં રહેતો થયો અને ત્યારથી કબીલા, ગામડાં, શહેરોની ઉત્પત્તિ થઈ. આગળ જતાં સમાન ધંધાર્થીનો એક સમૂહ બન્યો કે જે સુથાર, વાણંદ, લુહાર વગેરે જ્ઞાતિપ્રથામાં પરિણમ્યો. એ જ રીતે સમાન ધાર્મિક માન્યતાવાળા એકત્રિત થયા અને વિવિધ સંપ્રદાયો પરિણમ્યા. આ રીતે જ્ઞાતિપ્રથા અને સંપ્રદાય પ્રથાનો વિકાસ થયો.

અનંત વર્ષોના ઈતિહાસમાં આ પ્રથા જે તે સમયે યોગ્ય હશે. પરંતુ જેમ જેમ માનવ વિકાસ સાધતો ગયો તેમ તેમ અનેક પ્રથાઓ બદલાતી ગઈ. ઝાડની ડાળીથી શરીર ઢાંકવાના બદલે રેસાના કપડાં અને છેવટે આધુનિક કાપડ પ્રથા દાખલ થઈ. કાચા ફળ-ફળાદીને બદલે ધાન્ય રાંધવાની પ્રથા શરૂ થઈ. એ જ રીતે સામાજિક પ્રણાલીઓ પણ બદલાતી ગઈ. બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ બંધ થયો. સતીપ્રથા બંધ થઈ. ઘૂંઘટ પ્રથા બંધ થઈ. કેળવણી પામી સ્ત્રી વ્યવસાય અર્થે ઘરની ચાર દીવાલોમાંથી બહાર નીકળી પુરુષ સમોવડી બનવા લાગી.

આજે આપણે એક ત્રિભેટે આવીને ઊભા છીએ અને હાલની વિવિધ જ્ઞાતિ અને સાંપ્રદાયિક પ્રથાઓ વિશે વિચાર કરતા થયા છીએ. વણિક, લોહાણા, ભાનુશાળી વગેરે જ્ઞાતિપ્રથા હોવી જોઈએ કે નહીં? જૈન, હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામ વગેરે ધાર્મિક માન્યતા હોવી જોઈએ કે નહીં? ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર, બંગાળ વગેરે પ્રદેશવાદ હોવા જોઈએ કે નહીં? ભારત, પાકિસ્તાન, ઈંગ્લેન્ડ, અમેરિકા વગેરે રાષ્ટ્રપ્રથા હોવી જોઈએ કે નહીં? માનવ માત્ર એક જ છે. માનવધર્મ સૌ ધર્મમાં શ્રેષ્ઠ છે. પ્રદેશવાદ ફરી સંકુચિત વિચારસરણી બને – તેને ત્યાગી શકાય કે નહીં? આ પ્રકારના અનેક પ્રશ્નો ભવિષ્યમાં ઉદ્‌ભવતા રહેવાના. પરંતુ જેમ જેમ વિકાસ થતો જશે, તેમ તેમ દુનિયા એકબીજાથી ખૂબ જ નજદીક આવતી જશે. સંકુચિત મનોપ્રથાને તિલાંજલી અપાતી જશે. સમયના તકાદા પ્રમાણે વિશાળ દૃષ્ટિ અપનાવાતી જશે. કદાચ ગ્રહવાદ સુધી પણ પહોંચી શકાય. એક ગ્રહના મનુષ્યનો એક સમૂહ હશે કે જે બીજા ગ્રહના મનુષ્યથી અલગ પડતો હશે. આ વિકાસવાદને કદાચ હજારો વર્ષ લાગશે પણ દુનિયામાં વિકાસવાદનો નિરંતર પ્રકાશ ફેલાતો જ રહેશે.

ઉપરોક્ત વિચારસરણીને નજર સમક્ષ રાખી આપણે આજની વાસ્તવિક્તા પર આવીએ. આપણે દાખલો લઈએ

## મિચ્છામિ દુક્કડમ્



*'કચ્છશ્રુતિ'ના દરેક વાચક પરિવારને જૈનોના પર્યુષણ પર્વે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા 'કચ્છશ્રુતિ'નો સંચાલક વર્ગ ગત વર્ષ દરમિયાન કંઈ ભૂલ કરેલ હોય તો તેની ખરા અંતઃકરણપૂર્વક ક્ષમા યાચે છે.*

**સહુને મિચ્છામિ દુક્કડમ્.**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો. શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, એ નામ સ્પષ્ટપણે સૂચવે છે કે તે હજુ પ્રદેશવાદ સુધી પહોંચેલ છે. રાષ્ટ્રવાદ કે પૃથ્વીવાદ (ગ્રહ વાદ) સુધી પહોંચતા તેને હજુ સમય લાગશે. **પરંતુ તે સ્પષ્ટપણે જ્ઞાતિવાદ કે સંપ્રદાયવાદને તિલાંજલી આપી ચૂકેલ છે.** તેનાથી તે જોજનો દૂર નીકળી શકેલ છે. અમદાવાદમાં આ સમાજના પરિવારો લોહાણા સમાજ, ભાનુશાલી સમાજ, પટેલ સમાજ, જૈન સમાજ વગેરે જ્ઞાતિ પ્રથાની વિચારસરણીને વરેલા છે. એ જ રીતે સાંપ્રદાયિક પ્રથાને પણ દરેક કુટુંબ વરેલ છે. પરંતુ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ આ પ્રકારના વાદની વિચારસરણીથી દૂર રહેવા પામેલ છે.

**આ જ્ઞાતિ પ્રથા કે સાંપ્રદાયિક પ્રથા આજની પરિસ્થિતિમાં કેટલી સુસંગત છે તે વિચારવાનો સમય આવી ગયો છે. સમાજના વિચારવંત નાગરિકોએ તેના પર જરૂરથી ગહનતાપૂર્વક વિચારણા કરવી જોઈએ.** ભારત જેવા કેટલાયે પ્રદેશોમાં જ્ઞાતિવાદને લોકો પ્રામાણિકપણે અનુસરે છે. જ્યારે અમેરિકા જેવા કેટલાયે દેશોમાં જ્ઞાતિવાદનું નામ સુધ્ધાં નથી.

જ્ઞાતિવાદના કારણે એક જ પ્રદેશના અને એક જ જ્ઞાતિના લોકો, દા.ત. જૈન પરિવારો, એ એક જ જ્ઞાતિના પરિવાર હોવાના કારણે અંદરો અંદર એકબીજાથી ખૂબ જ નજદીક આવી જાય છે અને સુખ-દુઃખના સમયમાં એકબીજાના સહારા બની શકે છે પરંતુ એક જ પ્રદેશના અલગ અલગ જ્ઞાતિના પરિવારો, દા.ત. લોહાણા, જૈનો કે પટેલો એકબીજાને મળે ત્યારે તેઓના ગઠબંધન એટલા મજબૂત નથી હોતા. એક સમૂહ બીજા સમૂહથી પોતાને દૂર રાખે છે અને આ જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ કે પ્રદેશવાદના હિસાબે આપણે છેલ્લા ૧૦૦૦થી પણ વધુ વર્ષોથી ખૂબ જ સહન કરતા આવ્યા છીએ, બીજા લોકોથી લૂંટાયા પણ છીએ અને ગુલામ પણ બન્યા છીએ. આ જ્ઞાતિવાદ, સંપ્રદાયવાદ કે પ્રદેશવાદે આપણામાં એટલા ઊંડા જડ નાંખ્યા છે કે આપણે એ વિચારસરણીમાંથી આજે પણ બહાર નીકળી શકેલ નથી. વિવિધ વાદો વત્તા ઓછા પ્રમાણમાં કદાચ લાભદાયી નીવડતા હશે પરંતુ સરવાળે તો તેનાથી સારાયે સમાજને બહુ જ મોટી નુકસાની થાય છે.

આ પ્રશ્ને જાહેર ચર્ચા-વિચારણા થવી જોઈએ. તે માટે જરૂરી સેમિનારો યોજાવા જોઈએ અને જે નિષ્કર્ષ નીકળે એ રાહે દરેક સમાજે ચાલવું જોઈએ.

**આ પ્રશ્ને વિચારવંત નાગરિકોને પોતાના વિચારો વ્યક્ત કરવા 'કચ્છશ્રુતિ' આમંત્રિત કરે છે.** આશા છે કે વાચક નાગરિકો દ્વારા આ આમંત્રણનો સ્વીકાર કરવામાં આવશે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગલોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## સોય બનજે કાતર નહીં

*દરજીના પુત્રે જોયું કે તેના પિતા કાતરથી કપડાં કાપે છે અને કાતરને પગની પાસે પંજાથી દબાવીને રાખે છે. પછી સોયથી તેને સાંધે છે અને સાંધ્યા બાદ સોયને પોતાની ટોપી પર લગાવે છે. જ્યારે આ ક્રિયાને ચાર-પાંચ વાર જોઈ તો તેનાથી ના રહેવાયું. તેણે તેના પિતાને પૂછ્યું કે, હું ઘણીવારથી તમને જોઈ રહ્યો છું તમે કપડાં કાપ્યા બાદ કાતરને પગ નીચે દબાવો છો અને સોય વડે કપડા સીવ્યા બાદ સોયને ટોપીમાં લગાવો છો. આમ કેમ?*

*પોતાના પુત્રના આ પ્રશ્નને સાંભળી દરજી હસ્યો. બાદમાં તેણે જવાબ આપ્યો, 'દીકરા! કાતર કાપવાનું કામ કરે છે અને સોય જોડવાનું કામ કરે છે. કાપનારનું સ્થાન હંમેશાં નીચે હોય છે પરંતુ જોડનારની જગ્યા હંમેશાં ઉપર હોય છે. આ કારણથી હું સોયને ટોપી પર લગાઉં છું અને કાતરને પગની નીચે.'*

*પુત્રને આ વાક્યમાં જીવનનો સાર મળી ગયો. જીવનમાં કાપવું નહીં જોડવું (સાંધવું) જોઈએ.*

પ્રાસંગિક

# મંગલમય શ્રી ગણેશ ઉત્સવ અને રંગતમય નવરાત્રી

• દિનેશ આર. મહેતા •

ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ સુધી ગણેશ ઉત્સવ હોય છે. આ સમય દરમિયાન પૂજા, આરતી, ભજન ઇત્યાદિ ઉપાસના સાથે શ્રી ગણેશના નામના જાપ થતા હોય છે. ગણેશ વૈદિક દેવતા છે. શ્રુતિ-સ્મૃતિ પુરાણમાં ગણેશ પરબ્રહ્મ સ્વરૂપ હોવાનું સિધ્ધ થયું છે. આથી સર્વ દેવતાઓના પૂજન પૂર્વે ગણેશ પૂજન કરવામાં આવે છે. આ પ્રકારના કારણસર બધી જગ્યાએ શુભ કાર્યના આરંભે ગણેશ પૂજન કરવામાં આવે છે. ગણેશ સર્વત્ર 'વિઘ્નહર્તા' અને 'મનોકામના પૂર્ણ કરનારા' તરીકે પ્રસિધ્ધ છે. આમ જોઈએ તો ગણપતિનું સ્વરૂપ એકદમ અનોખું છે. તેમનું દરેક અંગ એક વિશિષ્ટ સંદેશ આપે છે. શૂર્પકર્ણક એટલે કે સૂપડાં જેવા કાન ચતુરાઇ અને શાણપણના પ્રતીક છે. જેમ સૂપડું અનાજમાં રહેલા કચરાને દૂર કરે છે તેમ ગણપતિના કાન પણ બધાની વાતો સાંભળી તેમાંથી માત્ર સાર ગ્રહણ કરવાનું અને તત્ત્વહીન વાતો છોડી દેવાનું જણાવે છે. તેમની ઝીણી આંખો દરેક સ્થળે બનતી દરેક ઘટનાઓ અથવા પ્રસંગોનું ઝીણવટભરી - તીક્ષ્ણ દૃષ્ટિથી નિરીક્ષણ કરવાનું જણાવે છે. તેમની લાંબી સૂંઢ સમાજમાં કે રાષ્ટ્રમાં થતાં દરેક સારા-નરસા કામોની ગંધ રાખવાનું સૂચવે છે. તેમનું મોટું પેટ કહે છે કે દરેકના ગુણ - અવગુણ પચાવવા જોઈએ. કથા અનુસાર અજાણતાં જ ગણપતિનો શિરચ્છેદ કર્યા બાદ પાર્વતીને સંતુષ્ટ કરવા શંકર ભગવાને પોતાના પાર્ષદોને મસ્તક શોધવા મોકલ્યા હતા. પાર્ષદોએ હાથીનું મસ્તક લાવી દીધું હતું. ભગવાન સદાશિવે હાથીના મસ્તકને ગણપતિના ધડ પર બેસાડી તેમને સજીવ કર્યા હતા. આથી ગણપતિ 'ગજાનન' બની ગયા. ગણપતિના પ્રત્યેક અંગ પાછળ ચોક્કસ તત્ત્વજ્ઞાન રહેલું છે. વિશાળ કાયા દરાવતા ગણપતિનું વાહન ઉંદર (મૂષક) છે. આ વાત નવાઇ પમાડે છે. પરંતુ તેનું કારણ એવું છે કે આ નાનકડો જીવ બધાના જ ઘરે - બધા સ્થળે પહોંચી જાય છે. ગણપતિએ એમ પણ વિચાર્યું કે આવા નીચલી કક્ષાના જીવની સમાજમાં આબરુ વધે એવું કાંઈક કરવું જોઈએ. તેથી ઉંદરને વાહન બનાવ્યું. સમાજમાં સૌથી નાના અર્થાત્ નબળા, ગરીબ કે



દુબળાઓને પણ માન આપી ઊંચે લઈ જવામાં જ માનવીની મોટાઇ છે. આ વાત ગણપતિએ ઉંદરને વાહન બનાવી સમજાવેલ છે. આવી ગણપતિની શ્રેષ્ઠ બુધ્ધિ થકી તેઓ બુધ્ધિના દાતા કહેવાય છે. અનેક લોકો પોતાનું કામ સફળ થાય પછી સહજપણે સહસ્ર મોદક - હજાર લાડુ સિધ્ધિ વિનાયકના મંદિરમાં અર્પણ કરતા હોય છે.

**ગણેશના મનોહર અંગોનો આધ્યાત્મિક મર્મ :**

★ કપાળ પર રહેલું ત્રિશુળનું ચિહ્ન ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળનું પ્રતીક ગણાય છે. ત્રણે કાળ પર ગણપતિ પ્રભુત્વ ધરાવે છે તેવું દર્શાવે છે.

★ વાસ્તવ અને માથા વચ્ચેના ભેદને જાણી પરબ્રહ્મને પામવા મત્સર જેવી વૃત્તિનો નાશ કરવો જરૂરી છે, તેમ વાંકી સૂંઢ જણાવે છે.

★ ગણેશના ચાર હાથ મન, બુધ્ધિ, અહંકાર અને ચિત્તનું પ્રતીક ગણાય છે.

★ એક હાથમાં રહેલું પરશુ તમામ ઈચ્છાઓ અને પીડાઓનો નાશ કરવાનું કહે છે. પરશુ વડે ગણપતિ માર્ગમાં આવતાં તમામ અવરોધો દૂર કરે છે અને જીવનમાં સચ્ચાઇના માર્ગ પર આગળ વધવાનું જણાવે છે.

★ બીજા હાથમાં રહેલી ચાબુક મનને વશમાં રાખવાનું કહે છે. દુન્યવી કામનાઓ પર કાબૂ રાખીને મનને ઈશ્વરાભિમુખ કરવાનો સંદેશ આપે છે.

★ ત્રીજો હાથ ભક્તોને અભયદાન, આશીર્વાદ આપે છે.

★ ચોથા હાથમાં રહેલું કમળ સંસારમાં રહેલી ખરાબીઓ વચ્ચે પણ ઉચ્ચ ધ્યેય રાખીને પ્રસન્ન જીવન જીવવાનું જણાવે છે.

★ ગાગર જેવું વિશાળ પેટ ઔદાર્ય અને સમતાનું પ્રતીક છે. ગણેશ સંસારના તમામ દુઃખોને દૂર કરી રક્ષણ કરે છે.

★ ગણેશના પગની (એક પગ જમીન પર આડો અને બીજો ઊભો હોય છે) સ્થિતિ ભૌતિકવાદી અને આધ્યાત્મિક બંને પ્રકારે જીવન જીવવાનું જણાવે છે. જગતમાં હોવા છતાં જગતથી પર થઇને જીવવાનો સંદેશ આપે છે.

★ મોટું મસ્તક બુદ્ધિ અને સત્યનિષ્ઠાનું પ્રતીક છે.

ગણપતિ તત્ત્વજ્ઞાનના દેવતા અને સમાજના નેતા છે. ગણપતિ પાસે બાહ્ય સૌંદર્ય નથી પરંતુ આંતરિક સૌંદર્ય અને ગુણ અમાપ છે. એ રીતે ગણપતિના પ્રત્યેક અંગ પાછળ ઉપર મુજબ ચોક્કસ તત્ત્વજ્ઞાન સમાયેલું છે. ગણેશ ચતુર્થીના સમયે ગણેશજીનું શાસ્ત્રોક્ત પૂજન, આરતી વગેરે આરાધના સૌ કોઈ શ્રદ્ધાપૂર્વક કરતા હોય છે. શ્રદ્ધામાં અનર્ગળ તાકાત છે પરંતુ તેની સાથે વિવેક હોવો ખૂબ જરૂરી છે.

## રંગતમય મહોત્સવ – નવરાત્રી



*નોરતાંના દિન આવ્યા નવલા હો જી રે...*
*આસોના દિન આવ્યા ઢુકડા હો જી રે...*

રાસ-ગરબા એ પ્રત્યેક ગુજરાતીઓનું આગવું અને મનપસંદ આભૂષણ છે. ગુજરાતની દરેક વ્યક્તિનું હાર્દ એટલે જ રાસ-ગરબા. જ્યાં જ્યાં એક ગુજરાતી પહોંચ્યો છે ત્યાં ત્યાં રાસ-ગરબાની અનોખી ભક્તિ સાથે રંગત જામતી હોય છે. તેમાં પણ રાસ સ્વરૂપના ગરબાની રમઝટ આમ જનસમુદાયમાં ખૂબ જ લોકપ્રિય થઈ છે. કદાચ શ્રીકૃષ્ણની મહા રાસલીલાનું આકર્ષણ તેમાં કેન્દ્ર સ્થાને હોય. ભાગ્યે જ કોઈ ગુજરાતી હશે જેને ગરબો ગાવો ગમતો નહીં હોય. નવરાત્રી શરૂ થાય ત્યારથી જ દરેક સ્ત્રી, યુવતી, કિશોરી - કિશોરોના પગ થનગનાટ કરવા માંડે છે. તેમના દાંડિયા - સનેડો વગેરે ઢોલીડાના ઢોલે તાલ મિલાવવા થનગની ઉઠે છે. દરેક યુવાવર્ગ રાત ક્યારે પડે અને ક્યારે શેરીઓમાં કે પાર્ટી પ્લોટોમાં પહોંચી જઈએ તેની રાહ જોતા હોય છે. આદ્ય શક્તિ માં અંબા ભવાનીને સોળે કળાએ શણગાર સજીને જ્યારે ગરબા રમવાની ઈચ્છા થઇ હશે ત્યારે ‘મા’એ નવરાત્રીનું સર્જન કર્યું હશે.

અંબાજી - ગુજરાતમાં જ્યારે ભાદરવી પૂનમનો મેળો ભરાય છે ત્યારે દેશ અને દુનિયામાં અનેક સ્થળેથી લોકો ‘મા’ના દર્શને આવે છે અને પછી... આસો સુદ એકમથી ગરબો શિરે મૂકીને સખીઓના સંગાથે ‘મા’ ગરબે રમવા નીકળે છે.

*“માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો*
*નામનો ચંદરવો ‘મા’ એ ધરતી પર ઢોળ્યો.”*

અત્યારે તો રાસ-ગરબાનું રૂપ અને સ્વરૂપ બધું જ બદલાઇ ગયું છે. યુવાનો - યુવતીઓ પગથી માથા સુધીના શણગાર સજીને પાર્ટી પ્લોટોમાં રાસ-ગરબા રમવા જાય છે. એ બધા એક ગ્રુપમાં એકસરખા સ્ટેપ્સ લેતા હોય એ જોવું પણ આંખ અને મનને ગમતું હોય છે. જ્યાં સુધી મ્યુઝિક અથવા ઢોલીડાના ઢોલ બંધ થાય નહીં ત્યાં સુધી તેમના પગ રમવાનું બંધ નથી કરતા. અનેરા ઉત્સાહથી તેઓ ગરબા, હીંચ, દાંડિયા વગેરે લઈને ગોળ ગોળ ઘૂમ્યા જ કરે છે. જ્યારે મ્યુઝિક અને ઢોલ બંધ થાય ત્યારે જ તેઓ વિરમે છે.

*ઝીણા ઝીણા ઉડે-ઉડે ગુલાલ*
*માઈ તારી ચુનરિયા લહેરાય...*

★

*બ્રહ્મા વિષ્ણુ સદાશિવ (૨) ગુણ તારા ગાતા...*
*જયો જયો મા જગદંબે*

★

*અંતર વિશે અધિક ઊર્મિ થતાં ભવાની,*
*ગાઉં સ્તુતિ તવ બળે નમીને મૃગાની*
*સંસારના સકળ રોગ સમૂળ કાપો,*
*ઓમ્ ભગવતી ભવદુઃખ કાપો.*

*આખો સાગર નાનો લાગે જ્યારે ‘મ’ને કાનો લાગે*
*માઁ કે લિયે ક્યા લીખું માઁને ખુદ મુઝે લીખા હૈ.*

વિશેષ

# મંગલમૂર્તિ ગણપતિનો મંગળ ઉત્સવ

● મહાભાઈ આર. વોરા ●

ભારતીય સંસ્કૃતિ અને ધાર્મિક ગ્રંથોમાં ત્રિમૂર્તિની કલ્પના અનુસાર બ્રહ્મા અને સૃષ્ટિના ઉત્પન્ન કરનાર વિષ્ણુને સૃષ્ટિનું સંચાલન કરનાર તથા શિવને સૃષ્ટિનો સંહાર કરનાર દેવતા માનવામાં આવ્યા છે. મહાભારત - હિમાલય - મેરૂ પર્વત - કૈલાસ પર્વત શિવભૂમિ છે એમ માનવામાં આવે છે. શિવને બે પત્નીઓ દક્ષ કન્યા સતી અને પાર્વતી. દક્ષ કન્યા સતીને સંતાન ન હતાં જ્યારે પાર્વતીને બે પુત્રો ગણપતિ અને કાર્તિકેય થયા. શિવ સ્વરૂપનું દર્શન કરવાથી જીવન ધન્ય બની જાય છે.

ગણપતિ માટે ગણેશ ચોથનું મહત્ત્વ ઘણું છે. મંગળકર્તા ભગવાન ગણપતિનું અવતરણ ભાદરવા સુદ ચતુર્થીએ થયેલ છે. આ શુભ પ્રસંગે ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ ચૌદસ સુધી પૂરા દસ દિવસ તેનું સ્થાપન કરી ઉપાસના કરવામાં આવે છે. તેમની આ જન્મતિથિ વિનાયક ચતુર્થી તરીકે ઓળખવામાં આવે છે. તેમની આરાધના કરવામાં આવે છે. આ દસ દિવસનું પર્વ ભારતભરમાં ગણેશોત્સવ તરીકે શ્રધ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવવામાં આવે છે.

આપણા તેંત્રીસ કરોડ દેવતાઓમાં પ્રથમ સ્થાને ગણપતિ છે. આજે સર્વે કાર્યોમાં ગણપતિનું પ્રથમ પૂજન કરવામાં આવે છે. ગણપતિ સ્વયં ઓમકાર રૂપ છે. પિતૃ ભક્ત છે. માતા-પિતાએ પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની વાત જણાવી ત્યારે કાર્તિકેય પ્રદક્ષિણા કરવા ગયા, જ્યારે ગણપતિએ માતા-પિતાની પ્રદક્ષિણા કરીને અદ્‌ભુત કાર્ય કર્યું. આથી તે બુધ્ધિના દેવતા તરીકે ઓળખાય છે. **માણસ જ્યારે બુધ્ધિ ગુમાવે છે ત્યારે વિવેક વગરનો બની જાય છે, પશુ જેવો થઈ જાય છે. ગણપતિના જીવનમાંથી માણસને વિવેકપૂર્ણ જીવન જીવવાનો અમૂલ્ય બોધ મળે છે.**

જગદંબા પાર્વતી માતા છે. દેવાધિદેવ શિવ ગણપતિના પિતા છે. દેવીરૂપ રિદ્ધિ સિદ્ધિ ગણપતિની પત્ની છે. લાભ-શુભ પુત્ર છે. તેવા સર્વે મનોરથ નિર્વિઘ્ન પાર પાડનાર ગણપતિનો મહિમા અપરંપાર છે. ગણપતિ શરીરે દૂધાળા છે. તેમાં અદ્‌ભુત રહસ્ય છૂપાયેલું છે. તેમની પૂજાની મહત્ત્વતા ગણી જ છે. ગણપતિ માણસને અધમ કૃત્યોથી બચાવે છે. સદ્‌બુદ્ધિ આપી સત્કામો કરવાની પ્રેરણા આપે છે. જીવનને વિવેકપૂર્ણ બનાવે છે. માટે ગણપતિની પૂજા માણસે દરરોજ ભક્તિભાવ શ્રધ્ધાથી કરવી જરૂરી છે.

આઝાદીના લડવૈયા બાલ ગંગાધર તિલકે ઈ.સ. ૧૯૯૩માં પૂનામાં ભગવાન ગણપતિને રાષ્ટ્રીય એકતાની ભાવનાના પ્રતીક બનાવી લોકોને સંગઠિત કર્યા છે, સારું કાર્ય કર્યું છે. આથી ભાદરવા સુદ ચોથના ગણપતિનું સ્થાપન કરવામાં આવે છે અને ગણપતિનો ઉત્સવ ધામધૂમપૂર્વક આજે પણ ઉજવવામાં આવે છે.

ગણપતિનું વિધિપૂર્વક પૂજન કરી શ્રી ગણેશના બાર નામનો પાઠ કરવો : (૧) ઓમ સુમુખાય નમઃ, (૨) એકદંતાય નમઃ, (૩) કપિલાય નમઃ, (૪) ગજકર્ણાય નમઃ, (૫) લંબોદરાય નમઃ, (૬) વિકટાય નમઃ, (૭) વિઘ્નનાશાય નમઃ, (૮) વિનાયકાય નમઃ, (૯) ગજાનનાય નમઃ, (૧૦) ગણાધ્યક્ષાય નમઃ, (૧૧) ભાલચંદ્રાય નમઃ, (૧૨) ધુમ્રકેતવે નમઃ.

સાથે સાથે ગણેશને દૂધનો અભિષેક કરવો. દુર્વા ચઢાવવા અને 'ૐ ગં ગણપતયે નમઃ' મંત્રનો જાપ કરવો. ઉપરાંતમાં સંકટ નિવારણ માટે સંકટનાશન ગણેશ સ્તોત્રનો પાઠ કરવો. જેથી કાર્ય સિધ્ધ થાય તેમજ સંકટોનો નાશ પણ થાય.

ગણપતિ વિઘ્નહર્તા દેવ તરીકે પૂજાય છે. ગણપતિના બધા અંગો અને તેની ખાસિયતનું તાત્ત્વિક રહસ્ય છે, જેને જાણવું જોઈએ. ગણેશનું પ્રથમ પૂજન કરવું એમાં રહસ્ય છે. કાર્યને સિધ્ધ કરવા મનને શાંતિ - સ્થિર દૃષ્ટિ મેળવવાની છે. માટે આ ઉત્સવ ઉજવતાં સૌ કોઈ મારા બાંધવો છે એવી ભાવના રાખવી જોઈએ.

મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫

## વહેમ અને વ્યસનથી દૂર રહો...

*વહેમ અને વ્યસન માણસને બરબાદ કરી નાખે છે. દરિયાનું પાણી ભલે ઊંડું હોય પણ તે હોડકીને ડૂબાડી શકતું નથી. પણ હોડીમાં નાનું કાણું પડી જાય તો હોડી ડૂબી જાય. તેમ વહેમ, વ્યસન અને શંકા જ્યારે માણસમાં પ્રવેશ કરે છે ત્યારે તે પણ પતનનું કારણ બને છે. નાવિકોને પાણીના ડર કરતાં પોતાની હોડી ઉપર વધુ શ્રદ્ધા હોય છે. શ્રદ્ધા અને વિશ્વાસ હોય તો આપોઆપ વહેમ, વ્યસન અને શંકાને ત્યજી શકાય છે.*

વિશેષ

# અનોખું દષ્ટિદાન

• હર્ષા કંસારા •

*તા. ૨૫-૮-૨૦૧૬થી તા. ૧૫-૯-૨૦૧૬ દરમિયાન સમસ્ત ભારતમાં નેત્ર-દાન અભિયાન આયોજિત થશે. જેનો મુખ્ય ઉદ્દેશ નેત્રદાન પ્રવૃત્તિ પ્રત્યે લોકોને જાગૃત કરવાનો હોય છે. આ સંદર્ભમાં લેખિકાની વાર્તા પ્રસંગને અનુરૂપ હોતાં અત્રે પ્રસ્તુત છે.*

*– તંત્રી મંડળ*

સવારનો સમય હતો. શહેરની સરકારી હોસ્પિટલમાં દર્દીઓની ભીડ હતી. ઓ.પી.ડી. હૉલના એક ખૂણામાં આંખનો વિભાગ હતો. ડૉક્ટરના રૂમના અધખૂલા દરવાજાની બહાર ચપરાશી બેઠો હતો. એની સામે બેંચ પર દર્દીઓ બેઠા હતા. રૂમમાંથી દર્દીઓને બોલાવતી ઘંટી વાગી. ચપરાશીએ દર્દીનું નામ પોકાર્યું : ''વિરમા... વિરમા ભૈરોસિંહ...''

બેન્ચ પર બેઠેલી એક પાંચેક વર્ષની બાળાએ અવાજની દિશામાં એની ગરદન ઘુમાવી. એના ખોળામાં પડેલી ઢીંગલીને ખભે લીધી. બાળાની બાજુમાં બેઠેલા એના મા-બાપ ઊભા થયા. બંને જણ સાથે મળી બાળાને ડૉક્ટરના રૂમમાં લઈ ગયા.

''આવ બેટા...'' ડૉક્ટરે બાળાને આવકારી. બાળાના પિતાએ એને ડૉક્ટરની ખુરશી પાસે રાખેલા સ્ટુલ પર બેસાડી. ડૉક્ટરે બાળાના માતા-પિતાને સામે પડેલી બેંચ પર બેસવાનો ઈશારો કરતા કહ્યું, ''ભૈરોંજી... તમારી દીકરીની આંખના ઑપરેશન માટે તમારે હજી થોડી વધુ રાહ જોવી પડશે.''

''પણ ડૉક્ટર સાહેબ, આપે જ તો આજે અમને બોલાવ્યા હતા.'' ભૈરોસિંહના અવાજમાં હતાશા હતી.

''હા, મેં જ તમને આજે બોલાવ્યા હતા. અમને મહાનગરની નેત્ર બેંકમાંથી બે દાતા આંખો મળી. એમાંની એક આંખના મટીરિયલનો ઉપયોગ તમારી દીકરી માટે કરવાનો હતો. પરંતુ એ મટીરિયલની વધુ જાંચ કરતાં જણાયું છે કે એ મટીરિયલ આંખની રોશની માટે પ્રત્યાર્પણ કરવા યોગ્ય નથી. બીજી આંખનું મટીરિયલ, આ યુવાન માટે છે.'' ડૉક્ટરે રૂમના ખૂણામાં સોફા પર બેઠેલા યુવાન તરફ ઈશારો કરતાં કહ્યું.

ભૈરોસિંહે એ યુવાન તરફ જોયું. એના વદન પર ચામડી દાઝી ગયાના સ્પષ્ટ નિશાન હતા. યુવાનની આંખો કાળા ચશ્માથી ઢંકાયેલી હતી. ડૉક્ટરે એની વાત આગળ વધારતા કહ્યું, ''તમે આ યુવાનનું નામ ચોક્કસ સાંભળ્યું હશે. આ એ જ યુવાન છે, જેણે પોતાના જાનના જોખમે એક આતંકવાદીએ બાનમાં લીધેલા એક સ્કૂલના પચાસ બાળકો અને બે મહિલાઓના જીવ બચાવ્યા હતા. બોંબ વિસ્ફોટની એ ઘટનામાં આ યુવાનની બંને આંખો દાઝી ગઈ છે.''

''સાહેબ, એક તમે જ છો, જેમણે અમારી અંધ દીકરી દેખતી થશે તેવો દિલાસો આપ્યો હતો...'' ભૈરોસિંહે વ્યથિત સ્વરે કહ્યું.

''હા... હા... હું હજી પણ તમને વિશ્વાસ આપું છું કે તમારી દીકરીને દષ્ટિ અવશ્ય મળશે.'' સ્ટુલ પર બેઠેલી અને ખોળામાં મૂકેલી ઢીંગલીના ચહેરા પર હાથ ફેરવતી બાળાના માથા પર હાથ ફેરવતાં ડૉક્ટરે કહ્યું, ''હવે નેત્ર બેંકમાંથી આંખનું મટીરિયલ આવશે કે તરત જ તમને જાણ કરી, બોલાવશું.''

''પણ સાહેબ, અમે બહુ દૂરથી આવ્યા છીએ...'' ભૈરોસિંહ હજી એની વાત પૂરી કરે તે પહેલાં ભૈરોસિંહની પત્ની બેંચ પરથી ઊભી થઈ ગઈ. એણે માથે ઓઢેલી સાડીનો પાલવ ઠીક કર્યો. ડૉક્ટરને હાથ જોડ્યા અને ભૈરોસિંહને કહ્યું, ''...હવે હાલો...'' સ્ટુલ પર બેઠેલી બાળાનો હાથ પકડી રૂમના દરવાજા તરફ જતાં જતાં બબડવા લાગી, ''આના ભાગમાં જ અંધારું છે...''

''જરા ઊભી રહે બહેન...'' સોફા પર બેઠેલા યુવાને ભૈરોસિંહની પત્નીને સંબોધતા કહ્યું.

ભૈરોસિંહની પત્નીએ એ યુવાન સામે જોયું. એ રૂમની બહાર જતાં અટકી ગઈ. બાળાએ એની કાખે લીધેલી ઢીંગલીને છાતીએ લગાડી. યુવાને એની પાસે બેઠેલી એની પત્નીને બાળાને એની પાસે લઈ આવવાનું કહ્યું. યુવાનની પત્ની બાળાને એની પાસે લઈ આવી.

''ડૉક્ટર સાહેબ...'' યુવાને બાળાના માથે હાથ ફેરવતાં ડૉક્ટરને ઉદ્દેશીને કહ્યું, ''મારી આંખ માટે આપની પાસે જે ડોનર મટીરિયલ છે, તે જો આ બાળાની આંખમાં ગ્રાફ્ટ થઈ શકે તેમ

હોય તો આપ પહેલાં આ બાળાનો ઈલાજ કરો. મારી આંખનું ગ્રાફટીંગ ફરી ક્યારેક...''

''પણ જુવાનસિંહજી, આપની આંખના ગ્રાફટીંગ માટે અમને ઉપરથી આદેશ છે. એમણે જ ખાસ વ્યવસ્થા કરીને આ ડોનર મટીરિયલ તાત્કાલિક મંગાવ્યું છે. આ છેવાડાના પછાત વિસ્તારમાં નેત્રદાન મટીરિયલ બહુ મુશ્કેલીથી મળે છે અને ભાગ્યે જ વેળાસર પહોંચે છે.'' ડૉક્ટરે યુવાનને હકીકત કહી.

''ઠીક છે. એવી વ્યવસ્થા ફરી પણ થઈ શકશે.'' યુવાને દ્રઢતાથી કહ્યું.

''પણ જુવાનસિંહજી, આગામી નેત્રદાન પખવાડિયા દરમિયાન આપનું સન્માન થવાનું છે'' ડૉક્ટરે કહ્યું.

''મારા સન્માન કરતાં આ માસુમ બાળાના જીવનનો અંધકાર જેટલો જલ્દી દૂર થશે એટલો મને વધુ હર્ષ થશે.''

''રાધા... '' યુવાને એની પત્નીનો હાથ પકડતાં કહ્યું, ''બાળાને આશિર્વાદ આપો અને ચાલો, આપણે જઈએ...''

એમ કહી યુવાન સોફા પરતી ઊભો થયો. એક હાથે એની લાકડી પકડી બીજો હાથ બાળાના માથામાં ફેરવ્યો. યુવાનની આંખમાંથી અશ્રુબિંદુ - બાળાના હાથ પર ટપક્યું. યુવાન અને એની પત્નીએ ડૉક્ટરને પ્રણામ કર્યા અને રૂમના દરવાજા તરફ ગયા. ડૉક્ટરના રૂમમાં યુવાનની લાકડીનો ટપ ટપ અવાજ ગુંજી રહ્યો. ■

## ગાય, ગૌશાળા ઘી અને દૂધ!

(અનુસંધાન : પાના નં.-૮૮ ઉપરથી ચાલુ)

ભેંસની જેમ ખોળ, કપાસીયા આપવામાં આવે તો પછી ભેંસ અને ગાયના દૂધમાં ફરક રહેશે ખરો?

જો કે એક ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે શહેરોમાં રખડતી ગાયો કાગળ, પ્લાસ્ટિક અને એંઠવાડ ખાઈને દૂધ આપે છે અને તેના માલિકો આ દૂધ જ્યારે વારામાં ભરે છે કે ડેરીમાં આપે છે, તેવી સ્થિતિમાં આપણે આ શહેરની ગાયોના માલિકને માતાની ભાવના સાથે ગાયોનું લાલન પાલન કરે તેવી સમજ કરાવવી જરૂરી છે કે પછી આપણી માતાની આ દશા કરનારાઓને માટે પ્રજાએ કંઈ કહેવાનું છે ખરૂં? ગૌસેવા આયોગ દ્વારા આ બધાને કંઈ શિખામણ આપવાની યોજના છે ખરી? આ ક્ષેત્રે તાત્કાલિક અભિયાન આદરવું જોઈએ.

*ઇ-૧૦૩, સહજાનંદ રેસિડેન્સી,*
*હેલ્મેટ સર્કલ પાસે, મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૭૨૩૩૩૬૪૮૨*

## પ્રચલિત ધર્મોએ રચેલી પરંપરા ખામી ભરી છે?

(અનુસંધાન : પાના નં.-૮૭ ઉપરથી ચાલુ)

નજર કરી જવી જોઈએ. આઝાદી પછીનાં ૬૩ વર્ષમાં હિંદુ સમાજના પછાત વર્ગોમાં જોવા મળે છે એટલું શિક્ષણ પણ મુસ્લિમ સમાજમાં નથી. પરિણામે એમની આર્થિક સ્થિતિ વધુ ખરાબ જોવા મળશે. ડ્રાઈવર, પટાવાળા કે ચોકીદાર સુધી પહોંચીને એની સફર સમાપ્ત થઈ જાય છે. શાહબાનું કેસમાં સરકારે જે પગલું લીધું એથી મુસ્લિમ સમાજને કોઈ ફાયદો નથી થયો બલકે મુસ્લિમ મહિલાની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. બહુ પત્નીત્વની છૂટ હોવા છતાં કોઈ ગરીબ મુસ્લિમ બીજી પત્નીને નિભાવી શકે એમ જ નથી! કાગળ ઉપર દેખાતા વિશેષાધિકારો વાસ્તવમાં તો એની અધોગતિના માધ્યમ બન્યા છે. આ કાગઝી છૂટછાટોની મુસ્લિમ સમાજની ઈર્ષ્યા કરવા જેવું નથી.

ધર્મના તાપણા ઉપર સ્વાર્થના રોટલા શેકતા રાજકારણીઓને આ દેશની જનતા ઓળખી લેશે ત્યારે સાચી બિનસાંપ્રદાયિકતા સર્જાશે. ધર્મ એ થોડા રાજકારણીઓનાં આંદોલનથી જ બચશે એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. માણસના મનમાં સચવાઇ રહેલી માનવતા જ ધર્મને બચાવશે. મંદિર - મસ્જિદની ચિંતા કરતા લોકો કહેવાતા ધર્મને બચાવવા માટે શું કરે છે?

*સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ-૩૬૦ ૮૮૧.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૪૩૨૪, ૨૫૭૫૩૨૭*

**Q** : *Why can't women stand a day in a jungle?*

**A** : *There are no Shopping Centres.*

★ ★ ★ ★ ★

**Q** : *How to revive a dying woman?*

**A** : *Tell her about a 90% Off sale going on somewhere.*

★ ★ ★ ★ ★

*Women live a better, longer & more peaceful life as compared to men.*

*WHY?*

*A very INTELLIGENT man replied : 'Women don't have a wife!'*

વિચાર વિમર્શ

# પ્રચલિત ધર્મોએ રચેલી પરંપરા ખામી ભરી છે?

• ડૉ. યાસીન દલાલ •

'પ્રચલિત ધર્મ અને સંપ્રદાયો દ્વારા લોકોએ કેળવેલી મનોદશા અને મૂલ્યોમાં કશીક ખામી છે?'

આ પ્રશ્ન થોડા સમય પહેલાં દિલ્હી યુનિવર્સિટીમાં બોલતા સ્વ. ખુશવંતસિંઘે ઉઠાવ્યો હતો. એમના એ પ્રશ્નનો વિવિધ સ્થળે, વિવિધ સ્વરૂપે પડઘો પડ્યો છે. કોઈએ એને આવકાર્યો છે, કોઈએ વખોડી કાઢ્યો છે. પણ પ્રશ્ન તદ્દન અપ્રસ્તુત છે. આપણી સાંપ્રત પરિસ્થિતિમાં કદાચ સૌથી વધુ પ્રસ્તુત છે. ૧૯૪૭માં સ્વતંત્ર થયા પછી ૨૦૧૬માં જ્યાં ધર્મ, જ્ઞાતિને નામે વારંવાર તંગદિલી ફેલાતી હોય, હિંસક ઘટનાઓ થતી હોય, મંદિરમાં હરિજન પ્રવેશના પ્રશ્ને સરઘસો કાઢવા પડતાં હોય, એ દેશે વહેલી તકે નક્કી કરી લેવું પડે કે એણે કયો રસ્તો અપનાવવાનો છે? કયા મૂલ્યોને અગ્રતા આપવાની છે?

સ્વ. ખુશવંતસિંઘ આ નવા ધર્મના સિદ્ધાંતો પણ આપે છે અને એ છે નીતિનું પ્રબોધન, અહિંસા અને પર્યાવરણ! પર્યાવરણને ધાર્મિક સિદ્ધાંત બનાવવાની વાત કરવી પડે. એ જમાનો અને એના તર્કોથી કેટલા બદલાયા છે, એની સાક્ષી પૂરે છે. મારે નવા ધર્મના સિદ્ધાંતો નક્કી કરવાના હોય તો એમાં બુદ્ધિવાદ (વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ) અને આર્થિક તેમજ સામાજિક સમાનતાને પણ ઉચ્ચ સ્થાન આપું. **આટલા બધા ધર્મો સદીઓથી આપણી ઉપર શાસન કરે છે અને છતાં આપણે વિશ્વબંધુત્વ કે 'વસુધૈવ કુટુમ્બકમ્'ની ભાવના તો દૂર રહી પણ તદ્દન ખાબોચિયા જેવા નાના નાના વાડામાંથી પણ બહાર આવી શક્યા નથી.** ધર્મનું રક્ષણ ન હોય તો આવી જડબેસલાક અને અમાનવીય જ્ઞાતિપ્રથા કે અસ્પૃશ્યતા આપણી વચ્ચે હજી રહી શકત ખરી? સારા નાગરિક ધર્મ જેવો ઉચ્ચ ધર્મ કોઇ નથી. મસ્જિદ - મંદિરમાં સોના-ચાંદી જડવામાં આવે અને રસ્તાઓ કે ગટરો ગંદકીથી ઉભરાતી હોય, એ નાગરિક ધર્મ નથી. રસ્તા વચ્ચે પડેલા ઈલેક્ટ્રિક તારને અડવાથી માણસો મરતા હોય એ દેશમાં ધર્મની વાત કરવાનો કોઇને અધિકાર નથી.

આપણા ધર્મોએ આપણી તર્કશક્તિ અને વ્યક્તિવાદને છીનવી લીધાં છે. જે વસ્તુ આપણી સામાન્ય સમજમાં પણ ન ઊતરે એ ધર્મને નામે આપણે માથે મારવામાં આવે છે. ગમે તેવી અસહ્ય, અસંગત અને વિકૃત વસ્તુને કે વિચારને 'ધર્મ'નું લેબલ લાગે એટલે એની સામેના બધા વાંધા દૂર થઈ જાય છે. તર્ક અને એમાંથી નિષ્પન્ન થતું ડહાપણ એ આપણી એક સંપત્તિ છે પણ ધર્મગુરુઓ આપણને ઊંઠાં ભણાવે છે. બધું ભૂલી જાવ. કશું જ પૂછો નહીં. ધર્મગ્રંથોમાં દુનિયાનું બધું જ ડહાપણ આવી જાય છે પણ તર્ક સમયને 'ફાસ્ટ ફોરવર્ડ'ની દુનિયામાં લઈ જાય છે પણ ધર્મ સમયને 'રીવાઈન્ડ' કરીને પછી 'સુપર સ્ટીલ ફ્રેમ'ની પરિસ્થિતિમાં મૂકી દે છે!

**બધા ધાર્મિકો સારા માણસ હોતા નથી અને બધા નાસ્તિકો ખરાબ માણસ હોતા નથી.** વિશ્વમાં સંખ્યાબંધ નાસ્તિકોએ મહાન કામો કર્યા છે. આપણા એક અમર શહીદ ભગતસિંહને ઈશ્વરમાં વિશ્વાસ નહોતો એનો એણે ખુલ્લા મને એકરાર કર્યો છે એથી શું આપણે એનું બલિદાન ભૂલી જશું? કે એનું મૂલ્યાંકન ઓછું આંકશું? પ્રામાણિકપણે જેને મનુષ્યના મનુષ્યત્વમાં શ્રધ્ધા છે અને કોઇ દેવી શક્તિમાં વિશ્વાસ છે કે નહીં એ પ્રશ્ન ગૌણ બની જાય છે. વ્યક્તિ સ્વાતંત્ર્યમાં માનનાર વ્યક્તિને માટે આપણી વ્યાખ્યા મુજબના વિધિ ધર્મ સાથે મેળ પાડવાનું કામ ભારે મુશ્કેલ છે.

આપણા ધર્મોએ આપણા મનમાં જાતજાતની ગ્રંથિઓ ભરી દીધી છે. આપણા ધાર્મિક ટેકેદારોએ ધર્મ નામની ચીજને મંદિર - મસ્જિદ અને ગુરુદ્વારામાં કેદ કરી દીધી છે અને ઉપર એવું જડબેસલાક તાળું મારી દીધું છે કે ન એમાંથી ઈશ્વર બહાર નીકળી શકે, કે ન માણસ અંદર જઈ શકે. **ધર્મ એ માણસને સારો માણસ બનાવી શકતો હોય તો ઉત્તમ, પણ એ વ્યસન કે વળગણ બની જાય ત્યારે મુશ્કેલી સર્જાય છે.**

સ્વ. ખુશવંતસિંઘે ઉઠાવેલો પ્રશ્ન આમ તો સમગ્ર વિશ્વને, સમગ્ર માનવજાતને સ્પર્શે છે. પણ આપણને કદાચ એ બધું સ્પર્શે છે. પશ્ચિમનાં રાષ્ટ્રોએ તો ઔદ્યોગિક ક્રાંતિને પગલે પગલે ધર્મ અને વિજ્ઞાન તેમજ સમાજકરણ વચ્ચે અથડામણ થઈ કે તરત 'બિનસાંપ્રદાયિકતા'ની ચાવી વડે એનો ઉકેલ શોધી કાઢ્યો છે. પરિણામે પશ્ચિમમાં હજી પણ ચાલી રહેલી 'ટેકનોલોજી'ની ક્રાંતિ, સુપર કમ્પ્યુટર, સુપર કન્ડક્ટિવિટીમાં, ક્યાંય ધર્મ બહુ આડે આવતો નથી. **એમણે ધર્મને એટલે વિધિ ધર્મને એની નિશ્ચિત જગ્યા**

**બતાવી દીધી છે. પરિણામે ચર્ચ હવે દુન્યવી પ્રશ્નોમાં બહુ માથું મારતો નથી.** પણ એશિયાનાં અને મધ્ય પૂર્વનાં કેટલાંક ઈસ્લામી રાષ્ટ્રો અને આપણા દેશમાં ધર્મ અને બીજાં ક્ષેત્રોની એવી વિચિત્ર ભેળસેળ થઈ ગઈ છે કે વારંવાર ધર્મ અને સમાજ, ધર્મ અને રાજકારણ, ધર્મ અને અર્થકારણ વચ્ચે સંઘર્ષની પરિસ્થિતિ ઊભી થઈ રહી છે. પહેલાં આ સમસ્યા મુસ્લિમ સમાજ પૂરતી મર્યાદિત હતી. હિંદુ સમાજ મહદાંશે બિનસાંપ્રદાયિકતા તરફ જઈ રહ્યો હતો. હિંદુ ધર્મગુરુઓ કે શંકરાચાર્યો ધર્મની લક્ષ્મણ રેખાની બહાર નીકળીને ભાગ્યે જ કંઈ બોલતા હતા કે અભિષાપ આપતા હતા. ક્યારેક આપતા તો એનું બહુ વજન પડતું નહીં. પણ હવે ત્યાં પરિસ્થિતિ બદલાઈ ગઈ અને સતી પ્રથાથી માંડીને હરિજનોના મંદિર પ્રવેશ જેવી અનેક બાબતોમાં હિંદુ ધર્મગુરુઓ પણ બોલતા થઈ ગયા છે. આમાં ધાર્મિક રૂઢિવાદની એક કુત્સિત સ્પર્ધા શરૂ થઈ છે. આ નવી 'ધાર્મિકતા'ના મોજાંને ખાળીશું નહીં તો આપણી દશા પણ ઈરાન જેવી થશે. કોઈ પણ પ્રકારની સંકીર્ણતા કે ઝનુન શું પરિણામ લાવી શકશે તે જાણવા માટે બહુ મહેનત કરવાની જરૂર નથી. સાંપ્રત વિશ્વમાં જ એના અનેક દાખલા મળી આવશે. **ધાર્મિક આધાર ઉપર રચાતા રાષ્ટ્રની શી દશા થાય તે જાણવું હોય તો પાકિસ્તાનની હાલની દશા ઉપર એક દૃષ્ટિપાત કરી લેવો જોઇએ.** ઈરાન - ઈરાક આઠ વર્ષ સુધી લડતાં રહ્યાં અને દસેક લાખ નિર્દોષ માણસોને એમાં હોમી દીધા. **ધર્મ જો લોકોને એક તાંતણે બાંધી શકતો હોત તો ઇરાન - ઇરાક યુદ્ધે ન ચડત. અને ઇમામ ખોમૈની અને સદ્દામ હુસૈન બંનેનો દાવો હતો કે અમે ધર્મના રક્ષણ માટે લડી રહ્યા છીએ!**

જીવનની બીજી અનેક ચીજો, અનેક સિદ્ધાંતોની જેમ ધર્મ પણ સાપેક્ષ વસ્તુ છે. એક હજારથી માંડીને પાંચ હજાર વર્ષ પૂર્વ વિવિધ ધર્મોએ જે સિદ્ધાંતો આપ્યા, જે વિચારસરણીઓ આપી તે તે સમયની ભૌગોલિક, સામાજિક, આર્થિક સ્થિતિને અનુરૂપ હોય એટલું જ નહીં ઉપયોગી પણ હોય. પણ એ જ વિચારો, એ જ સિદ્ધાંતો હંમેશાં બધી પરિસ્થિતિમાં એકસરખા ઉપયોગી કે સાચા હોય એમ માની લેવું એમાં સામાન્ય સમજનો પણ અભાવ છે. ખુદ ધર્મના સ્થાપકોએ પોતપોતાના વિચારો કે સિદ્ધાંતો એમના જીવનકાળમાં જ બદલ્યા હતા પણ એમના અનુયાયીઓ હજારો વર્ષ વીત્યા પછી પણ, મૂળ સિદ્ધાંતોમાં જરા જેટલું પરિવર્તન સ્વીકારવા તૈયાર નથી! **બુદ્ધ સાથે ચર્ચા થઈ શકે, પણ એમના અનુયાયીઓ સાથે ન થાય! ધર્મ એ જડતા, રૂઢિ, પરંપરાનો પર્યાય થઈ ચૂક્યું છે. કોઈ પણ સમાજ જૂના પુરાણાં ધાર્મિક મૂલ્યોને આધારે ટકી ન શકે.**

ધર્મસત્તાં કરતાં શ્રમની સત્તા ચડિયાતી છે. ધર્મસત્તા કરતાં માણસની પોતાની મસ્તીની સત્તા ઉપર છે. મીરાંને ઝેરનો પ્યાલો ધર્મસત્તાએ જ આપ્યો પણ મીરાંની મસ્તી પાસે એ ઝેરનું કોઈ મૂલ્ય નહોતું. ધર્મનું અર્થઘટન જો સંકુચિત મનોદશાવાળા લોકોના હાથમાં આવે તો એમાંથી ભારોભાર અસહિષ્ણુતાની દુર્ગંધ આવે. ૧૮૫૭ના બળવાની યોજના લંડનની એક હોટલમાં અઝીમુલ્લાખાં અને રંગો બાપુજી નામના બે દેશપ્રેમીઓએ ઘડી કાઢી હતી. એમના બંનેના વિધિ ધર્મ જુદા હતા. હા, એમનો દેશ ધર્મ એક જ હતો. 'લંડન ટાઈમ્સ'માં એની નોંધ આવી, 'એક હિંદુ અને એક મુસલમાન એકઠા થઈને બળવાની યોજના ઘડે એ ખતરનાક જણાય છે.' ચાલાક અંગ્રેજો ત્યારે જ પામી ગયા. ભારતના લોકોને વિભાજિત કરવા જ પડશે અને સૌથી સરળ રસ્તો છે, ધર્મ! ધાર્મિક લાગણીના નામે ગમે તેવા શાણા, શાંત, સરળ માણસને ઉશ્કેરી શકાય છે. સંતતિ નિયમનનો વિરોધ કરનારા ધર્મના ઠેકેદારો એક ડઝન સંતાનનાં ગરીબ માતા-પિતાને ભરણપોષણ આપવાનું નામ પણ નહીં ઉચ્ચારે!

એક તદ્દન સીધો, સાદો માનવધર્મ જ આજના જમાનાનો તકાજો છે. લોકશાહી, સમાનતા અને રોજગારી એવી પાયાની જરૂરિયાતો છે જેની સામે પૂજા પ્રાર્થનાનું સ્થાન ગૌણ છે. અલબત્ત અંગત જીવનમાં ગમે તે પ્રકારની ઉપાસના પદ્ધતિ અપનાવવાનો બધાને અધિકાર હોય પણ ધર્મ અને જાહેરમાં પ્રદર્શન કરવાની ચીજ, ફેશન કે શોકેસમાં ચળકાટ મારતું 'મટીરિયલ' બની રહેવું ન જોઈએ. આજના સંઘર્ષમાં, આજની પરિસ્થિતિમાં અને આજના સંજોગોમાં માનવીનો વિકાસ થાય, એની પાયાની જરૂરિયાતો એને આસાનીથી મળી રહે અને એને મળેલી થોડી પળો એ માણી શકે એ જ આપણો ટોચનો અગ્રતાક્રમ હોવો જોઈએ. માણસના પોતાના આત્મગૌરવથી મહાન કોઈ વસ્તુ ન હોઈ શકે અને આત્મગૌરવ માટે પોતાની જાત સાથે જ સંબંધ જોડવો પડે.

જે હિંદુ એમ સમજે છે કે આ દેશના મુસ્લિમો બહુમતીના ભોગે વધુ ને વધુ અધિકારો લઈ જાય છે અને એમની ખુશામત થઈ રહી છે કે એ વધુ સુખી થઈ ગયા છે એમણે મુસ્લિમોની આર્થિક અને સામાજિક સ્થિતિ ઉપર એક ગંભીર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૮૫ ઉપર)**

અભિયાન

# ગાય, ગૌશાળા, ઘી અને દૂધ!

• ભીમજી નાકરાણી •

હમણાં હમણાં ગીરગાય, કાંકરેજી ગાય, દેશી ગાયને ઉછેરવી છે, ગૌશાળા બનાવવી, ગાયના ગૌ-મૂત્રમાંથી ઔષધિ નિર્માણ કરવું, બજારમાં વેચવું, ગાયના ઘી-દૂધનું બજાર ઊભું કરી લોકો સુધી પહોંચાડવું, આ માટે સરકાર લોન પણ આપે. ગૌસેવા આયોગ જાહેરાત સાથે અનુદાન અને માર્ગદર્શન પણ આપે છે. ગાયના ઘી-દૂધ વાપરવાથી આરોગ્ય જળવાય છે. તે માટેનો પ્રચાર - પ્રસાર પૂરજોશમાં છે. ગાયને આ દેશમાં માતાનો દરજ્જો પ્રાપ્ત છે. ગાયની કતલ રોકવા જૈન સમાજ મહેનત કરે છે. છતાંય ગાયોની કતલ થયા જ કરે છે. ભેંસોનું દૂધ ગુજરાતમાં વધુ વેચાય છે. ડેરીઓમાં ભેંસના દૂધની કિંમત વધુ આવે છે. ગાયોના રક્ષણ માટે વર્ષોથી જૈન સમાજ પાંજરાપોળ ચલાવે છે. આજેય બીમાર, અપંગ, પાકટ ગાયો કે વાછરડા માટે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્રમાં જૈનો દ્વારા સૌથી વધુ પાંજરાપોળો ચાલે છે. અને પથરેડા કે પાવાપુરી જેવા સ્થળોએ હજારો ગાયોની સેવા સાથે ગાયના ઘી-દૂધ અને છાણ - મૂત્રમાંથી ઔષધિઓ બને છે, વેચાય છે. ગૌમૂત્ર અનેક રોગોમાં અક્સીર છે.

આમ છતાં ગામડાંઓમાં પશુપાલન ઘટતું જાય છે, બળદથી ખેતી ઘટતી જાય છે. એટલે ગાયો ઉછેરવાનું ખેડૂતોને પોસાતું નથી, રોકડિયા પાકને કારણે નીરણ મળતી નથી. ગૌચર સરકારે ખતમ કર્યા છે. પરંતુ ગૌશાળાઓની સંખ્યા વધતી જાય છે. ગીર, દેશી કે કાંકરેજી ગાયો આ ગૌશાળામાં વધતી જાય છે. ગાયોની આ ઓલાદો માટે ખૂબ પ્રચાર - પ્રસાર થયા છે. ગાય આધારિત સજીવ ખેતી ખૂબ સફળ થઈ છે.

ગામડાંમાં આજે પણ ગાયના દૂધની કિંમત ઓછી મળે છે અને ડેરીમાં ગાયના દૂધના ભાવ ઓછા મળે છે. આવું કેમ છે? તે ખેડૂતોને કે પશુપાલકની સમજમાં આવતું નથી. ગાયના દૂધ, ઘી, છાશ, માણસના આરોગ્ય માટે અમૃત સમાન છે. તો પછી ગાયના દૂધ-ઘી ના ભાવ ઓછા કેમ છે? વ્યાજબી કેમ નથી? વળી ભેંસના ઉછેર પાછળ, તેના ખાણ પાછળ થતા ખર્ચની સામે ગાયના ઉછેર પાછળ ખર્ચ ઓછો છે. ભેંસની કિંમત તેના ઘી-દૂધના ભાવના કારણે વધુ પણ છે. આમ છતાં કરુણતા તો એ છે કે આજે નાના કે મોટા ગામડાંમાં ૨૪ કલાક અમૂલ, સુમુલ કે અન્ય બ્રાન્ડના દૂધ પાઉચમાં મળે છે. **પશુપાલનનો સૌથી મોટો વિકાસ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં થયો છે. સૌરાષ્ટ્ર, ભાલપ્રદેશ, સોરઠ વિસ્તારમાં પશુપાલનનો વ્યવસાય તદ્દન મામૂલી છે.** શહેરીકરણને લીધે ખેતી કરનારા રહ્યા નથી અને ગામડાંમાં પણ કોઈને ગાય કે ભેંસ રાખી દૂધ દોહવાની માથાકૂટ કરવી નથી. પશુઓનું પ્રમાણ ઘટી રહ્યું છે. આ બધી પરિસ્થિતિ વચ્ચે હમણાં હમણાં ગીર ગાય કે કાંકરેજી ગાય ઉછેરવા અને ગૌશાળા બનાવવા માટે મૂડીપતિ ઉદ્યોગજૂથો કે આર્થિક સંપન્ન લોકોમાં ક્રેઝ છે. ખૂબ જ આધુનિક ગૌશાળાઓ બની રહી છે. ગૌસેવા આયોગના ડૉ. વલ્લભભાઈ કથીરિયા, ખેતક્રાંતિના 'ગીર ગાય આપણે આંગણે'ના મનસુખ સુવાગિયા ગાયો બચાવવા, ઉછેરવા માટે ખૂબ જહેમત ઉઠાવી રહ્યા છે. પરંતુ કેટલાક ઉદ્યોગજૂથ, સ્વૈચ્છિક સંસ્થાઓ અને ખુદ પ્રચારકોની ગીરગાયની કિંમત રૂા. ૫૦,૦૦૦/- તો ઠીક રૂા. ૧ લાખથી માંડી રૂા. ૨ થી ૩ લાખ સુધી પહોંચાડી દીધી છે. અને આવી ગૌશાળાઓમાંથી મળતું દૂધ લીટરના રૂા. ૬૦થી ૮૦ના ભાવે વેચાય છે. ઘી રૂા. ૧૫૦૦થી રૂા. ૨૦૦૦ કિલોના ભાવે વેચાય છે. તો બીજી બાજુ અમૂલનું ગાયનું દૂધ કે ઘી ખૂબ જ વ્યાજબી ભાવે મળે છે. રામદેવ બાબાનું પતંજલિ ગાયનું ઘી રૂા. ૫૦૦થી ૬૦૦માં કિલોમાં મળે છે. **હવે જો ઉપરના ભાવ, ગામડાંના ભાવ અને નીચેના ભાવની તુલના કરીએ તો અમૂલ ગાયનું દૂધ ખૂબ વ્યાજબી ભાવે મળે છે.**

ગાયના દૂધ - ઘી આરોગ્યપ્રદ છે અને સૌને આ ખાતા કરવા હોય, અથવા ગામડાંમાં કે શહેરમાં ગાયોની સંખ્યા વધારવી હોય, લોકોને ગાય ઉછેરીને તેના ઘી-દૂધ ખવડાવવા સાથે ગાયનો ઉછેર, ગૌશાળાનું સંવર્ધન કરવું હોય તો સામાન્ય ખેડૂત કે સામાન્ય માણસ ગાય રાખતાં થાય તેવું થવું જરૂરી છે. અને આ ત્યારે જ થાય કે જ્યારે ગાયની કિંમત પ્રમાણસર હોય. ગાયના ઘી-દૂધના ભાવ પ્રમાણમાં ઊંચા હોય, ભલે ભેંસના દૂધથી થોડા વધુ હોય, પણ જો શોખ માટે ગૌસેવા કે ગૌપ્રેમને કારણે ગૌશાળા કરીને આ ગાયોની કિંમત અને તેના ઘી-દૂધની કિંમત ઊંચી રાખવામાં આવે તો ભવિષ્યમાં ગાયનો ઉછેર કરવા માટે સામાન્ય માણસ તૈયાર થાય તેમ લાગતું નથી. અને આમેય ગાયનું નેચરલ દૂધ ત્યારે મળે જ્યારે ગાય ખુલ્લા મેદાનમાં - ગૌચરમાં ચારો ચરીને, સૂકી નીરણ ખાઈને ખીલે બંધાય. જો તેને

(અનુસંધાન : જુઓ પાના નં.-૮૫ ઉપર)

સ્વાસ્થ્ય

# ઔષધોની આડ અસરો

• ડૉ. મયંક કિ. છાયા •

દરેક વ્યક્તિએ સ્વસ્થ જ રહેવું જોઈએ એ સૈદ્ધાંતિક વાત છે પરંતુ માણસ જીવનકાળ દરમિયાન અયોગ્ય આહાર-વિહાર, વ્યસનો, પ્રદૂષણ, તણાવયુક્ત જીવન, અપથ્યનું સેવન, રાસાયણિક ખાતર દ્વારા વૃદ્ધિ પામેલ અન્ન, શાકભાજી, ફળો, વધુ પડતો પ્રિઝર્વેટીવ્સનો ઉપયોગ આદિ કારણોને લઈને બીમારીનો ભોગ બનતો જ હોય છે. અમુક સંજોગોમાં આયુર્વેદિક, યુનાની, હોમિયોપેથી કે નેચરોપથીની દવાઓ દ્વારા પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્ત થઈ જતું હોય છે. પરંતુ જ્યારે આ પારંપરિક અને વૈકલ્પિક ચિકિત્સા પદ્ધતિઓની દવાઓ અસરકારક ન નીવડે ત્યારે નાછૂટકે એલોપેથિક ઔષધોના શરણે જવું પડે છે. આ એલોપેથિક ઔષધો તુરંત પરિણામદાયી નીવડતા હોય છે. પણ સાથોસાથ દર્દીને પ્રતિકૂળ અસરો પણ ઉપજાવતા હોય છે. આ પ્રતિકૂળ અસરો (આડ અસરો) શરીરને વધુ નબળું બનાવી શકે છે અથવા નવા રોગો ઉત્પન્ન કરી શખે છે. આપનું શરીર જે ઔષધોને સહન ન કરી શકે અથવા તો પ્રતિકૂળ અસરો દર્શાવે, ત્યારે જે તે ઔષધો પ્રત્યે આપનું શરીર હાઈપર સેન્સિટીવ છે તેમ કહેવાય. તમે જ્યારે કોઈ પણ દવાઓ લો અને શરીર પર તેની આડઅસરો જેવી કે શ્વાસ ચડવો, ખેંચ આવવી, શરીર પર લાલ અથવા કાળા ધબ્બાં ઉપસી આવવા, પગમાં સોજા આવવા, માથું દુઃખવું, ઊલટી થવી, ઉબકા આવવા, શરીરની ચામડી પર શીળસ જેવા ચાઠાં દેખાવા – આવી અસરો એક કે તેથી વધુ પ્રમાણમાં દેખાય તો તુરંત તે ઔષધ બંધ કરી, પરિવારના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જેથી ઉત્પન્ન થયેલી આડઅસર શરીરને વધુ નુકસાન કરતી અટકે અને આડઅસર કરતી દવાને સ્થાને બીજી કઈ દવા લેવી તે વિચારી શકાય. ઘણા ડૉક્ટરો આવી આડઅસર કરનારી દવાઓનું લિસ્ટ બનાવીને આપતા હોય છે. આ લિસ્ટ જ્યારે પણ સારવાર લેવા માટે અન્ય ડૉક્ટરો પાસે જઈએ ત્યારે સાથે રાખવું જોઈએ. જેથી સારવાર કરનાર ડૉક્ટરને તે લિસ્ટ બતાવી શકાય અને ચિકિત્સા કરનાર તબીબ તે બાબતે જાણકારી મેળવી તમને ફરીથી એ આડઅસર કરનારી દવા ન લખી આપે. કે જેથી તમે ફરીથી મુશ્કેલીમાં ન મુકાવ. G.6.P.D. ડેફીસિયન્સીવાળી વ્યક્તિઓને પણ અમુક નિશ્ચિત દવાઓ આપી શકાતી નથી. તેથી તેવી વ્યક્તિઓએ પણ પોતાને G.6.D.P. ડેફીસિયન્સી છે તે વાતની જાણ પોતાની સારવાર કરનાર ડૉક્ટરને શરૂઆતમાં જ કરી દેવી જોઈએ.

રોજબરોજના જીવનમાં વપરાતી કેટલીક દવાઓની સંભવિત આડઅસરોનું વર્ણન ઔષધ વિજ્ઞાનમાં મળે જ છે. આવી કેટલીક દવાઓની આડઅસરો વિશે આ લેખમાં માહિતી આપું છું, જે માહિતી સાચવીને રાખવાથી દવાની પ્રતિકૂળ અસરો વિશે સામાન્ય વ્યક્તિને જાણકારી મળે અને કોઈ નિશ્ચિત ઔષધ લેવાથી જો કોઈ પ્રકારનું રીએક્શન આવ્યું હોય તો તુરંત દર્દીને કે તેના સગાના ધ્યાનમાં આવી જાય અને વધુ પડતા નુકસાનથી બચી શકાય.

| ક્રમ | દવાનું બ્રાંડનેઇમ | દવાનું જેનરિક નેઇમ | થેરાપ્યુટિક ક્લાસ | કયા રોગમાં તમે આ દવા લો છો? | દવાની કેટલીક સામાન્ય આડઅસરો |
|---|---|---|---|---|---|
| ૧. | ZOPID | ZOLPIDEM | HYPNOTIC નિદ્રાજનક (શામક) | ઊંઘ ન આવતી હોય ત્યારે | માથુ દુઃખે, ઘેન જેવું રહે, ત્વચા પર ચકામાં થાય, સ્વપ્ના આવે, હૃદયના ધબકારા વધી જાય, ઊબકા આવે. |
| ૨. | APRESOLINE | HYDRALAZINE | ANTIHYPERTENSIVE બી.પી. ઘટાડે | BLOOD PRESSURE, HEART FAILURE | બી.પી. ઘટી જાય, માથું દુખે, ઘેન જેવું લાગે. |
| ૩. | ASPIRIN DISPIRIN | ACETYLSALICYLIC ACID | તાવ અને દુઃખાવો દૂર કરે Antiplatelet | તાવ આવે, શરીર દુખ્યા કરે, લોહી ગંઠાઈ જતું હોય. | પેટની તકલીફો, શરીરમાં કોઈ પણ જગ્યાએથી રક્તસ્ત્રાવ થાય. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪. | ATIVAN | LORAZEPAM | નિંદ્રાજનક (શામક) | ANXIETY | ચક્કર અને કંટાળો, અનિર્ણાયકતા, ઘેન જેવું લાગે |
| ૫. | BENADRYL | DIPHENHYDRAMINE | એલર્જી વિરોધી | અનિંદ્રા અને ALLERGIC REACTION | મોઢું સુકાય |
| ૬. | CIPRO | CIPROFLOXACIN | ANTIBIOTIC | INFECTIONની સારવાર માટે પ્રયુક્ત | ચામડી પર ચકામા, ઉબકા, ઊલટી, પાતળા ઝાડા |
| ૭. | METOPROLOL | CARVEDILOL | CARDIOVASCULAR | લૉ બી.પી. | માથુ દુઃખે, માથુ હલકું લાગે, થાક લાગે, ઘેન જેવું લાગે |
| ૮. | CREMALAX | NA. PICOSULATE | LAXATIVE | કબજિયાત દૂર કરવા | પેટ દુખે, પાતળા ઝાડા થાય |
| ૯. | HEPARIN | HEPARIN SODIUM | ANTICOAGULANT | લોહી ગંઠાતું હોય ત્યારે | BLEEDING (રક્તસ્રાવ) |
| ૧૦. | HUMALOG INSULIN | LISPRO INSULIN | HYPOGLYCEMIC | HIGH BLOOD SUGAR | શરીરમાં શર્કરાનું પ્રમાણ ખૂબ ઘટાડી દે. (HYPOGLYCEMIA) INJECTION લીધું હોય તે જગ્યાએ IRRITATION કરે. થાક લગાડે. |
| ૧૧. | POTKLOR SYP. | POTTASIUM CHLORIDE | ELECTROLYTE SUPPLEMENT | શરીરમાં POTASSIUM ઘટી ગયું હોય ત્યારે અપાય | પાતળા ઝાડા થાય, પેટ દુખે, પેટમાં વાયુનો ભરાવો થાય. |
| ૧૨. | LASIX | FUROSEMIDE | DIURETIC ANTIHYPERTENSIVE | શરીરમાં સોજા ચડે ત્યારે અપાય, શરીરમાં ભરાયેલ વધુ પડતું પ્રવાહી ઓછું કરે હાઈ બી.પી.માં વપરાય. | બી.પી. લો કરે, નબળાઈ લગાડે, વારંવાર પેશાબ જવું પડે. |
| ૧૩. | LEVOFLOX | HEVOFLOXACIN | ANTIBIOTIC | INFECTIONની સારવારમાં પ્રયુક્ત | હૃદયના ધબકારા ઓછા કરે, બી.પી. લૉ કરે, ધ્રુજારી, ANXIETY, મુંઝવણ અનુભવાય, માથું હલ્કું થઈ ગયું છે એવું લાગે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪. | HEXIDINE | CHLORHEXIDINE | ANTISEPTIC MOUTH GARGLE | પેઢાનો સોજો, કાકડા | દાંત ભૂરા થઈ જવા, જીભ બળે, જીભનો રંગ બદલાઈ જાય સ્વાદ ન આવે. ૧-૨ મિનિટ મોઢામાં ભરીને કોગળા કરી નાખવા. ત્યાર પછી ૨૦-૩૦ મિનિટ સુધી કંઈપણ ખાવું પીવું નહીં. |
| ૧૫. | DULCOFLEX | BISOCODYL | LAXATIVE | કબજીયાત દૂર કરે | પેટ દુખે, ઝાડા થાય, જરૂર પડે તો જ લેવી, લાંબાગાળા માટે ન લેવી. |
| ૧૬. | EMESET | ONDANSATRON | ANTIEMETIC | ઊલટી અને ઊબકા દૂર કરે | માથું દુખે, હેડકી આવે, કબજીયાત થાય, શરીર ગરમ લાગે, શીળસ નીકળે, હળવી ખેંચ આવી શકે. |
| ૧૭. | PANTODAC | PANTAPRAZOLE | G.I.-PROTON PUMP INHIBITOR | છાતીમાં બળતરા, આમાશયમાં થતા ચાંદા મટાડે. | પેટ દુઃખે, પાતળા ઝાડા થાય, માથું દુખે, કબજીયાત થવી, ઊબકા ઊલટી આવી શકે. |
| ૧૮. | ALPRAX | ALPRAZOLAM | ANXIOLYTIC | ANXIETY દૂર કરે | ચક્કર અને કંટાળો, અનિર્ણાયકતા, ઘેન જેવું લાગે |
| ૧૯. | AMLODAC | AMLODIPINE | ANTIHYER-TENSIVE | ANGINA HYPERTENSION | સોજા આવવા, ANKLE JOINT માં સોજા આવવા, થાક લાગે, ધબકારા વધી જાય. પેટ દુખે, ઊબકા, SOMNOLENCE DIZZINESS |
| ૨૦. | ATEN | ATENOLOL | BETA-BLOCKER | ANGINA PECTORIS HYPERTENSION | બી.પી. ઘટી જવું, શ્વાસ ચડે, હૃદયના ધબકારા ઓછા થઈ જાય, છાતીમાં દુઃખાવો, પરસેવો, થાક, અનિંદ્રા, સપના આવે, માથું દુખે નપુંસકત્વ, કબજિયાત, ઝાડા. |
| ૨૧. | ANGIZAAR LOSACAR | LOSARTAN | ANGIOTENSIN-II ANTAGONIST | MILD TO MODERATE HYPERTENSION (બી.પી. ઘટાડે) | નાક બંધ થઈ જાય, કફ, BRONCHITIS, માથું દુખે, સ્નાયુનો દુઃખાવો HYPOGLYCEMIA શીળસ, લીવર પર આડઅસર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨. | ATOCOR<br>ATORVA | ATORVASTATIN | DYSLIPIDAEMIC AGENT | લોહીમાં CHOLESTEROL નું પ્રમાણ ઘટાડે | માથું દુઃખે, ગેસ, કબજિયાત, ઊબકા, ઝાડા, ઊલટી, ભૂખ ન લાગે, સ્નાયુનો દુઃખાવો, બ્લડ સુગર વધારે, ઊંઘ ન આવે, URINARY TR ACK INFECTION, કમળો,<br>સ્વાદુપિંડનો સોજો. |
| ૨૩. | VOVERAN | DICLOFENAC | NON-STEROIDAL ANTI-INFLAMMATORY DRUG | સાંધાનો વા, મચકોડ, અને તાજા થયેલ ગાઉટમાં દર્દ અને સોજો દૂર કરે | સોજો આવે, HYPERTENSION, મોઢામાં ચાંદા પડે, મોઢું સુકાય, ચક્કર આવે, કિડની અને લીવરને ખરાબ કરે, કાનમાં અવાજ કરે, ધૂંધળું દેખાય,<br>કમળો થાય, શ્વાસ ચડે |
| ૨૪. | DERIPHYLLIN RETARD 150 | THEOPHYLLINE | ANTIASTHAMATIC | દમ રોગની સારવારમાં પ્રયુક્ત | ઊલટી, ઊબકા આવે, પેટ દુઃખે, ઝાડા થાય, અનિદ્રા, બેચેની, શરીરમાં ધ્રુજારી, ખેંચ આવવી, બી.પી. ઘટે, હૃદયની ગતિ અનિયમિત થાય |
| ૨૫. | SOLUMEDROL | METHYLPREDNISOL ONE | CORTICOSTEROID ANTI-INFLAMMATORY | સોજો ઘટાડે, એલર્જી દૂર કરે, સાંધાનો વા, દમ, ચામડીના રોગો વગેરેમાં પ્રયુક્ત થાય | ડિપ્રેશન, મુડ સ્વિંગ્સ, હૃદયની ગતિ અનિયમિત થાય, ધબકારા ઘટે,<br>ભૂખ વધુ લાગે,<br>બ્લડ સુગર વધે. |
| ૨૬. | ZAMADOL | TRAMADOL | ANALGESIC OPIOID | તીવ્ર દુઃખાવો દૂર કરવા | ખરજ આવે, શ્વાસમાં તકલીફ પડે, માથું દુખે, નબળાઈ લાગે, ડિપ્રેશન, ઊલટી, ઉબકા, કબજિયાત, ચામડીની તકલીફો, છાતીમાં દુઃખાવો,<br>બી.પી. વધે,<br>માસિકની તકલીફો થાય |
| ૨૭. | LARIAGO<br>RESOCHIN<br>EMQUIN | CHLOROQUIN | ANTI-MALARIAL | મેલેરિયામાં વપરાય | દષ્ટિ નબળી પડે (RETINOPATHY), કાનમાં અવાજ આવે, સ્નાયુમાં દુઃખાવો, ખેંચ આવે, અનિદ્રા, દર્દી કોમામાં જઈ શકે, કાર્ડિએક અરેસ્ટ થઈ શકે, લૉ બી.પી. થાય |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮. | CLOPID<br>CLOPITAB<br>CERUVIN | CLOPIDOGREL | ANTICOAGULATORY<br>ANTIPLATELATE<br>FIBRINOLYTICS | લોહીને ગંઠાઈ જતું અટકાવે. ANGIOPLASTY અને બાયપાસ કરેલ દર્દીને ખાસ અપાય છે | શરદી, શીળસ, BLEEDING ટાઈમ વધી જાય, પેટની ગરબડ, કાનમાં અવાજ. |
| ૨૯. | DEXONA | DEXAMETHAZONE | CORTICOSTEROID<br>HORMONE | સાંધાના દુખાવા, SHOCK, સોજા, દવાની આડઅસરથી થતા ઊબકા, ઊલટી દૂર કરવા | હાડકાં નબળા પડે અને વિકાસ અટકે, PANCREASનો સોજો, ચામડી પાતળી થવી, સુગર વધે, ઈન્ફેક્શન જલ્દી લાગે. મોતિયો અને ઝામર થાય |
| ૩૦. | ECOSPRIN | ASPIRIN | ANTICOAULATORY<br>ANTIPLATELATE<br>FIHRYNOLYTICS | લોહીને ગંઠાઈ જતું અટકાવે | ભૂખ ના લાગે, પેટ દુખે, ઊલટી - ઊબકા, કબજીયાત GASTRITIS, ચક્કર, માથું દુઃખે, બ્લીડિંગ DISORDERS |
| ૩૧. | EPTOIN<br>EPSOLIN | PHYNYTOIN | PHENOBARBITAL | ખેંચ મટાડવા | ભૂખ ના લાગે, માથું દુખે, ઊબકા-ઊલટી, કબજીયાત પેઢા સખત થઈ જાય, ચામડી પર ચકામાં થઈ જાય, HIRSUTISM OSTEOMALACIA થાય |
| ૩૨. | LOMIN<br>LOPAMIDE | LOPERAMIDE | ANTI DIARRHOEAL | ઝાડા બંધ કરે | પેટ દુખે, કબજીયાત, મોઢું સુકાય, PARALYTIC-ILEUS, આંતરડાની ગતિ બંધ પડી જાય, ચામડી પર ચકામા થાય. |
| ૩૩. | GLYCOMET<br>GLYCIPHAGE | METFORMIN | ANTIDIABITIC<br>AGENT | ડાયાબિટીસમાં વપરાય. | ભૂખ ના લાગે, માથું દુખે, ઊબકા-ઊલટી, બ્લડ સુગર ઘટી જાય, વિટામિન બી-૧૨નું શોષણ ઘટાડે, ત્વચા પર ચકામાં થાય, માથું દુઃખે, હૃદયના ધબકારા વધી જાય, વજન ઘટાડે. |
| ૩૪. | FLAGYL<br>METROGYL | METRONIDAZOLE | ANTI-AMEOBICS<br>ANTI DIARRHOEAL | ઝાડો-મરડો ઘટાડે | મોઢાનો સ્વાદ ખરાબ થઈ જાય, ભૂખ ન લાગે, ઉબકા - ઊલટી જેવું લાગે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૫. | METACIN<br>CROCIN | PARACETAMOL | ANALGESIC<br>ANTIPYRETIC | તાવ ઊતરે, માથાનો દુખાવો, સ્નાયુનો દુખાવો દૂર કરે | લીવર ઉપર ખરાબ અસર કરે, શ્વેતકણો અને ત્રાકકણો ઘટે, ઈન્જેક્શન લીધું હોય તે જગ્યાએ દુઃખાવો, બળતરા થાય, કિડની પર ખરાબ અસર કરે |
| ૩૬. | QUINARSOL | QUININE | ANTI MALARIAL | મેલેરિયાનો તાવ ઊતારે | માથું દુઃખે, ઉબકા - ઊલટી થાય, ધૂંધળું દેખાય, ઓછું સંભળાય, ચક્કર આવવા, ઝાડા, પેટમાં દુઃખવું, બી.પી. ઘટે, બ્લડ-સુગર ઘટે, કિડની પર અસર થાય, શીળસ થાય, હૃદયની ગતિ અનિયમિત થાય, નબળાઈ લાગે, શ્વાસ ચડે. |
| ૩૭. | TRNEXA | TRENEXAMIC ACID | HAEMOSTATICS | વધુ પડતો રક્તસ્રાવ બંધ કરે | ઊલટી-ઊબકા-ઝાડા, ચક્કર, બી.પી. ઘટી જાય, લકવા જેવી સ્થિતિ ઊભી કરે |
| ૩૮. | TAB. RESTECLIN<br>CAP.<br>HOSTACYCLINE | TETRACYCLINE | ANTIBIOTIC | જુદા જુદા ઈન્ફેક્શન દૂર કરે | પેટની તકલીફો, દાંતનો રંગ કાયમ માટે ખરાબ થાય, નખનો રંગ ખરાબ થાય, સાંધા દુઃખે, પ્રકાશ અસહ્યતા, ચામડીની તકલીફો |
| ૩૯. | ACILOC<br>RANITIDINE<br>ZINETAC | RANITIDINE | ANTACID<br>ANTIREFLEX AGENTS | ACIDITY મટાડે | માથું દુઃખે, ઊંઘનો સમય વધે, નીંદર ન આવે, ચક્કર આવે, ડિપ્રેશન થઈ શકે, ઊલટી-ઊબકા, કબજીયાત, પેટ દુઃખે, શીળસ, ટોટલ બિલીરૂબીન વધી શકે, ટાલ પડે, તાવ આવે |
| ૪૦. | PANTODAC<br>PANTOKOOL | PANTAPRAZOLE | ANTACID<br>ANTIREFLEX AGENTS | ACIDITY મટાડે | ઊલટી-ઊબકા, પેટ દુઃખે, ગેસ થઈ જાય, શરદી થાય, ઊંઘ ના આવે, લાંબા ગાળાના ઉપયોગ OSTEOPOROSISથી સંકળાયેલ FRACTURE થાય. પાચન સંબંધિત તકલીફો, અને સાંધામાં દુઃખાવો |

*૧૧/૧૩૦, પૂજા એપાર્ટમેન્ટસ, હિંમતલાલ પાર્ક, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*

વાર્તા

# પાડોશી એટલે પરમ મિત્ર

• ડૉ. આશિષ એસ. ચોક્સી •

શિવાની અને તેના પતિ સંજયને તેમના અમદાવાદના સાયન્સ સિટી સ્થિત નવા ઘરે આવ્યે હજુ ચાર મહિના જ થયા હતા. સંજયે કેટલી મહેનતથી અને શહેરના કેટલાક મોંઘા આર્કિટેક્ટને રોકીને નવા ઘરની દરેકે દરેક વસ્તુમાં જાણે પ્રાણ પૂરવાનો પ્રયત્ન કર્યો હતો. પણ શિવાની અહીં આવીને ખુશ ન હતી. શિવાનીને શું થતું હતું, તે કોઈ ડૉક્ટરો પકડી જ નહોતા શકતા. સવારે ઉઠવું જ તેને ના ગમે. ઉઠે તો રસોઇ બનાવવી ના ગમે. શરીર તૂટે, માથું દુઃખે. જમવું ના ગમે. કોઈની સાથે વાત કરવી પણ ના ગમે. સ્વભાવે ખૂબ શાંત શિવાની હવે નાની નાની વાતમાં અકળાઈ પણ જતી. તેના પતિ સંજયે શિવાની ખુશ રહે તેવો ઘણો પ્રયત્ન કર્યો પણ શિવાનીનો રોગ તો જાણે વકરતો જ જતો હતો. આમ ને આમ તેનું બે કિલો વજન પણ ઘટી ગયું હતું. સંજયે વિચાર્યું કે શિવાનીને ચેન્જ રહે તે માટે ચાલો જૂના ઘરે જઈએ. જૂના ઘરે તેમના ચોવીસ વર્ષ જૂના પડોશી ઉર્વશીબહેન અને પ્રમોદભાઈને મળીએ. આમ તો ઘર બદલ્યા પછી શિવાની અને સંજય તેમના જૂના ઘરે બે-ત્રણ વખત આવી ગયા હતા. જૂનું ઘર વેચવા કાઢ્યું હતું પણ આટલા જૂના ઘરનો યોગ્ય ભાવ આવતો ન હતો. આજે ઉર્વશીબહેન અને પ્રમોદભાઈને મળીને ઘરે પાછા જતાં સંજય ખૂબ જ ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયો હતો. ચાર મહિનામાં નહોતી જોઈ તેટલી ખુશ આજે તે શિવાનીને જોઈ રહ્યો હતો. રસ્તામાં શિવાનીએ જ કહ્યું, ચાલને સંજય, ઘણો વખત થયો, પાણીપુરી ખાઈએ. આજે તે વીસ વર્ષ પહેલાં હતી તેવી નટખટ અને સદાય હસતી શિવાનીને જોઈ રહ્યો હતો. ઘરે પહોંચીને તેણે જોયું કે શિવાની તેનું મનપસંદ ગીત પણ ગણગણી રહી છે.

ફીઝિશિયન અને મનોચિકિત્સક પણ જે બીમારી પકડી શકતા નહોતા, તે શિવાનીની બીમારી સંજયને થોડી થોડી સમજમાં આવતી હતી. શિવાની તો ઘસઘસાટ સૂઈ ગઈ પણ સંજય તેમના નવા ઘરની બાલ્કની અને કેટલી મહેનતથી તેમાં નંખાવેલા હીંચકાની સાંકળ પકડી ઊભો ઊભો ચાંદામામાને જોઈ રહ્યો હતો. લગભગ ત્રણ કલાક જેટલા સમય સુધી સંજય વિચારોના વમળમાં અટવાતો રહ્યો અને પછી એક મક્કમ નિર્ણય લીધો. અંદર રૂમમાં આવી ખાસ બનાવેલ વિશાળ અરીસા સામે તે ઊભો રહ્યો. પોતાની જાતને જ પૂછતો હતો કે તેણે લીધેલો નિર્ણય બરાબર છે ને? તે પોતે તેના કેમિકલના વ્યવસાયમાં આટલી મહેનત કેમ કરતો હતો? શિવાનીને ખુશ રાખવા જ ને... તો જેમાં શિવાની ખુશ રહે તે જ તેના જીવનની સાચી મૂડી છે. તે પણ તેના નિર્ણય સાથે ખુશ થતો સૂઈ ગયો. સવારે શિવાની સાથે ચા પીતા પીતા તેણે મનની વાત કહી દીધી. શિવાની આજે આપણો આ ઘરમાં છેલ્લો દિવસ છે. સાંજે આપણે આપણા જૂના ઘરે હંમેશ માટે પાછા જઈએ છીએ. શિવાનીના ગળે જ ચાનો ઘૂંટડો અટકી ગયો તે સંજય અનુભવી શક્યો. તેના ચહેરાનો રંગ પીળામાંથી રતાશ થતો તે અનુભવી રહ્યો. જડ બની ગયેલા શિવાનીના ચહેરાના નાના નાના સ્નાયુમાં પણ ચેતન આવી ગયું હતું. ચાર મહિનાથી બીમાર શિવાનીને જાણે સંજીવની આપી દીધી હોય તેમ શિવાનીનું શરીર ચેતનવંતુ ઉર્જાસભર બની ગયું હતું.

આશરે ચોવીસ વર્ષ પહેલાં કેટલી બધી ઘટના સંજયના જીવનમાં એક સાથે બની હતી. શિવાની સાથે લગ્ન. મુંબઈની જીવનશૈલીથી ટેવાયેલી શિવાનીએ અમદાવાદમાં ઍડજસ્ટ થવાનું હતું. સંજયના માતા-પિતા તો ઘણા વર્ષો પહેલા મૃત્યુ પામ્યા હતા. લગ્નના ચાર વર્ષમાં તેમના જીવનમાં સંતાનો અભિષેક અને સોનાલીનું આગમન. સંજયે નવા નવા શરૂ કરેલા કેમિકલના ધંધાર્થે તેણે ઘણો બધો સમય અમદાવાદની બહાર રહેવું પડતું. અમદાવાદમાં નારણપુરા ખાતે આવેલા આશીર્વાદ ફ્લેટ્સમાં તેમના પાડોશી ઉર્વશીબહેન અને પ્રમોદભાઈ સાથે પહેલા જ દિવસથી શિવાની હળીમળી ગઈ હતી. **કહે છે ને સંબંધો ઇશ્વરે જ નક્કી કર્યા હોય છે, સરનામાં પૃથ્વી પર શોધાતા હોય છે** અને માનવીએ તો માત્ર સંબંધોની માવજત જ કરવાની હોય છે. શિવાનીના સ્વરૂપમાં ઉર્વશીબહેન અને પ્રમોદભાઈને દીકરી મળી ગઈ હતી. પ્રમોદભાઈ રિટાયર્ડ બેંક કર્મચારી હતા. તેમના અને ઉર્વશીબહેનના બંને સંતાનો લગ્ન કરી સુરત તથા વડોદરા ખાતે ઠરીઠામ થયા હતા. ગૃહસ્થી જીવનના પાઠ તથા નાની મોટી શિખામણ શિવાનીને ઉર્વશીબહેન આપતા. આમ પાડોશી. આથી તેમના ઘરો વચ્ચે એક દીવાલનું અંતર ખરું. બાકી મન હૃદયથી તો તેઓ સાથે જ રહેતા હતા. ઉર્વશીબહેન સાથે રહીને શિવાની ઘર ચલાવતા, રસોઈ માટેની અને સામાજિક જવાબદારીઓની શિખામણ મેળવતી. શિવાની પણ તેના

માતા-પિતાનું રાખે તેમ ઉર્વશીબહેન અને પ્રમોદભાઈનું નાનીમોટી વસ્તુઓનું ધ્યાન રાખતી. શિવાની અને ઉર્વશીબહેનનું એકબીજા સાથેનું વર્તન પણ ક્યારે મા-દીકરી જેવું પ્રસ્થાપિત થઇ ગયું તેની જાણ તેઓને પણ ના આવી. બંને ઘરોમાં રસોઈ અલગ બનતી પણ શિવાની ઘણીવાર ઉર્વશીબહેનના ઘરે બનેલું જ જમતી. તેના બંને સંતાનો તો આ વડીલોના પ્રેમાળ સાન્નિધ્યમાં ક્યાં મોટા થઇ ગયા તેની શિવાનીને ખબર જ ના રહી. અભિષેક અને સોનાલીને સ્કૂલે કે ટ્યુશને લેવા મૂકવાની જવાબદારી મોટેભાગે પ્રમોદભાઈ જ કરતા. શિવાનીના લાઈટ, ટેલિફોન બીલો અને બેંકના કામો પ્રમોદભાઈ જ પૂરા કરતા. સંજયન મોટેભાગે ટૂરિંગ રહેતું હોવાથી તેને પણ શિવાનીની અને બંને બાળકોની કોઈ જ ચિંતા રહેતી ન હતી. જ્યારે પ્રમોદભાઈ અને ઉર્વશીબહેન તેમના સંતાનોને ત્યાં વડોદરા કે સુરત જવાના હોય ત્યારે સંજય એવું પ્લાનિંગ કરતો કે તે વખતે તે અમદાવાદમાં જ હાજર રહે. ઉર્વશીબહેન પાછા ફરે ત્યારે તેમના ઘરે માટલામાં પીવાનું પાણી ભરાઇ ગયું હોય, દૂધ ગરમ થઈ ફ્રીઝમાં મૂકાઈ ગયું હોય અને એક ચાલુ સ્થિતિમાં ઘર તૈયાર હોય. શિવાની તેના પીયર મુંબઈ જતી તો પણ ત્યાંથી રોજ ફોન કરી ઉર્વશીબહેન સાથે વાતો કરે. પ્રમોદભાઈએ તેમની દવા નિયમિત લીધી કે નહીં તે પૂછે. શિવાનીના મમ્મી તેને કહેતા પણ ખરા તું ફક્ત શરીરથી અહીં આવી છો. તારૂં મન તો અમદાવાદમાં જ છે. મનોમન તો તેઓ પણ ઈશ્વરનો આભાર માનતા કે તેમની દીકરીને પિતા અને માતાતુલ્ય પડોશી મળ્યા અને જે વસ્તુઓ તેઓએ શિવાનીને શીખવી નથી શક્યા, તે ઉર્વશીબહેન પાસે રહીને તે શીખી રહી છે.

જીવનમાં દીકરીઓની લાગણી અને દીકરીની હાજરીની જીવંતતા ઉર્વશીબહેનને સમજાઈ જ્યારે તેઓને પગે ફ્રેક્ચર થયું. તે બે મહિના શિવાનીએ તેમને માથામાં તેલ પણ નાખી આપ્યું, માથું પણ દબાવી આપ્યું અને બીમારીને લીધે કંટાળો આવે તો હળવા જોક્સ પણ કહી તે સમય સરસ રીતે પસાર કરાવી આપ્યો. ઈશ્વરે પણ જાણે એકબીજા માટે જ તેઓને ભેગા કર્યા હોય તેવું લાગતું. એકબીજાની જરૂરિયાત સમજવા હવે તેઓને શબ્દ કરતાં મૌનની ભાષા વધુ અનુકૂળ આવતી. **જ્યાં અપેક્ષાઓ મર્યાદિત હોય ત્યાં સંબંધોની સીમા વિસ્તરતી જ જતી હોય છે.** ઉર્વશીબહેનના ઘરે ઘણીવાર એવું બનતું કે મહેમાન આવે અને ઉર્વશીબહેન વાતોએ વળગ્યા હોય ત્યારે થોડીવારમાં ગરમ ચા અને નાસ્તો બાજુના ઘરમાંથી શિવાની કે તેની દીકરી સોનાલી લાવતા. પ્રમોદભાઈના ઘરે ટી.વી. ચાલુ ના થતું હોય કે ગેસનો બાટલો ખાલી થઈ ગયો હોય તો તેમની એક જ બૂમ સાંભળી અભિષેક દોડીને આવતો. અભિષેક અને સોનાલી પર ક્યારેક પ્રમોદભાઈ ગુસ્સે થતાં તો મનોમન શિવાનીને સારું જ લાગતું. અભિષેક અને સોનાલીને તો દાદા-દાદીના સ્વરૂપે સુંદર સંસ્કારનો વારસો આ વડીલોએ આપ્યો હતો. ઉર્વશીબહેનના બંને સંતાનોને પણ ખ્યાલ હતો કે શિવાની બહેન તેમના માતા-પિતાનું કેટલું ધ્યાન રાખે છે. એકવાર ઉર્વશીબહેન અને પ્રમોદભાઈ તેમના નાના દીકરાના ઘરે વડોદરા ગયા હતા. ત્યાંથી સાંજે પાછા ફરવાના હતા પણ નાના દીકરાની વહુએ આગ્રહ કરતા તેઓ વડોદરા જ રોકાઈ ગયા. શિવાનીનો તેમના નાના દીકરા પર મોડી રાત્રે ફોન આવ્યો અને ઉર્વશીબહેન અને પ્રમોદભાઈ કેમ પાછા નથી આવ્યા તે વિશે શિવાની ચિંતિત સ્વરે ઉર્વશીબહેનના નાના દીકરાને પૂછી રહી હતી. ઉર્વશીબહેનના બંને સંતાનો પણ જ્યારે અમદાવાદ આવતા ત્યારે શિવાની અને સંજયને ખૂબ જ પ્રેમથી મળતા. ધીરે ધીરે વર્ષોના વહાણા વિત્યા. સોનાલીએ તેનો આર્ટસનો અભ્યાસ પૂરો કર્યો. કૉલેજના જ એક છોકરા સાથે તેનું મન મળી ગયું હતું. તે વખતે પણ ઉર્વશીબહેન અને પ્રમોદભાઈએ ખૂબ સુંદર ભૂમિકા નિભાવી. સોનાલીના લગ્ન વખતે શિવાનીને કોઈ જ તકલીફ ના પડી. લગ્નના રિવાજો અને સામાજિક વ્યવહાર કેમનો સાચવવો તે શિવાનીને જોવું જ ના પડ્યું. સોનાલી સાસરેથી આવતી તો ઉર્વશીબહેન પાસે બેસી બધી વાતો કરતી અને જરૂરી શિખામણ મેળવતી.

અભિષેક પણ તેના કોમ્પ્યુટરના અભ્યાસમાં વ્યસ્ત હતો. આવતા વર્ષોમાં તેના પણ લગ્ન થશે અને વહુ આ ઘરમાં આવશે. સોનાલી અને જમાઇ પણ ઘરે આવતા જતા હોય. આથી ઘર સહેજ નાનું પડશે તેવો વિચાર સંજયને આવતો. તેના ધંધાકીય મિત્રો ઘરે આવતા તો તેના જૂનાપુરાણા ઘરમાં લાવતા તેને સંકોચ થતો. આથી મોટેભાગે તે બહાર હોટેલમાં જ તેઓને જમાડી દેતો. સંજયના એક મિત્રએ સાયન્સ સિટી પાસે એક નવી જ થતી સ્કીમ વિશે સંજયને જાણકારી આપી. સંજયને પણ તેમાં રસ પડ્યો. સંજયે શિવાનીને જગ્યા બતાવી અને તેની સહમતિ પછી જ તેણે ચાર બેડરૂમનો ફ્લેટ ખરીદ્યો. ફ્લેટનું બાંધકામ અને ફર્નિચરનું કામ લગભગ દોઢ વર્ષ ચાલ્યું. શિવાની ઉર્વશીબહેનને કહેતી કે નવા ઘરે જઈ તેને તેમની અને પ્રમોદભાઈની ખોટ લાગશે. ઉર્વશી બહેન 'જીવનની

ઘટમાળને અનુકૂળ થવું જ પડે. તું પણ લગ્ન કરી, તારા માતા-પિતાને છોડી મુંબઈથી નહોતી આવી? અમારા દીકરાઓ પણ તેમની વ્યવસાયિક જવાબદારીઓને કારણે સુરત અને વડોદરા નથી રહેતા?' એમ કહીને તેને નવા ઘરમાં જવા માટે હકારાત્મક અભિગમ રાખવા માટે હંમેશાં સમજાવતા. તેઓ શિવાનીને જીવનની બદલાયેલી ઘટમાળને અનુકૂળતા પ્રમાણે બદલાવાની સલાહ આપતા પણ અંદરથી તો તેઓ પણ તેમના જીવનમાં થનારા ખાલીપાના વિચારથી કંપી જતા. **જીવનમાં મિત્રો બદલાઈ શકે છે, કુંટુબીજનો દૂર થઈ શકે છે પણ પડોશી બદલાતો નથી અને દૂર પણ જતો નથી.** શિવાનીએ નવા ઘરના એક રૂમમાં આર્કિટેક્ટને કહી ઉર્વશીબહેન અને પ્રમોદભાઈ થોડા દિવસ રહેવા આવે તો તેમની જરૂરિયાતને ધ્યાનમાં રાખી ફેરફાર કરાવ્યા હતા. છેવટે વસંત પંચમીના દિવસે સારું મુહૂર્ત જોઈ સંજય અને શિવાનીનો પરિવાર સાયન્સ સિટીના નવા ઘરે શિફ્ટ થઈ ગયો. ત્યાં ગયાના પહેલા જ અઠવાડિયે શિવાનીએ ફોન કરી ઉર્વશીબહેનને બોલાવ્યા. એક દીકરીને કરે તે રીતે ઉર્વશીબહેને શિવાનીને ઘર ગોઠવવામાં મદદ કરી. તેઓએ શિવાની અને સંજયનું નવું ઘર અને પ્રગતિ જોઈ ઈશ્વરનો મનોમન આભાર માન્યો.

ચાર મહિના બાદ આજે રથયાત્રાના દિવસે સવારે શિવાની અને સંજય તેમના નારણપુરાના ઘરે હંમેશ માટે પાછા આવી ગયા હતા. ઘર ખોલી, બેગ મૂકી શિવાનીએ તરત જ બાજુમાં ઉર્વશીબહેનના ઘરનો ડોરબેલ વગાડ્યો. બારણું ખૂલે તે પહેલા જ તેની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી. ઉર્વશીબહેને દરવાજો ખોલ્યો અને સંજયને પૂછ્યું, 'શું થયું?' સંજયે જવાબ આપ્યો, 'નવી જગ્યા માત્ર રહેવા માટેની એક સારી વ્યવસ્થા હતી પણ હવે અમે અમારા 'ઘરે' પાછા આવી ગયા છીએ.' ઉર્વશીબહેને પણ ભીની આંખે તેમના નિર્ણયને સહમતિ આપી.

★

એકવાર એક ભાઈ બસ સ્ટોપ પર બીજા ભાઈને કહી રહ્યા હતા, **'મેં તમને ક્યાંક જોયા છે.** તમે ફેસબુક પર છો?' 'ના.' 'તમે ટ્વીટર પર છો?' 'ના.' 'તમે લીન્કેડીન પર છો?' 'ના.' 'તો તમે ગૂગલ નેટવર્ક પર જરૂર હશો.'

**'ના. હું છેલ્લા દસ વર્ષથી તમારો નેક્સ્ટ ડોર પાડોશી છું.'**

*કલરવ ચિલ્ડ્રન હોસ્પિટલ,*
*મેમનગર, અમદાવાદ.*
*મો. ૯૮૯૮૦ ૦૧૫૬૬*

**જૈન વર્ગ માટે ખુશખબર**

**અમદાવાદ રેલવે સ્ટેશન પર જૈન ફૂડની સર્વિસ**
**તે સિવાય રેગ્યુલર ફૂડની સગવડ**

**અમદાવાદ રેલવે સ્ટેશન પર રેગ્યુલર ફૂડ અને જૈન ફૂડ સપ્લાય કરવા નીચે મુજબ ઓર્ડર લેવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| ■ | નાસ્તો (૪ આઈટમ) | : રૂા. ૧૦૦/- |
| ■ | લન્ચ | : રૂા. ૧૫૦/- |
| ■ | ડીનર | : રૂા. ૧૩૦/- |
| ■ | ગરમ પાણીની બોટલ (૩ લીટર) | : રૂા. ૫૦/- |

**નોંધ : જરૂરી ઓર્ડર આઠ કલાક અગાઉથી નોંધાવવાનો રહેશે.**

સંપર્ક : દીપિકા નાગડા : મો. ૮૩૪૭૪૫૫૭૨૨ ★ શૈલેષ નાગડા : મો. ૯૬૩૮૬૧૧૬૨૪

લઘુકથા

# આમ પણ બને!

• નવીન ત્રિપાઠી 'અલ્પ' •

એક નાની સરખી વાત આટલું મોટું સ્વરુપ લઈ લેશે તેની તો કલ્પના બેઉને ક્યાં હતી?

તહેવારમાં ભાઈને ત્યાંથી આવેલી મીઠાઈમાં ગુલાબજાંબુના વખાણ કરતા નવીન બોલ્યો, 'વાહ! ગુલાબજાંબુ કેવા સરસ છે! તેં ચાખ્યા?'

રશ્મિ બોલી, 'ગુલાબજાંબુ તો મેં પણ ગયે અઠવાડિયે બનાવેલા... ને ત્યારે મેં તમને પૂછ્યું હતું કે કેવા છે? તમે કહ્યું હતું.... ઠીક છે!'

ને પછી તો વાદ-વિવાદ, સંવાદ-વિખવાદ ને દલીલો વધી પડતાં કચવાટ, ઉશ્કેરાટનો ઉભરો સંબંધોમાં તિરાડ પાડીને જ શમ્યો!

રશ્મિ આ શહેરમાં રહેતા તેનાં માતાપિતાને ઘેર રહેવા ચાલી ગઈ.

થોડા સમય પછી મિત્રનાં સત્કાર સમારંભમાં નવીન ગયો.

જમણવાર સમયે તેની નજર ગુલાબજાંબુના કાઉન્ટર તરફ ગઈ. ત્યાં સખીવૃંદમાં રશ્મિ પણ હતી.

નવીન પોતાને પ્રિય ગુલાબજાંબુ લીધા વિના ઝડપથી પસાર થઈ ગયો ને બીજી વાનગીઓ સાથે થોડે દૂર ખુરશી લઈ બેઠો.

અચાનક ગુલાબજાંબુની ડિશ ટેબલ પર મૂકાઈ.

નવીને આશ્ચર્ય સાથે જોયું તો રશ્મિ!

લ્યો! તમને ગુલાબજાંબુ ભાવે છે ને!

હા, પણ આજે નહીં!

તો?

કાલે!

ક્યાં? ક્યારે....?

આપણે ઘેર, તું બનાવીશ ત્યારે!

*ડી/૫, અરિહંતનગર, ભુજ, કચ્છ. મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## એ સ્ત્રી કોણ હતી, ખબર છે?

શિયાળાનો સમય હતો. ન્યૂર્યોર્કની સડકો બરફથી છવાઈ ગઈ હતી. એ વખતે નવેક વરસની ઉંમરનો એક છોકરો ટાઢથી ઠૂઠવાતો એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના શોકેસના બહારના કાચની આરપાર તાકી તાકીને કંઈક જોઈ રહ્યો હતો. આવી કાતિલ ઠંડીમાં એણે શરીર પર થોડાંક ચીંથરા વીંટાળ્યાં હતાં. એના પગ ખુલ્લા હતા. ઠરી જતાં આંગળાંઓને રાહત આપવા માટે વારંવાર એ એક પછી એક પગ ઊંચો લઈ લેતો હતો. એના હોઠ સાવ ફાટી ગયા હતા. એના પર પડેલા ચીરાઓમાંથી નીકળેલું લોહી પણ જામી ગયું હતું. એ ખૂબ જ ભૂખ્યો હશે એવું તો એના દેખાવ પરથી કોઈ પણ કહી શકે તેમ હતું. ડિપાર્ટમેન્ટલ સ્ટોરના સંપૂર્ણ પારદર્શક કાચમાંથી નજરે પડતાં બૂટ, ગરમ કપડાં, બ્રેડ વગેરે ચીજોને જોતાં જોતાં એ જાણે કે ક્યાંક ખોવાઈ જ ગયો હતો.

'બેટા! આટલી ઠંડીમાં ક્યારનો તું એ કાચની આરપાર શું જોઈ રહ્યો છે?' શ્રીમંત દેખાતી એક સ્ત્રીએ એના ખભા પર હાથ મૂકીને કહ્યું. પેલો છોકરો ચમકી ગયો. પછી હળવેથી બોલ્યો, 'મેમ! હું ભગવાનને પ્રાર્થના કરતો હતો કે મને પેલા બૂટ અપાવે. મારા પગ હવે ઠંડી સહન નથી કરી શકતાં ને એટલે એ જલદીથી મોકલાવે એવું હું એમને કહેતો હતો!' એકદમ બાળસહજ નિખાલસતાથી એ છોકરાએ જવાબ આપ્યો.

પેલી પૈસાદાર દેખાતી સ્ત્રી થોડીક ક્ષણો વિચારમાં પડી ગઈ. એ પેલા છોકરા સામે જોઈ રહી. પછી એનો હાથ પકડીને એ એને સ્ટોરની અંદર લઈ ગઈ. કાઉન્ટર પર બેઠેલા માણસને એણે આ છોકરાના માપના સારામાં સારા બૂટ અને મોજા કાઢવાનું કહ્યું. પછી કપડાંના કાઉન્ટર પર જઈ એના માપનાં કપડાં અને ગરમ કોટ કઢાવ્યાં. આ દરમિયાન એણે નોકરને બાથરૂમમાં ગરમ પાણી તૈયાર રાખવાનું કહી દીધું હતું. એણે એ બાળકના હાથ-પગ ગરમ પાણીથી ધોવડાવી એને નવાં ગરમ કપડાં પહેરાવ્યાં. પછી સ્ટોરની કૅન્ટીનમાં સેન્ડવિચ અને ગરમ ચૉકલેટનો નાસ્તો કરાવ્યો. ત્યાર બાદ કાઉન્ટર પરનાં માણસને આ છોકરાના બૂટ બરાબર બાંધી આપવાનું કહી એ પેલા છોકરાને બાય-બાય કરીને બહાર જવા માટે બારણા તરફ આગળ વધી.

'અલ્યા છોકરા! તું ઓળખે છે એ સ્ત્રીને? એ સ્ત્રી કોણ હતી તને ખબર છે?' બૂટની વાધરી બાંધતાં બાંધતાં કાઉન્ટર પરના માણસે એ છોકરાને પ્રશ્ન કર્યો. એ બાળકે માથું હલાવીને હા પાડી.

પોતાની અને આ સ્ટોરની માલકણને આ શેરીમાં રખડતો છોકરો ક્યાંથી ઓળખે એ વાત હજુ પેલા કાઉન્ટર પરના માણસના મગજમાં ફિટ નહોતી બેસતી. છતાં ખાતરી કરવા માટે એણે પૂછ્યું, 'કોણ હતી એ કહે તો?'

'એ ભગવાનનાં પત્ની હતાં!' આંખમાં છલકાઈ આવેલાં આંસુઓ સાથે એ બાળકે જવાબ આપ્યો, 'એ તો મેં પ્રાર્થના કરી હતી ને એટલે બૂટ આપવા આવ્યાં હતાં!' ■

સુગંધ

# છાશની માટલી

• ગુલાબ દેઢિયા •

ઘરમાં ગાય વિયાય એ ખુશીનો અવસર બની રહેતો. સાથે થોડીક આશાઓ જન્મતી. વાછરડી જન્મી હોય તો વિશેષ આનંદ થતો. ભવિષ્યની ગાયના દર્શન એમાં થતાં. વાછરડા સામે પણ બહુ વાંધો નહોતો. ખરી મજા તો ઘરમાં દૂધનાં બોઘરણાં છલકાશે તેની હતી. દૂઝાણું ઘરનો મોભો ગણાતો.

બે-ત્રણ દિવસ કાચું દૂધ બરફી જેવી વાનગી બનાવવામાં વપરાતું. ઘરમાં તો વપરાય, અડોશપડોશમાં પણ વહેંચાય, જેને અમે બરઇ કહેતા. પછી રોજ ગાય દોહવાય કે તરત જ એક એક કળશિયો ભરીને દૂધ પડોશમાં કે અમુક સ્નેહીઓને ઘેર મોકલતા. એ લોકો દૂધ સ્વીકારી તે કળશિયો ઠાલો પાછો ન વાળતાં અંદર બે સોપારી કે અન્ય કંઈક આપતા. પરસ્પરનાં સ્નેહ અને સંબંધના એ પ્રતીક હતા. દૂધ વધુ છે તો વહેંચવું. વેચવાનું પણ હોય જ. છતાં પંદરેક દિવસ લગી નક્કી કરેલા સ્નેહીઓના ઘરે રિવાજ પ્રમાણે, એમના તરફથી પણ વ્યવહાર છે માટે મોકલવું. ભેટ આપનાર અને સ્વીકારનાર બંનેને આવા નાના-નાના આનંદો ગમતાં. ભાર નહોતો, સહજતા હતી. એ માટે વધારાનો ખર્ચ નહોતો કરવો પડતો. લેણદેણમાં ઉપદ્રવ નહોતો.

વૈશાખ મહિનામાં લગ્નસરા આવે. જેના ઘરે લગ્નપ્રસંગ હોય તેને ઘણી વસ્તુઓની જરૂર પડે. અમારા પડોશીને ઘરે સોનાનો ઢોળ ચડાવેલી એક મોટી મગમાળા હતી. નાટકમાં રાજાઓ પહેરે છે એવો મોટો હાર. એ માળા વરરાજા માટે લઈ જાય. માળા પાછી આપવા આવે ત્યારે થેન્ક યુ કહીને ચાલતા થોડા થાય! વસ્તુ પરત કરતી વેળાએ ખુશી અને આભાર બંનેના પ્રતીકરૂપે લાડવા કે અન્ય કોઈ મીઠાઈ ભેટ આપે. બંને પક્ષે આવું તો સહજ કહેવાતું.

**આપણી સંસ્કૃતિએ આપણને પ્રસંગ પ્રસંગના કેવાં કેવાં પ્રતીકો આપ્યાં છે. પ્રતીકો અત્યંત ભાવવાહી, માર્મિક અને મોઘમ છે.** કોઈ અમૂર્ત બાબતને વ્યક્ત કરવી હોય તો યોગ્ય પ્રતીક આપણી મદદે આવે છે.

હમણાં રજાઓમાં અમારે ઘેર સ્નેહી રોકાવા આવ્યા હતા. નાના બાળક માટે પારણાંની જરૂર પડી. અમારા મેંગ્લોરી પડોશી પાસેથી પારણું માગી લાવ્યા. એમણે ખુશી-ખુશી આપ્યું. આશ્ચર્ય ત્યારે થયું જ્યારે એમણે પારણું ખાલી ન આપતાં અંદર એક શ્રીફળ મૂકી દીધું હતું. પૂછ્યું તો કહે, 'અમારે ત્યાં આ પ્રથા છે. પારણું ખાલી ન અપાય.' ખાલી પારણું જાણે અશુભનું પ્રતીક અને શ્રીફળ સાથે શુભનું પ્રતીક. આખી વાતને ટૂંકામાં ટૂંકી રીતે કહી દે તે પ્રતીક, ઈંગિત ઈશારો દઇ દે તે પ્રતીક.

શહેરના અભિવાદન સમારંભોમાં પુષ્પગુચ્છોના ખડકલા થાય છે. એ ગંજથી સમારંભનું માપ નીકળે છે. ફૂલો દેનાર-લેનાર નિર્મમ બની જાય છે. સ્ટેજ પર લાંબી કતાર લાગે છે. બંને પક્ષે ફરજનો ભાર હોય છે. પુષ્પો ખુશી અને શુભેચ્છાના પ્રતીક ખરાં પણ અતિરેક સહી ના શકે. કરમાયાં પહેલાં જ ફૂલો સ્ટેજ પર નમાયાં થઈ જાય છે. કોઈ ઉપયોગ નથી રહેતો. ભેટની વસ્તુ ઉપયોગી પણ હોય હવે એવું આપણે નથી માનતા. આજકાલ પાર્ટીઓ વધતી જાય છે. પ્રસંગ ઉલ્લાસનો હોય છે પણ ઘણીવાર ઉલ્લાસ પ્રગટતો નથી. મનની તાણ આપણને હળવા થવા નથી દેતી. યજમાનને આયોજનની ચિંતા સતાવે છે તો મહેમાન વિચારે છે શું ગીફ્ટ લઈ જવી? થોડી કૃત્રિમતા, થોડી ચિંતા અને થોડી માથે આવી પડેલી વ્યવહાર સાચવવા પૂરતી ફરજ આપણને ખીલવા નથી દેતી. સહજતા વિરલ જણસ થઈ ગઈ છે. ગણતરી ચશ્મા તળેથી બધું નીરખી રહી છે.

શૈશવની એ ઘડી યાદ આવે છે. ઘરે મહેમાન આવે એ અમ બાળકોને ખૂબ ગમતું. મહેમાન ખાલી હાથે થોડા આવે! પેંડા, ગોળપાપડી સાથે ચીકુ, કેરી, બોર કે શેરડી પણ લાવે. પાછા જવા નીકળે ત્યારે અમને એકાદ-બે રૂપિયાની 'સુખડી' દેતા જાય. ખાવાની વાનગીને સુખડી કહેતા તેમ આ રોકડ ભેટને પણ સુખડી કહેતા. જે સુખ દે તે સુખડી. વડીલો ના-ના કહેતા રહે, પણ અમે મહેમાનોની આસપાસ ભમતા રહેતા. એકાદ રૂપિયો કેવી ધન્યતા અને સભરતાનો અનુભવ દઈ જતો! ફરીથી મહેમાનોનું આગમન થાય એમ મનોમન પ્રાર્થતા. મહેમાનોની હાજરીમાં તોફાનમસ્તીને માફી મળી જતી અને હઠ જલદી સંતોષાતી. મહેમાનોની ઉપસ્થિતિ અમારું રક્ષાકવચ હતું. વડીલોનું વર્ચસ્વ બૂમરેંગ થઈ જતું. અમારા એક ફોઈમા સાડલાના છેડે બાંધેલ પૈસામાંથી જે ભાવ સાથે નાનકડી રકમ ક્યારેક તો ચાર આની કે આઠ આની દેતા તે સુખડી યાદ છે. ઘણીવાર વિચારું છું કે પાર્ટીમાં જતાં લઈ જવી પડતી સુશોભિત ગીફ્ટ સુખડી કેમ નથી બનતી?

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૦૨ ઉપર)**

માહિતી

# મનોરંજન, માહિતી અને જ્ઞાન પીરસતું મીડિયા

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

દેશમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે સમાચારના આદાન પ્રદાનમાં હવે વિકાસનો નૂતન યુગ પ્રારંભાયો છે. અખબારો - સામયિકો આદિ પ્રિન્ટ મીડિયા તરીકે જાણીતા થયા છે. જ્યારે ટેલિફોન, મોબાઈલ, ટી.વી., રેડિયો આદિ ઈલેક્ટ્રોનિક મીડિયા તરીકે જાણીતા થવા પામ્યા છે. માત્ર થોડી ક્ષણોમાં એક સ્થળે બનેલી ઘટના જગતમાં ચોમેર પ્રસરી જવા પામે છે. પરિણામે વિશ્વ નાનું બનવા પામ્યું છે.

મીડિયા પાસે તો આજે સત્તા વગરની શક્તિઓ છે. સમાચાર માધ્યમોમાં આવેલી ક્રાંતિના કારણે જ લોકોમાં નવજાગૃતિ આવી છે. રાજકારણ - અર્થકારણ વિકસતા રહ્યા છે. શિક્ષણ જગતમાં વેગ વિકાસના દર્શન થાય છે. ગુનાહિતોને પકડી પાડવા મોબાઈલ જેવા સાધનો ઘણા ઉપયોગી સાબિત થવા પામ્યા છે.

ભારતનું પ્રથમ અખબાર ઈ.સ. ૧૭૮૦માં કલકત્તામાં આઈરીશ પત્રકાર શ્રી જેમ્સ ઓગષ્ટ હીક્કી દ્વારા પ્રકાશિત થયું. **૨૧મી સદીના પ્રથમ દાયકામાં દેશમાં કુલ મળીને ૮૨,૨૩૭ અખબારો પ્રકાશિત થતા હતા.** ભારતમાં સૌથી વધુ ફેલાયેલા પ્રથમ પાંચ અખબારોમાં પ્રથમ ત્રણ હિંદી, ત્યારબાદનું મલયાલમ તથા તામિલ ભાષામાં છે. ભારતનો સાક્ષરતા દર વધતો રહ્યો છે. પરિણામે વાંચન કરવાની ભૂખ જાગૃત થઈ છે. **પ્રતિદિન ૩૦ લાખ નકલો પ્રગટ કરતો આપણો દેશ જગતમા ચોથા ક્રમે છે. ચીન, જાપાન, અમેરિકા બાદ ભારતનો ક્રમ આવે છે. ચીનમાં દૈનિક અખબારોનો ફેલાવો ૧૧૮૦ લાખ છે.**

મુદ્રિત માધ્યમોના અકલ્પિત વિકાસ સાથે રેડિયો, ટી.વી.નો વ્યાપક વિકાસ થવા પામ્યો છે. ભારતના ૯૯.૧૯ ટકા વિસ્તારને રેડિયો આવરી લે છે. ૪૧૫ આકાશવાણી કેન્દ્રો ભારતમાં કાર્યરત છે. **૧૪૬ બોલીઓ અને ૨૩ ભાષાઓનો ઉપયોગ કરાય છે.** ઈ.સ. ૨૦૨૦ સુધીમાં રેડિયો, રેડિયો ઉદ્યોગની રેવન્યુ ક્ષમતા રૂા. ૫૦૦૦ કરોડથી રૂા. ૬૦૦૦ કરોડની થશે. દેશમાં ૨૦૦ ખાનગી ચેનલો છે. ભારતમાં મુળભૂત ગ્રામ્ય સંસ્કૃતિનું પ્રાધાન્ય હોઈ આજે પણ રેડિયોનું મહાત્મ્ય જળવાયેલું છે.

ફિલ્મોની સરખામણીએ ટેલિવિઝનનું આગમન થોડું મોડું થયું. પરંતુ છેલ્લા બે દાયકાથી ટી.વી. ક્ષેત્રે એકધારો વધારો નોંધાયો છે. ઈ.સ. ૨૦૧૫માં ભારતમાં ૧૫૩૫ લાખ ઘરોમાં ટી.વી. સેટ છે તેવો આંકડાકીય નિર્દેશ છે. ૧૧૮૦ લાખ ઘરોમાં ડિજિટલ નેટવર્ક કાર્યરત બન્યું છે. ભારતની ૭૫ ટકા વસતિ સુધી ટી.વી. પહોંચ્યું છે. **ઇ.સ. ૨૦૨૦માં વિશ્વના ૨૭ ટકા ટી.વી. સેટ ભારત ધરાવતું હશે.**

આજે ભારતમાં દેશ વિદેશની ૮૦૦ જેટલી ચેનલો ટી.વી. પર દર્શાવાય છે. જેમાં ચારસો જેટલી સમાચારો પ્રસારિત કરતી રહે છે. ભારતમાં પ્રતિવર્ષ તમામ પ્રાદેશિક ભાષાઓ મળીને અંદાજે હજાર જેટલી ફિલ્મો નિર્માણ પામે છે. ઈ.સ. ૧૯૯૫માં ભારત સરકારે ટેલિવિઝન રેગ્યુલેટરી ઓથોરિટીની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૯૭માં સરકારે 'ટેલિવિઝન રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા' સ્થાપ્યું. પરિણામે આ ક્ષેત્રે પ્રગતિ થઈ રહી છે.

'Cell Phone Nation' નામના પુસ્તકમાં વિશ્વના જાણીતા મીડિયા વિશ્લેષણ જણાવે છે તે મુજબ ૨૦મી સદીના અંતિમ દાયકામાં ટી.વી. ક્ષેત્રે અને સમગ્ર ટેલિ કોમ્યુનિકેશન ક્ષેત્રે અસાધારણ પ્રગતિ થવા પામી છે. મીડિયા વિશ્લેષક રોબિન જાફરી વિશ્વાસ વ્યક્ત કરે છે કે આગામી દાયકો આ ક્ષેત્રે સફળતા અને પ્રગતિનો દાયકો બની રહેવા પામશે.

સસ્તા દરના નાનકડા મોબાઈલ ખરીદનારાની સંખ્યા સતત વધતી જ રહી છે. સ્માર્ટ ફોનના આવિષ્કાર પછીથી વૉટ્સ ઍપ, ફેસબુક, યુ-ટ્યુબ અને મેઈલ, ટ્વીટર જેવા નેટવર્ક થકી જાણે દુનિયા માનવીની મુઠ્ઠીમાં સમાઈ જવા પામી છે. પ્રતિ વર્ષ ૨૫ મિલિયન ગ્રામીણ નાગરિક નેટવર્કનો હિસ્સો બને છે. **એક અંદાજ મુજબ ફેસબુકનો સવિશેષ ઉપયોગ કરતો દેશ ભારત છે.**

*લીમડા લેન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**To Register Your Name in "Kutchi Telephone Directory - 2016"** (For Ahmedabad - Gandhinagar Only)
Click on Link : **www.kutchisamaj.amdavad.com**

માહિતી

# મહારાઓશ્રી પ્રાગમલજી સ્કોલરશિપ ★ મહારાઓશ્રી પ્રાગમલજી ફાઉન્ડેશન
# ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના જૂના મકાનનો ઉપયોગ

• પ્રો. હરસુખરાય છ. ધોળકિયા, પ્રાગમલ સ્કોલર •

મહારાઓશ્રી પ્રાગમલજી બીજા કચ્છનાં શિક્ષણ અને સંસ્કારના મહાન જ્યોતિર્ધર હતા. ભુજમાં હમીરસર તળાવ પાસે ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ અને મ્યુઝિયમની સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમુનાઓ જેવી ભવ્ય ઈમારતો મહારાઓશ્રીનું ચિરસ્મરણીય યોગદાન બની રહે છે.

સને ૧૮૭૦માં કચ્છના પ્રગતિશીલ મહાન રાજવી મહારાઓશ્રી પ્રાગમલજી બીજાએ તે સમયનાં મહારાણી વિક્ટોરિયાના પુત્રને આ શાળાનું નામ આપીને કચ્છમાં ઑલ્ફ્રેડ હાઈસ્કૂલની સ્થાપના કરી.

ઈ.સ. ૧૮૭૨માં બ્રિટનના રાજવીની મુંબઈની મુલાકાત પ્રસંગે મહારાઓશ્રી પ્રાગમલજીએ રૂા. ૪૫,૦૦૦/-ની સ્કોલરશિપો જાહેર કરી. તે પૈકી રૂા. ૩૦,૦૦૦/- મુંબઇ યુનિવર્સિટીને આપવામાં આવ્યા. તેના વ્યાજમાંથી મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં પાસ થનાર કચ્છી મૂળના બે વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવાનું ઠરાવ્યું. તે સમયે મુંબઈ યુનિવર્સિટીની હકુમતના વિસ્તારમાં હાલનું ગુજરાત રાજ્ય, મહારાષ્ટ્રના વિદર્ભ અને મરાઠાવાડા સિવાયના બધા વિસ્તારો, હાલનાં પાકિસ્તાનના સિંધ પ્રાંતનો સમાવેશ થતો હતો. આ બધા વિસ્તારોની હાઈસ્કૂલોમાંથી મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિકની પરીક્ષામાં કચ્છી મૂળના વિદ્યાર્થીઓમાં સૌથી વધારે માર્કસ મેળવનાર વિદ્યાર્થીને પ્રાગમલજી સ્કોલરશિપ આપવામાં આવતી. બે સ્કોલરશિપ હતી : પ્રથમ નંબરે આવનારને માસિક રૂા. ૨૦/- તથા બીજા નંબરે આવનારને માસિક રૂા. ૧૪/-ની સ્કોલરશિપો ત્રણ વર્ષ માટે આપવામાં આવતી. આ સ્કોલરશિપો મેળવનાર પ્રાગમલ સ્કોલરો જીવનમાં ખૂબ આગળ વધ્યા છે અને શિક્ષણ અને સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં તેમણે નોંધપાત્ર પ્રદાન કરેલાં છે.

હું ઑલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણતો, તે દરમિયાન પ્રાગમલજી સ્કોલરશિપો ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના નીચે પ્રમાણે વિદ્યાર્થીઓને મળેલી :

- ૧૯૪૩ : (૧) સુરેન્દ્રરાય છબીલદાસ ધોળકિયા
  (૨) ઉમર દેદા
- ૧૯૪૫ : (૧) હરસુખરાય છબીલદાસ ધોળકિયા
  (૨) જિતેન્દ્રરાય લાભશંકર ધોળકિયા.
- ૧૯૪૭ : (૧) જનકરાય નારણલાલ માંકડ.

પછી તો મુંબઈ યુનિવર્સિટીનું વિભાજન થયું અને પ્રાદેશિક યુનિવર્સિટીઓ સ્થપાઇ અને આ પ્રાગમલજી સ્કોલરશિપ અપાતી બંધ થઇ. હવે તો ઘણા વર્ષોથી પ્રાગમલજી સ્કોલપશિપ અપાતી બંધ થઈ છે.

તે સ્કોલરશિપ માટેના ફંડનું શું થયું તે પણ આપણને ખબર નથી.

***આ સ્કોલરશિપનાં મુખ્ય બે ઉદ્દેશો હતા :***

- મહારાઓશ્રી પ્રાગમલજીની પુણ્યસ્મૃતિ જાળવવી.
- કચ્છી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવી.

સ્કોલરશિપ માટેનું ફંડ હવે તો લાખો રૂપિયાનું બની ગયું હશે.

આ રકમનો સદુપયોગ તેના ઉદ્દેશો પ્રમાણે થાય એવી વ્યવસ્થા વિચારવાની જરૂર છે.

મારું નમ્ર સૂચન એવું છે કે આ સ્કોલરશિપના ઉપર જણાવેલા બે ઉદ્દેશો – મહારાઓશ્રી પ્રાગમલજીની પુણ્ય સ્મૃતિ અને કચ્છી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય - જળવાય તે માટે આ સ્કોલરશિપ માટે જમા થયેલાં ફંડને એકત્રિત કરી –

- મહારાઓશ્રી પ્રાગમલજી ફાઉન્ડેશનની સ્થાપના કરવી.
- આ ફાઉન્ડેશનની આવકમાંથી કચ્છી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે લાભ આપવો.

***તે માટે નીચે પ્રમાણે યોજનાઓ વિચારી શકાય :***

- કચ્છ યુનિવર્સિટીની અનુસ્નાતક - પોસ્ટ ગ્રેજ્યુએટ માસ્ટર્સ ડિગ્રીની પરીક્ષાઓમાં દરેક વિદ્યાશાખામાં પ્રથમ આવનારને મહારાઓશ્રી પ્રાગમલજી સુવર્ણ ચંદ્રક આપવો.
- કચ્છ યુનિવર્સિટીના મહારાઓશ્રી પ્રાગમલજી ચેરની સ્થાપના કરવી. આ ચેરના ઉપક્રમે આંતરરાષ્ટ્રીય સ્તરના વિદ્વાનોના વ્યાખ્યાનો ગોઠવવા.
- કચ્છ યુનિવર્સિટીની મુખ્ય સેન્ટ્રલ લાઈબ્રેરીને મહારાઓશ્રી પ્રાગમલજી લાઈબ્રેરી એવું નામ આપવું.
- ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે

આર્થિક સહાય આપવી.

આમ કરવાથી મહારાઓશ્રી પ્રાગમલજીની પુણ્યસ્મૃતિ જળવાઈ રહેશે અને કચ્છી વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટેના લાભ મળતા રહેશે.

## ઑલ્ફ્રેડ હાઈસ્કૂલના જૂના મકાનનો ઉપયોગ

ભુજની ઑલ્ફ્રેડ હાઈસ્કૂલનું મકાન એ માત્ર પથ્થર, ઈંટ - ચુનાનું ચણતર નથી. તે ભવ્ય ઈમારત મહારાઓશ્રી પ્રાગમલજી બીજાએ કચ્છની પ્રજાને આપેલો ભવ્ય વારસો છે. કચ્છની ત્રણ ચાર પેઢીઓનું સંસ્કાર સિંચન અહીં થયું છે.

આ મકાનનો શું ઉપયોગ કરવો એ પ્રશ્ન વહીવટમાં ચર્ચાતો રહ્યો છે. સરકારી ખાતાની ઑફિસ માટે ઉપયોગ કરવો એવો વિકલ્પ વિચારાઈ રહ્યો છે.

આ ઈમારત મહારાઓશ્રી પ્રાગમલજીની પુણ્ય સ્મૃતિની જાળવણી કરે છે અને કચ્છનાં શિક્ષણ સંસ્કારના વિકાસમાં સહભાગી બની રહી છે.

તેમાં ટેબલ ખુરશી ગોઠવીને તથા કબાટોમાં ફાઈલો ખડકીને તેનો ઉપયોગ કરવો એ કોઈ યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા નથી. આનો ઉપયોગ તો મહારાઓશ્રી પ્રાગમલજીની પુણ્ય સ્મૃતિ જળવાય અને કચ્છની ઉછરતી પેઢીમાં શિક્ષણ સંસ્કારનો વિકાસ થાય એ રીતે કરવો જોઈએ.

- મારું નમ્ર સૂચન એવું છે કે આ મકાનનો વહીવટ કચ્છ યુનિવર્સિટીને સોંપવો.
- કચ્છ યુનિવર્સિટીનું પુસ્તકાલય અહીં 'મહારાઓશ્રી પ્રાગમલજી પુસ્તકાલય' એવું નામ આપીને અહીં રાખવું અને યુનિવર્સિટીના અનુસ્નાતક - પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગોના ઉપયોગ માટે આ મકાન વાપરવું.
- મકાનની અંદર જરૂરી ફેરફાર કરીને, પોસ્ટ ગ્રેજ્યુએટ વિભાગોના અધ્યાપકોની ચેમ્બરો, તેના વિદ્યાર્થીઓ માટેના વર્ગખંડો વગેરે માટે વ્યવસ્થા કરવી.
- સેન્ટ્રલ હોલ અને બીજા રૂમો સેમિનારો, મીટિંગો વગેરે માટે ઉપયોગમાં લેવા. શહેરની સંસ્થાઓને પણ આ હોલ અને રૂમો વાપરવાની સગવડ કરી આપવી.
- યુનિવર્સિટી ઈન્ફોર્મેશન સેન્ટરની પણ અહીં વ્યવસ્થા થઈ શકે. ભારતની બધી યુનિવર્સિટીઓની તથા કોમનવેલ્થની તેમજ અમેરિકાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓના વિવિધ અભ્યાસક્રમો સંબંધી મહત્ત્વની માહિતી અહીં વ્યવસ્થિત રીતે એકત્ર કરી, આ માહિતીની જેને જરૂર હોય તેને વ્યવસ્થિત રીતે આપવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવી જોઈએ. મહત્ત્વની યુનિવર્સિટીઓનાં Prospectus પણ અહીં ઉપલબ્ધ હોવા જોઈએ. જેથી જરૂર હોય તેને પૂરેપૂરું માર્ગદર્શન મળી શકે.
- કચ્છ યુનિવર્સિટીનું જો પબ્લિકેશન યુનિટ હોય તો તેનાં પ્રકાશનોનાં વેચાણની વ્યવસ્થા અહીં ગોઠવી શકાય.
- એક રૂમ વ્યવસ્થિત રીતે કોન્ફરન્સ રૂમ તરીકે, વેલ ફર્નીશ્ડ કરી તેનો સારો ઉપયોગ થઈ શકે અને અગત્યની મીટિંગો ત્યાં ગોઠવી શકાય.

આ મકાનનો ઉપર પ્રમાણે શૈક્ષણિક હેતુઓ માટે ઉમદા ઉપયોગ વિચારી શકાય.

*'રિદ્ધિ સિદ્ધિ' ફ્લેટ,*
*કલ્યાણનગર સોસાયટી, કારેલી બાગ,*
*વડોદરા-૩૯૦ ૦૧૮.*

## છાશની માટલી

**(અનુસંધાન : પાના નં.-૯૯ ઉપરથી ચાલુ)**

વર્ષો પછી અમારે ઘરે દૂઝાણું ન રહ્યું ત્યારની વાત છે. મારા પિતાજીના એક મિત્ર પોતાના મોટા વસ્તારી પરિવાર સાથે વાડીમાં રહેતા હતા. વાડી ગામથી સારી એવી દૂર હતી. એ વડીલ કે એમના ઘરમાંથી કોઈ નાની-મોટી ખરીદી માટે ગામમાં આવે. ઘરે આવી સહેજ પોરો ખાય, પાણી પીએ, ખબરઅંતર પૂછે. પોતાની સાથે માટલી ભરીને તાજી ઘટ્ટ છાશ લઈ આવે તે સહજભાવે આપે. **આ ગ્રીષ્મના મધ્યાહ્ને એ છાશની શીતળતા અને મીઠાશ એમના સ્નેહની યાદ આપે છે. ભાર વગરની ભેટ છાશ જેવી મધુર હોય છે.**

એક મહારાષ્ટ્રિયન બહેન પોતાની દીકરીનાં લગ્નની કંકોતરી દેવા આવ્યા હતા. કંકોતરી આપી અને રીતસર પગે લાગ્યા. મોટી ઉંમરના બહેનની આ રીતથી કૌતુક થયું. પૂછ્યું તો કહે, 'અમે તો આ રીતે જ નિમંત્રણ દઈએ છીએ.' પોતાના પારિવારિક આનંદમાં સહભાગી કરવાનો પ્રસન્નભાવ અને તે માટેની વિનંતી કેવાં પરાકાષ્ટાએ હતાં. પ્રસન્નતા અને નમ્રતાનાં સખીપણાં કેવા સોહામણાં છે!

માંગલિક પ્રતીકો ભાવની અંબાડીએ ચડીને આવે છે ત્યારે આનંદની રાજસવારી શોભે છે. જે મુખર નથી તે ગમે છે. પ્રતીકો ગમે છે. જુનવાણીની ગાળ ખાઈને પણ થોડાંક પ્રતીકો, રિવાજો સાથે જીવવાનું ગમે છે.

*૧૮/૬૪, મનીષ કાવેરી, મનીષ નગર, ચાર બંગલા,*
*અંધેરી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૩.*

માહિતી

# લીમડાનો ઉપયોગ અનેક રોગોમાં ચમત્કારી અસર બતાવે છે

• ડૉ. મિહિર એમ. વોરા •

લીમડાને આયુર્વેદમાં એક ખૂબ જ ઉપયોગી વનસ્પતિ માનવામાં આવી છે. લીમડાનો ઉપયોગ અનેક રોગોમાં ચમત્કારી અસર બતાવે છે. આના પ્રયોગથી અનેક અસાધ્ય બીમારીઓ સારી કરી શકાય છે. **તેના ઔષધીય ગુણોને લીધે જ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા લીમડાને ૨૧મી શતાબ્દીનું વૃક્ષ ઘોષિત કરવામાં આવ્યું છે.**

આદિવાસી વિસ્તારોમાં લીમડાને એક મહત્ત્વપૂર્ણ ઔષધીય વૃક્ષની રીતે જોવામાં આવે છે. ચરક સંહિતા અને સુશ્રુત સંહિતા જેવા પ્રાચીન ચિકિત્સા ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ મળે છે. તેને ગ્રામીણ ઔષધાલયનું નામ આપવામાં આવ્યું છે. **આ ઝાડની ખાસિયત છે કે તેની ઉપર કોઈ કીડા-મકોડા નથી લાગતા.** એટલા માટે લીમડાને આઝાદ ઝાડ કહેવામાં આવ્યું છે. લીમડાની આ ઉપયોગીતાનું ધ્યાન રાખીને જ આજે જાણીએ લીમડા સાથે જોડાયેલ કેટલાક અને અનોખા કારગર પારંપરિક નુસખા વિશે.

લીમડાના પાનનો જ્યુસ પીવાથી શરીરની ગંદકી નીકળી જાય છે. તેનાથી વાળ કાળા, ઘાટ્ટા અને ચમકદાર થઈ જાય છે. ત્વચાની ક્રાંતિ વધી જાય છે. ડાઈજેશન યોગ્ય થઈ જાય છે. લીમડાની લીંબુડીઓને પીસીને રસ તૈયાર કરી વાળ ઉપર લગાવવામાં આવે તો જૂ મરી જાય છે. અળાઈથી છૂટકારો પ્રાપ્ત કરવા માટે લીમડાની છાલને ઘસીને લેપ કરવામાં આવે અને તે ભાગ ઉપર લગાવવામાં આવે અને જ્યાં અળાઇ અને ફુસીઓ થઈ હોય, ત્યાં આરામ મળે છે. પાણીમાં થોડીવાર લીમડાના પાન નાખીને નહાવાથી પણ અળાઈ દૂર થઈ જાય છે. લીમડાના પાનનો લેપ વાળ ઉપર લગાવવાથી વાળ સ્વસ્થ રહે છે અને ખરવાના ઓછા થાય છે. લીમડા અને બોરના પાનને પાણીમાં ઉકાળીને આ પાણીથી વાળ ધોવાથી વાળ ખરવાના બંધ થઈ જાય છે. લીંબોળીનું ચૂર્ણ બનાવી ૧-૧ ગ્રામ માત્રામાં રાતના સમયે નવશેકા પાણીની સાથે લો. આ નુસખા કબજિયાતની સમસ્યામાં રામબાણ છે. વીંછી કરડ્યો હોય તો લીમડાના પાન મસળીને કરડેલી જગ્યાએ લગાવવાથી બળતરા ઓછી થઈ જાય છે અને સાથે જ ઝેરની અસર પણ ઓછી થઈ જાય છે. લગભગ ૨૦૦ ગ્રામ લીમડાના પાનને ૨ લીટર પાણીમાં ઉકાળીને જ્યારે આ પાણીનો રંગ લીલો થઈ જાય ત્યારે નહાતી વખતે ડોલમાં લીમડાનું આ પાણી નાખવામાં આવે છે. જાણકારોના કહેવા પ્રમાણે નહાવાનું આ પાણી સંક્રમણ, ખીલ અને શરીરના જૂના રોગ ડાઘ-ધબ્બાથી છુટકારો અપાવે છે. લીમડાના રસના ૨ ટીપા આંખોમાં નાખવાથી આંખોની રોશની વધે છે. જો કોઈને કન્જેક્ટીવાઈટીઝ થઈ ગયો હોય તો તે ઝડપથી દૂર થઈ જાય છે.

લીમડાને મહિનામાં ૧૦ દિવસ સુધી સેવન કરતા રહેવાથી ક્યારેય હાર્ટ એટેક નથી આવતો. લીમડાના રસનો ઉપયોગ મેલેરિયામાં પણ કરવામાં આવે છે. લીમડો વાઈરસને થવા નથી દેતો અને લીવરની કાર્યક્ષમતાને મજબૂત કરે છે. લીમડાના ગુલાબી કોમળ પાનને ચાવીને રસ ચુસવાથી ડાયાબિટીસમાં આરામ મળે છે. લીમડાનો જ્યુસ ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ લાભદાયી છે. રોજ લીમડાનો જ્યુસ પીવાથી બ્લડ સુગર કંટ્રોલમાં રહે છે. જો કે તેને ક્લિનિકલી અને વૈજ્ઞાનિક પ્રમાણ હજુ સુધી જોવા નથી મળ્યું. પણ તેને પારંપરિક નુસખા તરીકે અજમાવવામાં બુરાઈ નથી. બવાસીર જેવા કષ્ટકારી રોગના ઈલાજ માટે લીમડા અને કનેરના પાનની સમાન માત્રામાં લેપ લગાતાર એક અઠવાડિયા સુધી લેવાથી કષ્ટ ઓછું થઈ જાય છે. મેલેરિયામાં લીમડાના છાલને કૂટીને કાંસાના વાસણમાં પાણીની સાથે થોડીવાર ઉકાળીને તેને પછી એક કપડાથી ગાળીને આ પાણીને દિવસમાં ત્રણ વાર મેલેરિયાના દર્દીને આપવામાં આવે તો મેલેરિયા દૂર થઈ જાય છે. ગરમીમાં લૂ લાગી રહી હોય ત્યારે લીમડાના ફૂલ, ફળ, પાન, છાલ અને જડનું ચૂર્ણ બનાવીને પાણીમાં મેળવીને લેવાથી લૂની અસર દૂર થઈ જાય છે. લીમડાના તેલમાં થોડું કપૂર મેળવીને આ તેલ ફુસી કે ઘાવ ઉપર લગાવવાથી ઘાવ ઝડપથી ભરાઈ જાય છે. સાંધાના સોજાઓ ઉપર લીમડાના તેલનું માલીશ કરવાથી લાભ થાય છે. લીમડાના પાન કીડા મારે છે. એટલા માટે તેના પાનને અનાજમાં પણ રાખે છે. લીમડાના પાન અને મકોયના (પીલુડી) ફૂલના રસ સમાન માત્રામાં લઈ આંખની પલકો ઉપર લગાવવાથી આંખની લાલાશ દૂર થઈ જાય છે. ડિલીવરીના સમયે લૅબર પેઈનમાં આરામ

માટે લીમડાના રસથી મસાજ કરવું જોઈએ. દર્દ ઓછું થવા લાગશે. ગળાનો સોજો દૂર કરવા માટે લીમડાના પાન, કાળી મરી, લવિંગ અને ચપટીભર મીઠું મેળવીને ઉકાળો બનાવીને લો. તેનું સેવન દિવસમાં ૩-૪ વાર કરો. લીમડાના પાન પીસીને એક કપ પાણીમાં મેળવીને પીવાથી કોલેરા દૂર થાય છે. લીંબોળીનું તેલ લગાવવાથી બળી ગયા પછી ઘાવ ઝડપથી ભરાઈ જાય છે. લીમડાના ફૂલ તથા લીંબોળી ખાવાથી પેટના રોગો થતા નથી. લીમડાની જડમાં પાણી ઉકાળીને પીવાથી તાવ દૂર થઈ જાય છે. છાલને બાળીને તેની રાખમાં તુલસીના પાનનો રસ મેળવીને લગાવવાથી ડાઘ-ધબ્બા દૂર થઈ જાય છે. લીમડાના તેલની માલીશ કરવાથી ચામડીનો રોગ ઠીક થઈ જાય છે. લીમડાનો લેપ પણ બધા પ્રકારના ચામડીના રોગોના નિવારણમાં સહાયક છે. લીમડાનું દાતણ કરવાથી દાંત અને મસુડો મજબૂત થાય છે અને દાંતમાં કીટાણું નથી થતા. મુખમાંથી દુર્ગંધ આવવાની બંધ થઈ જાય છે. લીમડાના રસમાં સિંધવ નમક મેળવીને મંજન કરવાથી પાયોરિયા, દાંત - દાઢનું દર્દ વગેરે દૂર થઈ જાય છે. લીમડાની કૂંપળોને પાણીમાં ઉકાળીને કોગળા કરવાથી દાંતના દર્દ દૂર થઈ જાય છે.

જ્યાં દાક્તરી સલાહની જરૂર હોય ત્યાં દાક્તરી સલાહને અવગણશો નહીં.

આમ, લીમડાનો ઉપયોગ અનેક રોગોમાં ચમત્કારી અસર બતાવે છે તે સનાતન સત્ય છે.

*E-mail : voramihirm@yahoo.com*

## હંમેશાં આગેવાન બનો...

*દુનિયા મને શું આપશે એમ વિચારનારા મેનેજર બને છે*
*દુનિયાને હું શું આપું એમ વિચારનારા આગેવાન બને છે.*

આગળની હરોળમાં બેસે એ આગેવાન ન કહેવાય.
બધાની આગળ ચાલે તેને આગેવાન ન કહેવાય.
સમાજ વિકાસ માટે આગળ પડીને કામ કરે તેને આગેવાન કહેવાય.
ફક્ત આજનું નહીં, આગળનું વિચારે તે આગેવાન.
સામાજિક સુધારણા માટે જે આગળ આવે તે આગેવાન.
સમાજને સાચી દિશા બતાવી સમાજની દશા બદલવાનો પ્રયત્ન કરે તેને આગેવાન કહેવાય.
નીડર બનીને સમાજના ભલા માટે નિર્ણય લે તેને લીડર કહેવાય.
વિચાર, વાણી અને વર્તન દ્વારા સમાજમાં દાખલો બેસાડે તેને સમાજનેતા કહેવાય.

*તો આવા આગેવાન બનવાના પ્રયત્નો કરજો.*

સાંપ્રત મંચ

# સાંપ્રત પ્રશ્ન

• સંકલન : હસમુખભાઈ મહેતા •

'સાંપ્રત વિચાર મંચ' અંતર્ગત ગત માસમાં વિષય આપેલ હતો : **"શું મુખ્યમંત્રીની બદલી ગુજરાતની પ્રવર્તમાન સ્થિતિમાં કોઈ બદલાવ લાવી શકશે ખરી?"** — આ વિષય અન્વયે સારો પ્રતિસાદ મળ્યો છે. જે 'સાંપ્રત વિચાર મંચ' વિભાગની સફળતા સૂચવે છે. આવેલા લેખો માટે વાચકવર્ગ અને તજજ્ઞોનો ખૂબ ખૂબ આભાર.

ઉપરોક્ત પૈકી શ્રેષ્ઠ લેખોની યાદી હવે પછી જાહેર કરવામાં આવશે.

આ વિભાગના વિષયો પર બહોળા પ્રમાણમાં વાચકવર્ગ - તજજ્ઞોને પોતાના વિચારો લખી મોકલાવવા જાહેર આમંત્રણ છે. ■

## ભરતકલા

રણ ધરિયાને ડુંગરા કચ્છ સંસ્કૃતિજી કલા
આહિર પંથક અજબજો વખાણીયેં ભલભલા
હસ્તકળાને કલામેં વટ આહિર પટ વલા
ટાંકા લગેં ટેરવેસેં ભરત કમમેં ભલા
ન વખાણ કચ્છજા ઠલા
ડંકો દેશ વિદેશમેં....

ડંકો દેશ વિદેશમેં હસ્તકલા હબાય
જીંકડી ઢોરી ધ્રંગ લોડાઇ કુનરીયે કોટાય
પડધા તોરણ ચાકડા નમૂના નવા ડિસાય
ધરમપરને ધાણેટી ભરતકલા ભરાય
કધર કલાજી આય
ભરતકમજી ભોમકા....

ભરતકમજી ભોમકા મહિલાઉં રેં મામુર
ગ્રામીણકલા ગજે વિઠી રોજગારી ભરપૂર
સહયોગ મિલે સરકારજો મહેનતાણેં જો મુર
રંગ જમે રણોત્સવમેં માર્કેટીંગજી જરૂર
ભાવિ પેઢીજો નૂર
'પ્રભુ' ભરતગુંથણ જા ગામડા

*પ્રભુલાલ સિધ્ધપુરા - ગાંધીધામ, કચ્છ*

## પર્યુષણ પર્વ આરાધના

આવ્યા પર્યુષણ પર્વ પર્વાધિરાજ
ઊરને ઝુલે ઝુલાવું પ્રેમાનંદથી આજ.
પ્રભુ મહાવીરનો મહિમા અપરંપાર
જૈન શ્રાવક શ્રાવિકાઓ ગુણલાં ગાયે અપાર.
ધર્મની આરાધના એકાગ્ર ચિત્તે કરે આજ... ૧

કીર્તન સ્તોત્રથી ચિત્ત ધરે પ્રભુ ફક્તિમાં
કર્મબંધન છૂટતા જાય છે ભાવ ભક્તિમાં
ઉચ્ચ સાધનાનું પર્યુષણ પર્વ આવ્યું આજ... ૨

શ્રી દેવ ગુરૂ ધર્મની ભક્તિ અહિંસાનું પાલન
મહાવીરનો ઉપદેશ જીવનમાં તપ ત્યાગ ધર્મ પાલન
પ્રભુ સંસાર સાગરથી પાર ઉતારો જહાજ... ૩

મોહ માયા લોભ લાલચ છોડવાનો અવસર
મહાધિરાજ પર્યુષણ પર્વના દિવસોનો અવસર
સદ્કાર્યો માટે દાન કરવા લાભ મળ્યો આજ... ૪

પ્રભુ મહાવીર! તવ દર્શન માટે મન તડપે આજ
'મહા' વિનવે જીવાત્માની સદા રાખતા રહેજો લાજ
આત્મકલ્યાણાર્થે તવ પાસ માગું શક્તિ આજ... ૫

*મહાભાઈ આર. વોરા - ભુજ*

## અંજળ થઈએ

દીવો થઈને ઝળહળ થઈએ,
અજવાળાનું અંજળ થઈએ.

કુદરતના ધાવણ ધાવીને,
તાજા-માજા હરપળ થઈએ.

વજ્ર જેવી છાતી રાખી;
ફૂલો જેવા કોમળ થઈએ.

એક વચન ગુલાબી આપી,
કેમ કથોરાં બાવળ થઈએ?

ક્યાંક મળે સંતપ્ત હૃદય તો;
ઝરમર ઝરમર વાદળ થઈએ.

હોય પ્રણય ભરપૂર છલોછલ;
એ નયનોનું કાજળ થઈએ.

જીવન એક કવન છે સુંદર;
લખવા કોરો કાગળ થઈએ.

*દક્ષા બી. સંઘવી - ગાંધીધામ (મો. ૯૪૨૭૦ ૧૪૬૪૦)*

## કોયડા

| | |
|---|---|
| એક સંખ્યા ધારો. | (ધારો કે ૭) |
| તેના બમણા કરો. | (૧૪) |
| તેમાં ૫ ઉમેરો | (૧૪ + ૫ = ૧૯) |
| તેને ૫ વડે ગુણો. | (૧૯ **x** ૫ = ૯૫) |
| તેમાં ગમે તે એક આંકડો (૦થી ૯ની વચ્ચે) ઉમેરો. | (૯૫ + ૨ = ૯૭) |
| કેટલા આવ્યા? | (૯૭) |

તો **૭** ધાર્યા હશે અને છેલ્લે
**૨** ઉમેર્યા હશે.
કેમ ખબર પડી?
(છેલ્લે જે જવાબ આવે તેમાંથી ૨૫ બાદ કરો. ૯૭ – ૨૫ = ૭૨. પહેલો અંક ધારેલી સંખ્યા. બીજો અંક છેલ્લે ઉમેરેલી સંખ્યા.)
છે ને નવાઈ?

★

૧૪૨૮૫૭ ને ૧ થી ૬ વડે ગુણો.
આંકડા પુનરાવર્તન પામશે.

૧૪૨૮૫૭ **x** ૨ = ૨૮૫૭૧૪
૧૪૨૮૫૭ **x** ૩ = ૪૨૮૫૭૧
૧૪૨૮૫૭ **x** ૪ = ૫૭૧૪૨૮

*ઇન્દ્રવદન અંતાણી - ગાંધીનગર*

# શબ્દ શોધ : ૫૩

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

• પ્રદીપ જોશી - આદિપુર •

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | ■ | | ■ | ૧૨ | ■ | |
| ૧૩ | | | ■ | | ■ | ૧૪ | | |
| ■ | ■ | ૧૫ | ૧૬ | | ૧૭ | | ■ | ■ |
| ૧૮ | | ■ | | ■ | | ■ | ૧૯ | ૨૦ |
| | ■ | ૨૧ | | ■ | ૨૨ | ૨૩ | ■ | |
| ૨૪ | ૨૫ | | ■ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | |
| ૨૯ | | | ■ | | ■ | ૩૦ | | |

## આડી ચાવીઓ

૧. હાથના પંજાની ટચલી પહેલાની આંગળી (૪)
૪. શંકર ભગવાન (૪)
૭. મા, માતા, પરાજિત (૨)
૮. મગ્ન, મશગૂલ (૩)
૧૦. બાણ (૨)
૧૩. દીકરી, પુત્રી (૩)
૧૪. પ્રતિબંધ, રૂકાવટ, બાંધવું કે બંધાવું એ (૩)
૧૫. વસંત ઋતુમાં થતી એક વનસ્પતિ (૫)
૧૮. એક મહિનો (૨)
૧૯. ડર, ભય (૨)
૨૧. 'તારક મહેતા કા ઊલ્ટા ચશ્મા' ટી.વી. શ્રેણીમાં જેઠાલાલની પત્ની (૨)
૨૨. નાકને કચ્છી ભાષમાં શું કહેવાય? (૨)
૨૪. ભાંગના સત્ત્વમાં બીજા વસાણા નાખી બનાવેલી એક જાતની કેફી લુગદી (૩)
૨૭. કરવેરો, લાગો (૩)
૨૯. વંદન, નમસ્કાર (૩)
૩૦. ભાજપનું ચૂંટણી પ્રતીક (૩)

## ઊભી ચાવીઓ

૧. થાપણ, સંભાળ માટે સોંપેલી વસ્તુ (૪)
૨. જ્ઞાતિ, ન્યાત (૨)
૩. કાર્ય, કાજ (૨)
૪. ____ હોય તો માળવે જવાય (૨)
૫. ભારત મારો ____ છે. (૨)
૬. સામાનું ઇચ્છિત આપવાની ક્રિયા (૪)
૯. દિલગીર, શોકમાં ઘેરાયેલું (૪)
૧૧. સૂડી ચપ્પુના ઉદ્યોગ માટે જાણીતો કચ્છનો એક તાલુકો (૩)
૧૨. સલમાનખાન અભિનીત એક ફિલ્મ (૩)
૧૬. પુત્રી, દીકરી (૩)
૧૭. જુવાની, યુવાવસ્થા (૩)
૧૮. આકાશ, આભ (૪)
૨૦. હથેળી (૪)
૨૧. કેર, જુલમ (૩)
૨૩. ૩૬૦૦ સેકન્ડનો સમયગાળો (૩)
૨૫. મૃત્યુનો અધિષ્ઠાતા દેવ (૨)
૨૬. કચ્છનું જાણીતું હમીરસર તળાવ કયા શહેરમાં આવેલું છે? (૨)
૨૮. શોક, દિલગીરી (૨)

## શબ્દશોધ : ૫૨નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ્વા | તં | ત્ર્ય | દિ | ન | ■ | સ | મ | જ |
| હા | ■ | મ્બ | ■ | ગ | મ | ન | છ | ટા |
| ■ | ■ | કે | મ | ■ | જ | મ | ■ | ■ |
| કો | ટે | શ્વ | ર | ■ | બૂ | ■ | ભુ | જ |
| ય | ■ | ર | દ | બા | ત | લ | ■ | મ |
| લ | ક્ષ | ■ | ■ | ર | ■ | લ | વા | દ |
| ■ | મા | હે | ર | ■ | મ | ના | ■ | ગ્નિ |
| મા | પ | ■ | જા | હે | ર | ■ | વા | ■ |
| ન | ના | મી | ■ | ર | ણ | છો | ડ | ■ |

## શબ્દ શોધ : ૫૧/૫૨નો ઉકેલ મોકલાવનારના નામ

- સરલાબેન ચંદ્રકાંતભાઈ શાહ - અમદાવાદ
- ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા - અમદાવાદ
- રાધિકા અશોકભાઈ મહેતા - ભુજ
- રશ્મિ એસ. સાવલા - ભુજ
- મહાભાઈ આર. વોરા - ભુજ
- બિંદી કેતન રાણા - અમદાવાદ
- દિલીપ કે. શાહ - ભુજ
- કોકિલાબેન જીવરામ ગોર - ભુજ
- કેતન જી. વોરા - માંડવી
- જીગરભાઈ આર. દોશી - માધાપર
- જયકિશોર પી. બુચ - ભુજ
- નીલેશ વી. શાહ - ભુજ
- વસંતબેન વજેરામ ગોર - ગાંધીનગર

## હિમાંશુ ભાઈલાલ ઠક્કર

+91 98793 01004
+91 93740 01004

**પ્રેરણા સ્ત્રોત**
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્

શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com shreeraghuvansham@gmail.com

---

Vaikunth R. Gopani M. 9426303628
B.Com. FCA. DISA 9909986171

## V. R. GOPANI & CO.

**Charaterd Accountants**

**H.O. :**
A-11, Trimurti Complex,
Station Road, Bavla-382220
Ph. (02714) 230087

**Branch :**
2, Campus Corner 2nd Floor,
Nr. Auda Garden, Prahladnagar
Ahmedabad-15.

**Resi. :**
1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahaladnagar, Ahmedabad-15
Email : vrgopani@yahoo.com

---

## જગદીશભાઈ શીવરામભાઈ મજીઠિયા (ઠક્કર)

ઉપપ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ, અમદાવાદ

**સુગર બ્રોકર :**

**મોમાઈ સુગર કોર્પોરેશન** - અશ્વિન : ૯૭૨૩૧૧૧૧૫૫
**મહાકાલ સુગર સપ્લાયર્સ** - ત્રિવિન : ૯૯૦૪૫૭૭૫૫૫
માધુપુરા માર્કેટ, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.

---



## GILL & CO. PVT. LTD.

**IMPORTERS - EXPORTERS & COTTON MERCHANT**

Registered Office : NTC House, Narottam Morarjee Marg,
Ballard Estate, P.O. Box. No. 86, Mumbai - 400 038.
Phone : (022) 2261 5001 (4 Lines)
Fax : (022) 2262 0598, 2265 5069 Telegram : "GILLCO, MUMBAI"
Email : gillco@gillcot.com

"5", Aishwarya-1, 68, B.M.M. Society, Old Sharda Mandir Railway Crossing,
Ellisbridge, Ahmedabad - 380 006.
Phone : 079 - (O) 2658 6088 (R) 2658 1733 Telefax : 079 - 2658 6088
Mobile : 98253 28836 / 93742 08010 / 93742 08011

**: BRANCHES :**
ADONI / AHMEDABAD / AMRAVATI
BHATINDA / NEW DELHI / UJJAIN

---

**આપના ફર્નિચરની દીર્ઘાયુષની ખાત્રી સાથે**
**ઈમ્પોર્ટેડ પાઈનવુડના M.R., B.W.P.,**
**ફલસડોર, બ્લોકબોર્ડ, પ્લાયવુડ**

## વિલમોર પ્લાય પ્રા.લિ.

All Products ISI

ભચાઉ-અંજાર રોડ, મુ. વરસામેડી, તા. અંજાર,
જિ. કચ્છ E-mail : willmoreply@yahoo.com

સંપર્ક :
નરસિંહભાઈ એન. પટેલ - ૯૮૨૫૨ ૪૩૫૫૭
ચંદ્રકાન્તભાઈ ઘોઘારી - ૯૮૨૫૦ ૩૨૦૫૪
અર્જુનભાઈ પટેલ - ૯૪૨૭૬ ૧૪૩૩૦



---

## AMBICA TIMBER MART

logs. lumber. select veneers.

THE AARYAN (Construction Company)
FORESTRY PRODUCTS (Export and Import)
ALL NATURAL (Agro and Mineral Products)

Opp. The Grand Bhagwati, S.G.Road, Bodakdev, Ahmedabad - 54.
Tel: 079 - 26855764, 26852438, 65416036 Fax: +91-79 - 26855804
E-mail: ambica9002@yahoo.co.in Website : www.ambicatimbermart.com

---

PARBATBHAI PATEL (M) : 98240 62711

## Shivam Packaging

## Shiv Packing Industries

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Nr. Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

● સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ ● વાસંની પટ્ટી ● H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ-બોક્સ

---

## POSITIVE ®
PLY & BOARD

-: Also Available :-
- Teak Wood
- MDF
- Liner Laminate
- Flush Door
- Veneer
- Door Skin

Amit Surani (Patel)
98244 79923

Brijesh Patel
96240 30203

RAVI ENTERPRISE

## RAVI ENTERPRISE

Sahakari Lati Bazar, Zone-2, B/h. Gita Mandir, Nr. S.T.Stand, Ahmedabad-22. Gujarat, INDIA.
Telefax : (O) + 91-79-25399423
E-mail : ravienterprise_004@yahoo.co.in

REGD. NO. GAMC/1028/2015-17 VALID UPTO 31-12-2017 • R.N.I. 46515/87, DATE : 16-3-88
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

મારુ સ્વાસ્થ્ય - મારી હોસ્પિટલ
કેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ
સીમ્સ હોસ્પિટલ - સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦.
એપોઈન્ટમેન્ટ માટે : ૯૧-૭૯-૩૦૧૦૧૨૦૦, ૩૦૧૦૧૦૦૮
મો. : +૯૧-૯૮૨૫૦ ૬૬૬૬૧ • ફેક્સ : +૯૧-૭૯-૨૭૭૧૨૭૭૦
Email : opd.rec@cims.me
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (પાંચ નંબર)
Email : info@cims.me • Web. : www.cims.me

PRARAMBH
"ek nayi Zindagi ka"
T : +91 79 40056400 | 40056401
M : +91 94262 85655 | 93741 85655
E : info@prarambhlife.com
Kailashdan Gadhavi
Prarambh Buildcon Ahmedabad LLP
307, Third floor,
3rd Eye One,
Near Panchvati,
C. G. Road,
Ahmedabad-380 006,
Gujarat, India

A WORLD OF PRECISION
The cage making business is all about precision engineering
Precisely what our customers need to set the ball rolling !
TAPER ROLLER BEARING CAGES • SPHERICAL ROLLER CAGES
BRASS MACHINED CAGES • BALL BEARING CAGES
POLYAMIDE CAGES • STAMPED AUTO COMPONENTS
HARSHA ENGINEERS
ISO/TS 16949:2002 CERTIFIED
Harsha Engineers Limited
Sarkhej-Bavla Road, Changodar,
Ahmedabad - 382 213.
Ph. : 91-2717-391200 Fax : 91-2717-391259
Email : marketing@harshaengineers.com
Visit us at : www.harshaengineers.com

MEET RUDANI
+91 9726066655
MILAP PATEL
+91 9737524821
RUDANI
INNOVATION INDUSTRIES
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

અશોક રઘુરામ ઠક્કર
કરી લો ઘર આપના પોકેટમાં
વિષ્ણુધારા હોમ્સ હવે આપના બજેટમાં.
શ્રી વિષ્ણુધારા @ Gota. HOMES
1 & 2 BHK Apartments
સાઈટ ઓફીસઃ
વોડાફોન ટાવર પાછળ, એસ.જી. હાઈવે,
ગોતા, અમદાવાદ-૮૧.
કોર્પોરેટ ઓફીસઃ બીજો માળ-૧૪, જે.બી.આર. આર્કેડ, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ-૬૦.
ફોન : ૮૮૬૬૧૦૪૪૯૯, ૮૮૬૬૩૦૪૪૯૯
ઉપલબ્ધ સુવિધાઓઃ
• ૨૪ કલાક સિક્યુરીટી ગાર્ડસ • સિનિયર સીટીઝન એરિયા
• ચિલ્ડ્રન પ્લે એરિયા • લેન્ડસ્કેપ ગાર્ડન

વિવિધ
યાદગાર પ્રસંગોએ
સ્વજનો-મિત્રોને ભેટ
આપવા જેવાં પુસ્તકો



ગુજરાતી સાહિત્યરસિકો માટે અમદાવાદમાં ગ્રંથતીર્થ સમા અમારા ત્રણ શો
ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 0
ફોન : 079-22144663, e-mail : goorjar@yahoo.c
સંસ્કાર સાહિત્યમંદિર
5, N.B.C.C. હાઉસ,
સહજાનંદ કોલેજ પાસે,
આંબાવાડી, અમદાવાદ-15
ફોન : 079-26304259
ગૂર્જર સાહિત્ય પ્રક
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઈટેનિયમ સિટીસેન્ટ
સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદ
અમદાવાદ-15 ફોન : 26934340, મો. 98252
ઈમેલ : gurjarprakashan@gma



Patel Tours & Travels
AN UNDERTAKING OF PATEL INN & TRAVELS PVT. LTD.
24 Hours Service (M) 9974378888
Head Office : 8, Shroff Chambers, Opp. Navchetan School, Paldi, Ahmedabad-380 006.
Circle P, Nr. Prahaladnagar Garden, S. G. Highway, Nr. Honest Restaurant, Ahmedabad. (M) 9925244252
Phone : 079-26576492, 26577811, 26575367, 26587811 Fax : 26576491
(M) 9925244251, 9925244252, 9925244253
Web site : www.pateltoursandtravels.com, Email : patelinn@yahoo.com
RAJKOT Ph. : 0281-2331754, 2332186, 2451210 (M) 9909022441, 9925244280
JUNAGADH Ph. : (0285) 2621158 (M) 99252 44289
BHUJ Ph. : 02832-224477, 221499, 229914 (M) 99252 44260, 99252 44258
BARODA Ph. : 0265-6541275 (M) 99252 44274, 99252 44275
BRANCH OFFICE
JAMNAGAR Ph. 0288-2552419, 2660243 (M) 99252 44261, 99090 09844
MUMBAI Ph. : 022-28950191-92-93 (M) 98330 24764, 93229 42219
BRANCH OFFICE
DAILY SERVICE / RETURN SERVICE
Contact for Hiring minibus : 2 X 2, 3 X 2, LUXURY, VOLVO COACH ETC.
A/C. NON A/C. VOLVO SLEEPER COACH AVAILABLE
JUST CALL AND BOOK TICKET
PATEL TOURS & TRAVELS ALWAYS ONE STEP AHEAD

The Name Says its all
II Radha Vallabh Group
Bonafide Brokers
138/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Phone : 22124412, 22120234, 22160418 (R) 22865419
Mobile : Chamanbhai - 9925070719, Nileshbhai - 98250 70719
Nelco Agency
137/2, Sindhi Commercial Market, Kalupur, Ahmedabad-380 002.
Amitkumar : 9879024849
Aryan Agency
Chamanbhai : 9925070719
Jaya Marketing
Hirenkumar : 9879997777
Branch Office :
A-410, City Center, Opp. Idgah Police Chowki, Prem Darwaja Road, Ahmedabad.
Web : www.bonafidebrokers.com

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/-